દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 267 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 November 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૨ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# પુલવામાનો ટેરર ડૉક્ટર દિલ્હીનો બૉમ્બર

## મૌલવી અને તબીબો ચલાવતા હતા સ્લીપર સેલ

નવી દિલ્હી: દિલ્હી બ્લાસ્ટની તપાસમાં અનેક ચોંકાવનારાં તથ્યો બહાર આવ્યા છે. એનઆઈએની ટીમે મેડિકલ કૉલેજો અને હૉસ્પિટલોમાં છાપા માર્યા તો ખબર પડી કે અમુક તબીબો અને ભૂતપૂર્વ મૌલવી મળીને એક સ્લીપર સેલ ચલાવી રહ્યા હતા. ડૉક્ટરના લોકરમાં મળેલી એકે-૪૭ અને કાશ્મીર કનેકશનને લીધે તપાસ સંસ્થાઓની ઊંઘ ઊડી ગઈ છે. ફરીદાબાદ પોલીસ અલ ફલહ યુનિવર્સિટીમાં વધુ ત્રણ ડૉક્ટરની પૂછપરછ કરી રહી છે. તપાસમાં માલૂમ પડ્યું કે મૌલવી ઈરફાન જે પહેલાં જીએમસી શ્રીનગરમાં પેરામેડિકલ સ્ટાફ અને ઈમામ હતો તેણે મેડિકલ સ્ટુડન્ટને કટ્ટરપંથી બનાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ત્રણે સંદિગ્ધ જૈશ-એ-મોહમ્મદ સાથે સંબંધ ધરાવે છે. આ ત્રણે ફરિદાબાદ-દિલ્હી મોડ્યુલનો પાયો નાખ્યો હતો. ■

## ફિદાયીન બ્લાસ્ટની શક્યતા ઓછી: ડૉ. ઉમર નબીની વિસ્ફોટની પૂરતી તૈયારી નહોતી: જૈશ-એ-મોહંમદનું કારનામું હોવાનું લાગે છે: તપાસ એનઆઈએને સોંપાઈ






નવી દિલ્હી / શ્રીનગર: લાલ કિલ્લાના ધડાકાની તપાસ કરતી પોલીસના મત મુજબ પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું હતું કે આ કહેવાતો ત્રાસવાદી હુમલો કરનારી કાર પુલવામાનો ડૉક્ટર ઉમર નબી ચલાવતો હતો અને ફરીદાબાદ ખાતેથી વિપુલ માત્રામાં મળેલા વિસ્ફોટકોની સાથે આ ત્રાસવાદી હુમલાના તાર જોડાયેલા છે. આ ઘટનાની તપાસ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ને સોંપાઇ હતી. આ હુમલો ફિદાયીન હોવાનું અત્યારે નથી લાગી રહ્યું છે. ધડાકો ઉતાવળે થયો હતો અને બૉમ્બ બ્લાસ્ટ કરવા માટે પૂરતી તૈયારી ટેરર ડૉક્ટર ઉમર નહોતો કરી શક્યો. આ બ્લાસ્ટ પાછળ ભેજું જૈશ-એ-મોહંમદ જ હોવાનું લાગે છે.

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે ‘એક્સ’ પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે મેં દિલ્હી કાર ધડાકાના સંબંધમાં ઉચ્ચ અધિકારીઓની સાથે સમીક્ષા કરવા બેઠકો યોજી હતી. મેં સુરક્ષા અધિકારીઓને દરેક આરોપીને શોધીને પકડવાની (જુઓ પાનું ૨) ▸▸





**આ જ છે એ નરાધમ:** નવી દિલ્હીમાં સોમવારે બ્લાસ્ટ કરનાર ડૉ. ઉમર નબી ટોલ નાકાના કૅમેરામાં ઝડપાઈ ગયો હતો, જ્યારે બીજી તસવીરમાં સલામતી એજન્સીએ તેના પિતાની કાશ્મીરમાંથી અટકાયત કરી હતી. (એજન્સી)



## કાવતરાખોરોને નહીં બક્ષીએ: મોદી

થિમ્પુ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે દિલ્હી વિસ્ફોટના તમામ કાવતરાખોરોને છોડવામાં આવશે નહીં. નોંધનીય છે કે દિલ્હી કારમાં થયેલા વિસ્ફોટમાં ૧૨ લોકો માર્યા ગયા હતા. ભૂતાનના ચાંગલિમિથાંગ ફેસ્ટિવલ ગ્રાઉન્ડ ખાતે એક સભાને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે સોમવારે દિલ્હીમાં થયેલા ‘ભયાનક’ વિસ્ફોટથી બધાને આઘાત લાગ્યો છે. તેમણે કહ્યું (જુઓ પાનું ૨) ▸▸



મેં સુરક્ષા અધિકારીઓને દરેક આરોપીને શોધીને પકડવાની તેમ જ તેઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી.
- કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ

## બિહારમાં એનડીએનો ઘોડો વિનમાં: ઍક્ઝિટ પોલ

નવી દિલ્હી : આઠ એક્ઝિટ પોલના જણાવ્યા પ્રમાણે બિહારમાં ભાજપની આગેવાની હેઠળની નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ) ફરી સત્તા પર આવશે. દૈનિક ભાસ્કર એક્ઝિટ પોલમાં આગાહી કરાઈ છે કે એનડીએ ૧૪૫થી ૧૬૦ બેઠક જીતશે. મેટ્રિઝે એનડીએને ૧૪૭થી ૧૬૭ બેઠક આપી હતી. જોકે નવોદિત પ્રશાંત કિશોર પોલસ્ટરને પ્રભાવિત

બિહાર એક્ઝિટ પોલ — કુલ બેઠક: ૨૪૩ — બહુમતી: ૧૨૨

| સોર્સ | એનડીએ | આરજેડી+ | જેએસપી | બીજાઓ |
|---|---|---|---|---|
| મેટ્રિઝ | ૧૪૭-૧૬૭ | ૭૦-૯૦ | ૦-૨ | ૨-૮ |
| પીપલ્સ ઈન્સાઈટ | ૧૩૩-૧૪૮ | ૮૭-૧૦૨ | ૦-૨ | ૩-૬ |
| પીપલ્સ પ્લસ | ૧૩૩-૧૫૯ | ૭૫-૧૦૧ | ૦-૫ | ૨-૮ |
| પોલસ્ટ્રાટ | ૧૩૩-૧૪૮ | ૮૭-૧૦૨ | ૦-૦ | ૩-૫ |
| જેવીસીસ પોલ | ૧૩૫-૧૫૦ | ૮૮-૧૦૩ | ૦-૧ | ૩-૬ |
| કામાખ્યા એનાલિટિક્સ | ૧૬૭-૧૮૭ | ૫૪-૭૪ | ૦-૨ | ૨-૭ |
| ચાણક્ય | ૧૩૦-૧૩૮ | ૧૦૦-૧૦૮ | ૦-૦ | ૩-૫ |
| ટીઆઈએફ રિસર્ચ | ૧૪૫-૧૬૩ | ૭૬-૯૫ | ૦-૦ | ૦-૦ |
| પી-માર્ક | ૧૪૨-૧૬૨ | ૮૦-૯૮ | ૧-૪ | ૦-૩ |
| ડીવી રિસર્ચ | ૧૩૭-૧૫૨ | ૮૩-૯૮ | ૨-૪ | ૧-૮ |
| પ્રજા પોલ એનાલિટિક્સ | ૧૮૬ | ૫૦ | ૦ | ૭ |

કરવામાં વિફળ ગયા છે. મેટ્રિઝે પ્રશાંતની પાર્ટી જેએસપીને શૂન્યથી બે બેઠક મળવાનો વરતારો આપ્યો છે, જ્યારે દૈનિક ભાસ્કર તેને શૂન્યથી ત્રણ બેઠક આપે છે. પોલસ્ટર જેવા કે ચાણક્ય સ્ટ્રેટજીસ, દૈનિક ભાસ્કર, જેવીસી મેટ્રિઝ, પી-માર્ક અને પીપલ્સ ઈન્સાઈટે પ્રશાંતની પાર્ટી દ્વિઅંકી આંકડો પાર નહીં કરે એવી આગાહી કરી છે. જેવીસી એક્ઝિટ પોલના જણાવ્યા પ્રમાણે એનડીએ ૧૩૫થી ૧૫૦ બેઠક જીતશે. પીપલ્સ પલ્સ ઈન્સાઈટનું અનુમાન કર્યું છે કે શાસક જોડાણને ઓછામાં ઓછી ૧૩૩ બેઠક મળશે.

મહાગંઠબંધનને દૂર બીજા સ્થાને આવે એવી આગાહી છે. દૈનિક ભાસ્કરે ઈન્ડિ બ્લોકને ૭૩-૯૧ બેઠક આપી છે. જેવીસીએ મહાગંઠબંધનને ૮૮-૧૦૩ બેઠક આપી છે. ■

## ૩ કલાક ૨૯ મિનિટ સુધી ડૉ. ઉમર નબી પાર્કિંગમાં કોના આદેશની રાહ જોઈ રહ્યો હતો?




**તપશીલ તપાસ:** દિલ્હીમાં સોમવારે લાલ કિલ્લા વિસ્તારમાં થયેલા વિસ્ફોટના સ્થળે વાહનોના ફૂરચેફૂરચા ઊડી ગયા હતા. ઘટનાસ્થળની તપાસ કરી રહેલી પોલીસ. (એજન્સી)

નવી દિલ્હી : પોલીસે જણાવ્યું કે, પ્રાથમિક તપાસ મુજબ કાર વિસ્ફોટ એક ફિદાયીન (આત્મઘાતી) હુમલો હોઈ શકે છે. તપાસમાં શંકાસ્પદના ઇરાદાનો ખ્યાલ આવે છે. તેમને જેવું જાણવા મળ્યું કે ફરીદાબાદ મોડ્યુલનો પર્દાફાશ થઈ ગયો છે, તેણે આત્મઘાતી હુમલાની યોજના બનાવી લીધી હતી. તમામ સંબંધિત એજન્સીઓ વિસ્ફોટ પાછળના ઉદ્દેશ્યને જાણવા માટે તમામ પાસાંઓ પર કામ કરી રહી છે. પોલીસ અનુસાર જે કારમાં વિસ્ફોટ થયો તે ઘટના પહેલા એક મસ્જિદ નજીક પાર્કિંગમાં ડૉ. ઉમર નબીની કાર ૩ કલાક ૨૯ મિનિટ સુધી ઊભી હતી. વિસ્ફોટ પહેલાની તસવીર પણ સામે આવી છે, જેમાં કાર સુનહરી મસ્જિદ પાસે રોડ પર પાર્ક થયેલી જોવા મળે છે. પોલીસ મુજબ, કાર ૧૦ નવેમ્બરે બપોરે ૩.૧૯ કલાકે પાર્કિંગમાં પ્રવેશી હતી. સાંજે ૬.૪૮ કલાકે પાર્કિંગમાંથી નીકળી હતી. જેની ચાર મિનિટ બાદ ૬.૫૨ કલાકે કારમાં વિસ્ફોટ થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ડો. ઉમર લગભગ ૩ કલાક, ૨૯ મિનિટ સુધી પાર્કિંગમાં પાર્ક કરેલી આઇ ૨૦ કારમાં બેઠો રહ્યો હતો. તે એક ક્ષણ માટે પણ કારમાં બહાર નીકળ્યો નહોતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરીદાબાદ મોડ્યુલનો ભાગ રહેલા ડો. ઉમર પાર્કિંગમાં કોઈની રાહ જોઈ રહ્યો હતો કે પછી કોઈ સૂચનાઓની રાહ જોઈ રહ્યો હતો તે સ્પષ્ટ થયું નથી. ■

## મસૂદ અઝહરની બહેનના સતત સંપર્કમાં હતી શાહીન



નવી દિલ્હી : દિલ્હી બ્લાસ્ટમાં જેની સંડોવણી હોવાની આશંકા છે તે ડો. શાહીન અંગે મોટો ખુલાસો થયો છે. હરિયાણાના ફરિદાબાદથી ધરપકડ કરાયેલી શાહીન આતંકી સંગઠન જૈશ-એ-મોહંમદની મહિલા વિંગની કમાન્ડર હતી. તેમજ તે જેશ એ મોહંમદના વડા મસૂદ અઝહરની બહેન સહિદાના સતત સંપર્કમાં હતી. તેના ઈશારે તે ભારતમાં આતંકી મહિલા બ્રિગેડ બનાવી રહી હતી. તે જેશના જમાત ઉલ મોમિનાત સંગઠન સાથે જોડાયેલી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે , લખનઊ રહેવાસી શાહીન ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાં કામ કરે છે તેવું જાણવા મળ્યું હતું. મુઝમ્મિલની માહિતી પર જમ્મુ અને કાશ્મીર પોલીસે ફરીદાબાદમાં તેની ધરપકડ કરી હતી. તેની કારમાંથી એકે-૪૭ મળી આવી હતી. આ તપાસમાં જાણવા મળ્યું કે તે પણ આતંકવાદી નેટવર્ક સાથે સંકળાયેલી હતી. ■




## સતત અભ્યાસમાં ડૂબેલો રહેતો ઉમર આતંકવાદી બને એ વાત પર વિશ્વાસ નથી: ભાભી કહે છે

શ્રીનગર : દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક થયેલા વિસ્ફોટના શંકાસ્પદ ડો. ઉમર નબીના પરિવારનું કહેવું છે કે તેમને વિશ્વાસ નથી થતો કે તે કોઈ આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ હોઈ શકે છે. પોલીસના જણાવ્યા અનુસાર, પુલવામા જિલ્લાના કોઇલ ગામના રહેવાસી ડો. ઉમર નબી એ હ્યુંદેઈ આઈ-૨૦ કાર ચલાવી રહ્યો હતો જેમાં સોમવારે સાંજે થયેલા વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા. ડો. ઉમરના ભાભી મુઝમ્મિલા અખ્તરે જણાવ્યું હતું કે તે બાળપણથી જ શરમાળ અને અભ્યાસમાં હોશિયાર હતો. ઉમર ખૂબ જ શાંત હતો, વધારે મિત્રો બનાવતો ન હતો અને હંમેશા અભ્યાસ અને કામમાં વ્યસ્ત રહેતો હતો. તે ફરીદાબાદની એક કોલેજમાં ફેકલ્ટી તરીકે કામ કરતો હતો. શુક્રવારે તેણે ફોન કરીને કહ્યું કે તે પરીક્ષામાં વ્યસ્ત છે અને ત્રણ દિવસમાં ઘરે પાછો ફરશે. મુઝમ્મિલે કહ્યું હતું કે, અમે તેને સખત મહેનત કરીને ભણાવ્યો છે જેથી તે પોતાનું અને તેના પરિવારનું ગુજરાન ચલાવી શકે. તે વિશ્વાસ કરવો મુશ્કેલ છે કે તે આવી કોઈ બાબતમાં સામેલ હોઈ શકે છે. પરિવારે કહ્યું કે ઉમર છેલ્લે બે મહિના પહેલા કાશ્મીર ગયો હતો. દરમિયાન, દિલ્હી પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિસ્ફોટમાં એમોનિયમ નાઈટ્રેટ, ફ્યુઅલ ઓઈલ અને ડિટોનેટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસને શંકા છે કે આ કેસ ફરીદાબાદમાં પકડાયેલા આતંકવાદી મોડ્યુલ સાથે જોડાયેલો હોઈ શકે છે, જ્યાં તાજેતરમાં ૨,૯૦૦ કિલો વિસ્ફોટકો અને જ્વલનશીલ સામગ્રી મળી આવી હતી. પોલીસે આ મામલામાં યુએપીએ અને વિસ્ફોટકો અધિનિયમ હેઠળ કેસ નોંધ્યો છે. ■

## ડૉ. શાહીનને સોંપાયેલી જૈશની મહિલા પાંખની કમાન

દિલ્હી બ્લાસ્ટની તપાસમાં આતંકવાદી નેટવર્કનો નવો અને ખતરનાક ચહેરો સામે આવ્યો છે. સુરક્ષા એજન્સીએ ધરપકડ કરેલી ડૉ. શાહીન શહીદને લઈને મોટો ખુલાસો થયો છે. શાહીન ભારતમાં જૈશ-એ-મોહમ્મદ મહિલા સંગઠન ‘જમાત-ઉલ-મોમિનીન’ની કમાન સોંપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે શાહિનનું કામ મહિલાની ભરતી અને બ્રેનવૉશ કરવાનું હતું. આ નેટવર્કનો સોશ્યલ મીડિયા વડે વિસ્તાર કરવામાં આવ્યો હતો. એજન્સીનું માનવું છે કે શાહીન તેના પાકિસ્તાની હેન્ડલરના સંપર્કમાં હતી. સૂત્રોનું કહેવું છે કે શાહીનને લીડર બનાવનાર જૈશ-એ-મોહમ્મદના સંસ્થાપક મસૂદ અઝહરની બહેન અને પાકિસ્તાનમાં મહિલા વિંગની ચીફ સાદિયા અઝહર છે. સાદિયાના પતિ યુસુફ અઝહર એ જ આતંકવાદી છે જે કંદહાર કાવતરાનો માસ્ટરમાઈન્ડ હતો. ■



## મેં મહિનાથી શાહીન સાથે વાત નથી કરી: પિતા

લખનઊ: લખનઊમાં એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ, લખનઉ પોલીસ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓની સંયુક્ત ટીમે દિલ્હી બ્લાસ્ટ કેસમાં અગાઉ ધરપકડ કરાયેલા ડો. શાહીન શાહિદના મુત્તકીપુર ઘરે વ્યાપક તપાસ હાથ ધરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે અધિકારીઓએ દસ્તાવેજો એકત્રિત કર્યા હતા અને શાહિન શાહિદ અંગે વધુ જાણકારી એકઠી કરવા માટે પરિવારના સભ્યો અને પડોશીઓની પૂછપરછ કરી હતી. તેના પિતા સૈયદ અહમદ અન્સારીએ પત્રકારોને જણાવ્યું હતું કે તેઓને તેણીની કથિત સંડોવણી વિશે સાંભળીને આઘાત લાગ્યો છે. મારા ત્રણ બાળકો છે. મારો મોટો દીકરો મોહંમદ શોએબ છે, જે અહીં મારી સાથે રહે છે. મારી દીકરી શાહીન શાહિદ છે અને મારો નાનો દીકરો પરવેઝ અન્સારી છે. મેં શાહીન સાથે છેલ્લી વાર લગભગ એક મહિના પહેલા વાત કરી હતી. મેં ક્યારેય તેની પાસેથી ડો. મુઝમ્મીલ કે આવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા કોઈનો ઉલ્લેખ સાંભળ્યો નથી. ■

## વાઈટ કોલર ટેરર મોડ્યુલ પાસે આટલી જંગી માત્રામાં એમોનિયમ નાઈટ્રેટ ક્યાંથી આવ્યું?

નવી દિલ્હી : સુરક્ષા એજન્સીઓ એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે કે અત્યાધુનિક ‘વાઈટ કોલર’ ટેરર મોડ્યુલ આટલી જંગી પ્રમાણમાં એમોનિયમ નાઈટ્રેટ સહિત બીજા વિસ્ફોટક પદાર્થ કઈ રીતે પ્રાપ્ત કર્યો. લાલ કિલ્લાના એરિયામાં સોમવારે થયેલા શક્તિશાળી ધડાકામાં એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની શંકા સેવાઈ રહી છે. હુમલામાં ૧૨ જણનાં મરણ થયા છે. હુમલાએ એ વાત ફરી રેખાંકિત કરી છે કે એમોનિયમ નાઈટ્રેટ જેવા પ્રતિબંધિત રસાયણ અતિ સહેલાઈથી મળી જાય છે. અધિકારીઓ તાજેતરમાં પકડાયેલા આંતર રાજ્ય સેલના પ્રાપ્તિના નેટવર્ક અને સ્થળને શોધી કાઢવા પ્રયાસ કરી રહ્યા છે.

ત્રણ ડૉક્ટર સહિત આઠ ઈસમને ૨,૯૦૦ કિલો વિસ્ફોટક પદાર્થ સાથે પકડીને જૈશે-એ-મોહમ્મદ અને અન્સાર ઘઝવત-ઉલ હિંદને સંડોવતા ટેરર મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ મોડ્યુલ કાશ્મીર, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં કાર્યરત છે.

આ રસાયણના બેવડા ઉપયોગ છે. તે લોકપ્રિય નાઈટ્રોજન ફર્ટિલાઈઝર તરીકે અને પથ્થરની ખાણમાં નિયંત્રિત સ્ફોટ કરવામાં તથા બાંધકામ ક્ષેત્રમાં વપરાય છે.

એમોનિયમ નાઈટ્રેટ વિસ્ફોટક પદાર્થ છે અને તેને પોટેશિયમ ક્લોરેટ અને ગંધક જેવા બીજા રસાયણો સાથે સંયોજિત કરવામાં આવે છે ત્યારે તે ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી)નો મુખ્ય ઘટક બને છે. આતંકવાદી જૂથો આઈઈડીનો વારંવાર ઉપયોગ કરે છે. એમોનિયમ નાઈટ્રેટની ફ્યુઅલ ઓઈલ સાથે મિશ્રિત કરવામાં આવે છે તો એ એમોનિયમ નાઈટ્રેટ ફ્યુઅલ ઓઈલ એક્સપ્લોઝિવ (એએનએફઓ) બને છે. આ વિસ્ફોટક પદાર્થને લીધે તરત જ આગનો ભડકો થાય છે.

૨૦૧૯ના પુલવામા હુમલામાં આ રસાયણ આરડીએક્સ સાથે વાપરવામાં આવ્યું હતું. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. અગાઉ પ્રતિબંધિત મુજાહીદ્દીન ટેરર જૂથે ૨૦૦૦-૨૦૧૧ દરમિયાન મુંબઈ અને દેશની રાજધાનીમાં આ રસાયણનો ઉપયોગ કરીને વિવિધ હુમલા કર્યા હતા. ■

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દિલ્હીમાં બ્લાસ્ટ, હવે આતંકવાદનો કાયમી ઉપાય જરૂરી

**જમ્મુ** અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને પગલે ઓપરેશન સિંદૂર હાથ ધરાયું પછી એવા દાવા કરાયેલા કે, આપણાં લશ્કરે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓને અને પાકિસ્તાનના લશ્કરને એવો પાઠ ભણાવ્યો છે કે, પાકિસ્તાનનું લશ્કર ભારત પર આતંકવાદી હુમલો કરાવતાં પહેલાં હજાર વાર વિચાર કરશે ને આતંકવાદીઓ તો ભારતમાં હુમલા કરવાનું સપને પણ નહીં વિચારે. મોદી સરકારના મંત્રીઓ અને ભાજપના નેતા ડંફાશો મારતા હતા કે, હવે પાકિસ્તાન ખો ભૂલી જશે. ઓપરેશન સિંદૂરની સફળતાનો જોરશોરથી આખા દેશમાં જશ્ન મનાવાયેલો. ભારતે પાકિસ્તાન સામે યુદ્ધમાં જીત મેળવી હોય એવો માહોલ પેદા કરી દેવાયેલો.

આ વાતને છ મહિના પણ થયા નથી ત્યાં દિલ્હીમાં આતંકવાદી હુમલો થઈ ગયો ને ૧૩ લોકોનાં ઢીમ ઢળી ગયાં. દિલ્હીમાં લાલ કિલ્લામાં ભારતના લશ્કરની છાવણી છે અને લાલ કિલ્લો આપણા ગૌરવનું પણ પ્રતિક છે કેમ કે આપણા વડા પ્રધાન લાલ કિલ્લા પરથી પ્રવચન આપે છે. આતંકવાદીઓએ આ લાલ કિલ્લા સામે જ કાર ઉડાવીને હાહાકાર કરી નાંખ્યો. દિલ્હીની ૧૦ નવેમ્બરની સાંજને રક્તરંજિત કરી નાખી.

કાશ્મીરના ડો. મોહમ્મદ ઉંમરે લાલ કિલ્લા પાસે કરેલા આત્મઘાતી હુમલામાં ડો. ઉમરની કારના તો ફૂરચા ઊડી જ ગયા પણ બીજી ચાર કારના પણ ફૂરચા ઊડી ગયા. નજરે જોનારાં લોકોના કહેવા પ્રમાણે, બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે, મતૃકોના શરીરના પણ ફુરચેફુરચા ઊડી ગયા હતા અને તેમનાં અંગો હવામાં ઉછળીને જમીન પર પટકાયાં હતાં. સત્તાવાર રીતે મૃતકોનો આંકડો ૧૩ ગણાવાય છે પણ મૃતકોનાં અંગો એ હદે ક્ષતવિક્ષત થઈ ગયાં કે, તેમની ઓળખ પણ શક્ય નથી બની. આ કારણે બ્લાસ્ટમાં મરાયેલાં લોકોનો આંકડો મોટો હોવાની પૂરી શક્યતા છે. ઘાયલ થયેલાં લોકોમાં પણ ઘણાં એ હદે ગંભીર રીતે ઘાયલ થયેલાં છે કે તેમની ઓળખ જ થઈ નથી શકી. આપણે ઈચ્છીએ કે તમામ ઘાયલો મોતને મહાત આપીને જિંદગીનો જંગ જીતે પણ આપણે ઈચ્છેલું બધું થતું નથી એ જોતાં મૃત્યુનો આંક વધે એવી પૂરી શક્યતા છે.

આપણા નિર્દોષ નાગરિકોની આ રીતે હત્યા થાય એ મુદ્દો બહુ મોટો છે ને તેના જેટલો જ મહત્ત્વનો મુદ્દો આ હુમલા દ્વારા આતંકવાદીઓ અને આતંકવાદીઓના આકા પાકિસ્તાને આપણને આપેલો મેસેજ છે. બલ્કે પાકિસ્તાને ભારતને સીધી રીતે પડકાર જ ફેંકી દીધો છે કે, તમારામાં તાકાત હોય તો અમારા પાલતુ આતંકવાદીઓને રોકી બતાવો અને સાફ કરી બતાવો. અત્યાર સુધી પાકિસ્તાન કાશ્મીરમાં આતંકવાદી હુમલા કરાવતું પણ આ વખતે સીધું દેશની રાજધાનીમાં ઘૂસીને લાશો ઢાળી છે તેથી પાકિસ્તાને સીધો ભારતના આત્મગૌરવ પર ઘા કર્યો છે.

ભારત આ પડકારનો શું જવાબ આપશે એ ખબર નથી પણ આખા દેશની નજર હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર છે. ઓપરેશન સિંદૂર પછી ૧૧ મેના રોજ નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સંબોધન કરતી વખતે પાકિસ્તાન પર વધુ એક લશ્કરી વિજયનો દાવો કર્યો હતો. મોદીએ ચેતવણી પણ આપી હતી કે, હવે પછી ભારતમાં ફરી આતંકવાદી હુમલો થયો તો તેનો જવાબ આ રીતે જ લશ્કરી ભાષામાં પાકિસ્તાન પર આક્રમણ કરીને આપવામાં આવશે.

મોદીના હુંકારને બરાબર છ મહિના થયા ને પાકિસ્તાને ફરી આતંકવાદી હુમલો કરાવીને સ્પષ્ટ કરી દીધું છે કે, ભારત ગમે તે કરે ને ગમે તે બોલે પણ અમે સુધરવાના નથી, અમે ભારતમાં આતંકવાદ ફેલાવવાનું ચાલુ રાખીશું. ભારતના નિર્દોષ નાગરિકોની હત્યાઓ કરવાનું ચાલુ રાખીશું.

દિલ્હીમાં બોમ્બ બ્લાસ્ટ થયો એ ઘટના બહુ મોટી છે છતાં આપણા સાહેબ નરેન્દ્ર મોદી તો રાબેતા મુજબ ભૂતાનના બે દિવસના પ્રવાસે ઉપડી ગયા. આપણા ગૃહ મંત્રી અમિત શાહ અહીં દોડાદોડી કર્યા કરે છે ને બેઠકો કર્યા કરે છે જ્યારે મોદી સાહેબ ભૂતાનમાં ઠંડક માણી રહ્યા છે. ભૂતાનમાં જઈને મોદી સાહેબે હુંકાર કરી નાખ્યો કે, દિલ્હી બ્લાસ્ટના કોઈ પણ ષડયંત્રકારને છોડવામાં નહીં આવે.

કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી પણ આવા જ હુંકાર કરાયેલા. એ વખતે ભારતીય લશ્કરે ઓપરેશન સિંદૂર હાથ ધરીને ચમકારો બતાવેલો પણ પછી અચાનક મોદી સરકારે યુદ્ધવિરામ સ્વીકારીને ઓપરેશન સિંદૂરનો વીંટો વાળી દીધેલો ને પાકિસ્તાનને સરળતાથી જવા દીધું હતું. ભારત જીતતું હતું છતાં યુદ્ધવિરામ કેમ સ્વીકારાયો એ સવાલનો જવાબ હજુ મળ્યો નથી પણ એ મુદ્દો અલગ છે.

દિલ્હીના હુમલા પરથી સ્પષ્ટ છે કે, હવે હુંકાર કરવાના ને વાતોનાં વડાં કરવાના દિવસો જતા રહ્યા છે. પાકિસ્તાન સામે આર યા પારની લડાઈ લડી લેવાનો સમય આવી ગયો છે. પાકિસ્તાન જરાય રહેમને લાયક નથી અને ભારત પાકિસ્તાન દ્વારા પોષાતા આતંકવાદનો કાયમી ઉકેલ નહીં લાવે તો આ રીતે આપણા નિર્દોષ નાગરિકો મરતા રહેશે. આપણે સર્જિકલ સ્ટ્રાઈક સહિતનાં નાનાં નાનાં પગલાં ભર્યા કરીએ છીએ તેના કારણે પાકિસ્તાન આપણને નબળું માની બેઠું છે. પાકિસ્તાનનો આ ભ્રમ દૂર કરવાનો સમય પણ આવી ગયો છે. પાકિસ્તાનને ધોળે દિવસે તારા બતાવવા જરૂરી છે.

આપણા નાગરિકોના મનમાં એક સવાલ એ પણ ઊભો થયો છે કે, આતંકવાદીઓ ખુલ્લેઆમ આપણા ઘરમાં ઘૂસીને લોકોને મારે છે પણ આપણે એ જ ભાષામાં જવાબ કેમ નથી આપી શકતા ? આપણે આતંકવાદી હુમલાના જવાબમાં સર્જિકલ સ્ટ્રાઈક્સ કરી છે ને મિલિટરી ઓપરેશન પણ કરીએ છીએ પણ એ બધું આતંકવાદી હુમલા પછી થાય છે. આતંકવાદીઓ હુમલો કરે ને આપણાં લોકોને મારે તેની રાહ જોયા કરીએ છીએ. તેના બદલે એક વારમાં જ બધું પૂરું કરી નાખવું જોઈએ.

કેન્દ્ર સરકારે પાકિસ્તાનને પાઠ ભણાવવાની સાથે સાથે દેશમાં પણ સપાટો બોલાવવો જરૂરી છે કેમ કે પાકિસ્તાન ભારતમાં રહીને કામ કરતા ગદ્દારોના જોરે જ લાશો ઢાળે છે. દિલ્હી બ્લાસ્ટમાં કાશ્મીરના ડોક્ટરે આત્મઘાતી હુમલો કર્યાનું બહાર આવ્યું છે. આ ડોક્ટરની સાથે ફરીદાબાદના ત્રણ ડોક્ટરો સંડોવાયેલા હતા ને તેમની પાસેથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો મળ્યા છે. આટલા જંગી પ્રમાણમાં વિસ્ફોટકો ભારતમાં કઈ રીતે ઘૂસી જાય છે એ વિચારવાની જરૂર છે. તેના એક દિવસ પહેલાં ગુજરાતમાંથી ત્રણ આતંકી પકડાયેલા. બીજેથી પણ આતંકીઓ પકડાય જ છે.

સવાલ એ છે કે, આ દેશના ગદ્દારોને આપણે કેમ પકડીને સાફ નથી કરી શકતા? કેમ કે એનઆઈએ, સીબીઆઈ વગેરે એજન્સીઓ રાજકારણીઓને ને સોશ્યલ મીડિયા ઈન્ફલુઅન્સર્સને સાણસામાં લેવામાં શક્તિ વેડફે છે જ્યારે ખરી જરૂર આ દેશનું ખાઈને દેશનું ખોદતા ગદ્દારોને સાફ કરવાની છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, બુધવાર, તા. ૧૨-૧૧-૨૦૨૫, કાલાષ્ટમી, કાલભૈરવ જયંતી

- ભારતીય દિનાંક ૨૧, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૫મો જમાદિલ અવ્વલ સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૫, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૭-૧૮
- ઓટઃ બપોરે ક. ૧૨-૦૯, રાત્રે ક. ૨૩-૪૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ-અષ્ટમી. કાલાષ્ટમી, કાલભૈરવ જયંતી, પ્રથમાષ્ટમી (ઓરિસ્સા).
- શુભાશુભ દિનશુદ્ધિઃ (સવારે ક. ૦૯-૩૨ પછી સામાન્ય દિવસ).
- મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્પપૂજા વિશેષરૂપે, શિવપાર્વતી પૂજા, રુદ્રાભિષેક, બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, માલ વેંચવો, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પ્રાણી પાળવા, ઘર-ખેતર જમીન, મકાન લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વિશેષરૂપે નવચંડી હવન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ સામાન્ય વ્યવહારમાં મુશ્કેલી આવે. મંગળ-બુધ યુતિ, અતિશયોક્તિ કરનારા, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, મંગળ-બુધ યુતિ (તા. ૧૩), ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૧૩), ચંદ્ર-મઘા યુતિ, બુધ-મંગળ યુતિ. ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# તમિળનાડુ પશ્ચિમ બંગાળમાં 'સર': સુપ્રીમે ચૂંટણી પંચ પાસે જવાબ માગ્યો

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) કે 'સર'નો બીજો તબક્કો શરૂ કરી દીધો છે. એસઆઈઆરના બીજા તબક્કાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે મંગળવારે ડીએમકે, સીપીઆઈ (એમ)પશ્ચિમ બંગાળ કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર ચૂંટણી પંચ પાસેથી અલગ-અલગ જવાબો માંગ્યા હતા. આ રાજકીય પક્ષો દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી આ અરજીઓમાં તમિળનાડુ અને પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર પ્રક્રિયાને પડકારવામાં આવી છે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે ચૂંટણી પંચને બે અઠવાડિયામાં નવી અરજીઓનો જવાબ આપવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે મદ્રાસ અને કલકત્તા હાઈકોર્ટને તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં 'સર' પ્રક્રિયાને પડકારતી અરજીઓ પર કોઈપણ કાર્યવાહીને સ્થગિત રાખવા કહ્યું છે. તેણે તમિળનાડુમાં એસઆઈઆરના સમર્થનમાં એઆઈએડીએમકે દ્વારા દાખલ કરવામાં આવેલી હસ્તક્ષેપ અરજીને સૂચિબદ્ધ કરવાની મંજૂરી આપી હતી.

એક ટૂંકી સુનાવણી દરમિયાન તમિળનાડુના શાસક પક્ષ ડીએમકે તરફથી કોર્ટમાં હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે આ પ્રક્રિયા યોગ્ય દિશાનિર્દેશોનું પાલન કર્યા વિના ઉતાવળમાં કરવામાં આવી રહી છે. મતદારો પાસેથી દસ્તાવેજોના વિવિધ સેટ માંગવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન તમિળનાડુમાં ઉત્તરપૂર્વીય ચોમાસું હંમેશા ભારે રહે છે અને આ ઋતુ દરમિયાન દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ પડે છે. તેમણે કહ્યું હતુ કે હવામાન વિભાગ અનુસાર, આ વર્ષે સામાન્ય કરતાં વધુ ભારે વરસાદની આગાહી છે. આને કારણે સામાન્ય લોકો પણ તેની તૈયારી કરી રહ્યા હશે અને બીએલઓ, ઇઆરઓ, એઇઆરઓ તરીકે નોંધાયેલા મહેસૂલ અધિકારીઓએ પણ પૂર રાહતનું સંચાલન કરવું પડશે.

જસ્ટિસ કાંતે કહ્યું હતું કે કે ભારત જેવા મોટા દેશમાં કેટલાક રાજ્યો હંમેશા કુદરતી આફતોનો સામનો કરશે. સિબલે કહ્યું હતું કે દક્ષિણ રાજ્યના અમુક વિસ્તારોમાં ખૂબ જ નબળી કનેક્ટિવિટી છે અને દસ્તાવેજો અપલોડ કરવામાં મુશ્કેલીઓ આવશે.તેવી જ રીતે પશ્ચિમ બંગાળમાં પણ ગ્રામીણ કનેક્ટિવિટી ખૂબ જ ખરાબ છે અને તમિળનાડુની તુલનામાં ઘણી ખરાબ છે. ■

# બિહારમાં મહિલાઓનું રેકોર્ડબ્રેક મતદાનઃ કુલ ૬૬.૯૧ ટકા વૉટિંગ

પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણીના મંગળવારે યોજાયેલા બીજા અને અંતિમ તબક્કામાં પણ ભારે (અંદાજે ૬૭.૧૪ ટકાથી વધુ) મતદાન થયું હતું. બિહારના નવાદા ખાતે મતદાન કેન્દ્રની નજીક હરીફ રાજકીય પક્ષોના ટેકેદારોની વચ્ચે અથડામણ થઇ હતી, પરંતુ તેના સિવાય કોઇ મોટો અનિચ્છનીય બનાવ નહોતો બન્યો. જોકે ગઈ કાલનું મળીને કુલ બે તબક્કામાં ૬૬.૯૧ ટકા મતદાન થયું હતું અને તેમાં ૭૧.૬ મહિલાઓએ મતાધિકારનો ઉપયોગ કરીને રંગ રાખ્યો હતો. ૬૨.૮ ટકા પુરુષ મતદારોએ મતદાન કર્યું હતું. બીજા તબક્કામાં ૧૨૨ બેઠક પર ૩.૭ કરોડ મતદાર હતા. અંતિમ તબક્કાની ચૂંટણીમાં કુલ ૧,૩૦૨ ઉમેદવાર ઊભા હતા. મુસલમાનોની બહુમતીવાળા કિશનગંજમાં સૌથી વધારે મતદાન થયું હતું. કિશનગંજમાં ૭૯ ટકાથી વધારે મતદાન થયું હતું. તે પછી પૂર્ણિયામાં ૭૩.૭૯ ટકાથી વધુ, કટિહારમાં ૭૨ ટકાથી વધુ, મતદાન થયું હતું. નવાદામાં સૌથી ઓછું મતદાન થયું હતું. અગાઉ, રાજ્યમાં બપોરના ત્રણ વાગ્યા સુધીમાં સરેરાશ ૬૦.૪ ટકા મતદાન થયું હતું.બીજા તબક્કાની ચૂંટણીમાં નીતીશકુમાર સરકારના આઠ પ્રધાન ઊભા હતા. અંતિમ તબક્કામાં જે બેઠકો પર મતદાન થયું હતું, તેમાંના ઘણાં મતવિસ્તારમાં મુસ્લિમ મતદારોની બહુમતી હતી. કોંગ્રેસે ૨૦૨૦માં જે ૧૯ બેઠક જીતી હતી, તેમાંની ૧૨ બેઠક પર મંગળવારે મતદાન હતું.

નીતીશકુમાર રાજ્ય વિધાન પરિષદના સભ્ય છે અને વિધાનસભાની ચૂંટણી લડી નથી રહ્યા, પરંતુ ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ દ્વારા નીતીશકુમારની યુતિ સરકારના 'સુશાસન'ને નામે મતદારોને રીઝવવા પ્રયાસ કર્યો હતો.

બિહારમાં છઠ્ઠી નવેમ્બરે ૧૨૧ બેઠક માટે યોજાયેલા પ્રથમ તબક્કામાં ૬૫.૦૯ ટકા મતદાન થયું હતું. (એજન્સી) ■

# અમેરિકામાં જલદી આવશે શટડાઉનનો અંત

## ડેમોક્રેટના સાંસદોના જૂથને ફોડી નાખ્યું

વૉશિંગ્ટન : સેનેટે સોમવારે સરકારને રીઓપન કરવાનો ખરડો મંજૂર કરતા ઈતિહાસના સૌથી મોટા શટડાઉનનો ઝડપથી અંત આવશે. ડેમોક્રેટિક પાર્ટીના સાંસદનાં નાનાં જૂથે તેમના પક્ષની આકરી ટીકા છતાં રિપબ્લિકન પાર્ટી સાથે શટડાઉનનો અંત લાવવા માટે એક ડીલ કરી છે.

ગૃહના સભ્યો સપ્ટેમ્બરના મધ્યથી રીસેસ ગાળી રહ્યા છે અને તેઓ મતદાન કરવા વૉશિંગ્ટન પાછા ફરે ત્યં સુધી શટડાઉન ચાલુ રહેશે. પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે આપણે ટૂંક સમયમાં ફરી ખુલી રહ્યા છીએ. સેનેટમાં ૬૦-૪૦ના મતદાને છ અઠવાડિયા લાંબી મડાગાંઠનો અંત લાવ્યો હતો. ડેમોક્રેટે માગણી કરી હતી કે પહેલી જાન્યુઆરીએ પતી રહેલી હેલ્થ ટેક્સ ક્રેડિટની રિપબ્લિકન અમારી જોડે ચર્ચા કરે. રિપબ્લિકને તો ડેમોક્રેટ સાથે કદી ચર્ચા કરી નહીં, પરંતુ પાંચ સૌમ્ય ડેમોક્રેટે પાલો બદલ્યો હતો અને રિપબ્લિકનની તરફેણમાં મતદાન કરવા તૈયાર થયા હતા. શટડાઉનને લીધે ફેડરલ ફૂડ એડમાં વિલંબ, એરપોર્ટમાં કથળતી સ્થિતિ અને હજારો કેન્દ્રિય કામદારોનાં વેતન અટકી ગયા હતા. ગૃહના સ્પીકર માઈક જોન્સને સાંસદોને તરત જ વૉશિંગ્ટન પહોંચવાની વિનંતી કરી હતી. શટડાઉનને લીધે હવાઈમથકે ફ્લાઈટ રદ થઈ રહી છે અથવા તો વિલંબ થઈ રહ્યો છે. સેનેટના મતદાન પછી સત્તાવાર નોંધમાં જણાવવામાં આવ્યું હતું કે ગૃહ વહેલામાં વહેલું બુધવારે બપોરે મતદાન કરી શકે. (એજન્સી) ■

# પ્રજામત

## કૃષ્ણ અલગ કેમ છે?

હા, કૃષ્ણ સહુથી અલગ છે.

રમતો રમવાનું નાનપણ...ધીંગામસ્તી કરવાનું બાળપણ...પણ શ્રી કૃષ્ણનો રાક્ષસો, રાક્ષસણી, ખુદના કંસમામાએ વધ કરવામાં કોઈ કસર ન છોડી. પ્રજાને કંસના ત્રાસ અને અત્યાચારમાંથી મુક્ત કરી, સાથે સાથે કૃષ્ણે રાધા સાથે પ્રેમની દોસ્તી એવી તો કરી કે ઈતિહાસમાં, મંદિરોમાં, તેઓના પ્રેમની મૂર્તિઓ પૂજાઈ રહી છે. શ્રીકૃષ્ણ કર્મફળ આપનારા, ન્યાય કરનારા, સત્યનું રક્ષણ કરનારા, જીવન જીવવાની સફરનું ચક્ર ચલાવનારા છે. ભક્તોના દુઃખ દૂર કરનારા. મહાભારતના યુદ્ધમાં પાંડવો-કૌરવોને તેમના કર્મનું ફળ ફલિત કરી તે જ પ્રમાણે યુદ્ધભૂમિ પર મૃત્યુદંડ આપ્યો અને પાંડવોનો વિજય થયા પછી પણ તેમને પણ કર્મફળ આપવામાં કોઈ કચાશ ન છોડી. છે ને સૌથી અનોખા-અદ્વિતીય-લાજવાબ-અકલ્પનીય. વહાલા કૃષ્ણનું નામ રટીને, શ્વાસોની શ્વાસમાં તેની ભક્તિ, શરણે જઈએ અને કૃષ્ણની ભક્તિમાં લીન થઈ જઈએ. રાધાની પણ પ્રેમભક્તિ કરી જીતી લઈએ દુનિયાને પ્રેમની ભાષાથી, ભક્તિની આરાધનાથી.

- હર્ષદ દડિયા, ઘાટકોપર (ઇસ્ટ)

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### પુલવામાનો ડૉ. ઉમર નબી

તેમ જ તેઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. દરમિયાન, દિલ્હીનાં મુખ્ય પ્રધાને આ ધડાકામાં મરનારી દરેક વ્યક્તિના નજીકના સગાંને રૂપિયા દસ લાખ, અંગ ગુમાવનારી ઘાયલ દરેક વ્યક્તિને રૂપિયા પાંચ લાખ અને ગંભીર રીતે ઘાયલ દરેક વ્યક્તિને રૂપિયા બે લાખની સહાય આપવાની જાહેરાત કરી હતી.

દેશની રાજધાનીમાંના ધડાકામાં મરનારા બાર જણમાં ડૉ. ઉમર નબીનો પણ સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીરની પોલીસે મરનારા ડૉક્ટરની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે તેની માતાના ડીએનએ (ડિઑક્સિરિબૉન્યૂક્લિક એસિડ)ના નમૂના લીધા હતા. કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વ હેઠળ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા મળેલી બે બેઠક બાદ તપાસ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ને સોંપાઇ હતી.

લાલ કિલ્લાના ધડાકાના સંબંધમાં પકડાયેલા આઠ જણમાંથી ત્રણ ડૉક્ટર છે. તેઓ પાસેથી ૨,૯૦૦ કિલોગ્રામ વિસ્ફોટક પકડાયો હતો. આ ત્રાસવાદી કૃત્યમાં જૈશ-એ-મોહંમદ અને અન્સાર ગઝવાતુલ હિંદ સંડોવાયા હોવાનું કહેવાય છે. આ આખું ષડ્યંત્ર કાશ્મીર, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત અનેક રાજ્યમાં ફેલાયેલું છે.

પકડાયેલા ડૉ. મુઝમ્મીલ ગનેઇ અને ડૉ. શાહીન સઇદ ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીની સાથે જોડાયેલા હતા. તેઓ પાસેથી ૩૬૦ કિલોગ્રામ એમોનિયમ નાઇટ્રેટ જપ્ત કરાયો હતો. ડૉ. શાહીન ભારતમાં જૈશ-એ-મોહંમદની મહિલા શાખામાં ભરતીનું કામ સંભાળતી હતી. તેના પિતાએ જણાવ્યું હતું કે મને મારી દીકરીની ધરપકડના સમાચાર પ્રસારમાધ્યમથી જ મળ્યા હતા. મેં મારી દીકરીની સાથે છેલ્લે એક મહિના પહેલાં વાત કરી હતી.

દિલ્હી પોલીસ, એનઆઇએ અને ઇન્ટેલિજન્સ એજન્સીઓ દ્વારા દિલ્હી અને કાશ્મીરમાં અનેક સ્થળે તપાસ ચાલી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજ તપાસાઇ રહી છે. દેશની રાજધાનીમાં પ્રવેશતા દરેક વાહનની બારીકાઇથી ચકાસણી કરાઇ રહી છે. (એજન્સી) ■

### કાવતરાખોરોને

હતું કે, ''હું વિસ્ફોટથી પ્રભાવિત લોકોના દુઃખને સમજું છું.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આખો રાષ્ટ્ર પીડિતોના પરિવારો સાથે ઉભો છે.

વડા પ્રધાને કહ્યું હતું કે, ''આ વિસ્ફોટ માટે જવાબદાર તમામ લોકોને છોડવામાં આવશે નહીં.'' મોદીએ કહ્યું હતું કે તેમણે સોમવારે રાતભર વિવિધ એજન્સીઓ અને વિસ્ફોટની તપાસમાં સામેલ લોકો સાથે બેઠકો કરી હતી. આપણી એજન્સીઓ કાવતરાંના મૂળિયા સુધી પહોંચશે અને કોઈ પણ કાવતરાખોરને બક્ષવામાં આવશે નહીં. ■

# નિઠારી હત્યાકાંડઃ સુરેન્દ્ર કોળીની મુક્તિનો માર્ગ મોકળો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે નિઠારી હત્યાકાંડના એક કેસમાં સુરેન્દ્ર કોળીને દોષિત ઠેરવવા બદલ તેની ક્યુરેટિવ અરજીને મંજૂરી આપીને નિર્દોષ જાહેર કર્યો હતો, જેનાથી તેની મુક્તિનો માર્ગ મોકળો થયો હતો.

કોલીને અગાઉ અન્ય નિઠારી હત્યાકાંડના કેસોમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.

૨૯ ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ નોઈડાના નિઠારી ખાતે ઉદ્યોગપતિ મોનિન્દર સિંહના પંઢેરના ઘરની પાછળના નાળામાંથી આઠ બાળકના હાડપિંજરના અવશેષો મળી આવતા નિઠારી હત્યાકાંડ પ્રકાશમાં આવ્યો હતો. તે સમયે કોળી પંઢેરના ઘરે ઘરેલુ નોકર હતો.

મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ સૂર્યકાંત અને વિક્રમ નાથની બનેલી બેન્ચ દ્વારા આ આદેશ આપવામાં આવ્યો હતો, જેમણે ઓપન કોર્ટમાં કોળીની અરજીની સુનાવણી કરી હતી.

ઉપર નોંધાયેલા કારણોસર, ક્યુરેટિવ અરજીને મંજૂરી આપવામાં આવે છે, એમ ન્યાયાધીશ નાથે આદેશ જાહેર કરતા કહ્યું હતું.

સુપ્રીમ કોર્ટે આ કેસમાં કોળીને નિર્દોષ જાહેર કર્યો હતો અને તેના પર લાદવામાં આવેલી સજા અને દંડ રદ કર્યો હતો.

જો અન્ય કોઈ કેસમાં કે કાર્યવાહીમાં જરૂરી ન હોય તો અરજદારને તાત્કાલિક મુક્ત કરવામાં આવશે, એમ બેન્ચે કહ્યું હતું.

કોળીને નોઈડાના નિઠારી ગામમાં ૧૫ વર્ષની છોકરી પર બળાત્કાર અને હત્યા માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો, અને ફેબ્રુઆરી ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટે તેની સજાને સમર્થન આપ્યું હતું. તેની સમીક્ષા અરજી ૨૦૧૪માં ફગાવી દેવામાં આવી હતી. ■

# ભારત સાથે ટૂંક સમયમાં વેપારના કરાર કરીશું, ટૅરિફ ઘટાડીશુંઃ ટ્રમ્પ

## 'મોદી સાથે મારા બહુ સારા સંબંધ છે'

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકા ભારત સાથે 'વાજબી વેપાર-કરાર' કરવાની ઘણી નજીક છે અને ભારતથી આયાત કરાતા માલસામન પરની ટૅરિફમાં 'એક તબક્કે' ઘટાડો કરીશું. ભારત 'મહત્ત્વ'નું અર્થતંત્ર ધરાવતો દેશ છે અને તેના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મારા 'બહુ સારા' સંબંધ છે.

અમેરિકાના પ્રમુખે બે અઠવાડિયાં કરતાં ઓછા સમયમાં આ બીજી વખત ભારત સાથેના વેપાર-કરાર ટૂંક સમયમાં થવાના હોવાનું કહ્યું હતું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે મારા ભારતના વડા પ્રધાન મોદીની સાથે 'બહુ સારા' સંબંધ છે. ભારત 'મહત્ત્વ'નું અર્થતંત્ર ધરાવતું રાષ્ટ્ર અને સલામતીની દૃષ્ટિએ હિંદ-પ્રશાંત વિસ્તારમાંનું વ્યૂહાત્મક ભાગીદાર છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા ભારતની સાથે બહુ જ જલદી વેપાર-કરાર કરવાનું છે. આ કરાર અગાઉના કરાર કરતાં બહુ અલગ હશે. તેઓ (ભારતીયો) હાલમાં મને પ્રેમ નથી કરતા, પણ તેઓ ફરી મને ચાહવા લાગશે.

ભારત ખાતેના અમેરિકી એલચી સર્ગીઓ ગોરની શપથવિધિ વખતે ટ્રમ્પે જણાવ્યું હતું કે સર્ગીઓ (ગોર)ના મોદી સાથે બહુ જ સારા સંબંધ છે. બન્ને સારા મિત્ર છે.

ઑવલ ઑફિસ ખાતે યોજાયેલા એક સમારંભમાં ઉપપ્રમુખ જે. ડી. વેન્સે સર્ગીઓ ગોરને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે વિદેશ પ્રધાન માર્કો રુબિયો, નાણાં પ્રધાન સ્કોટ બેસન્ટ વગેરે હાજર રહ્યા હતા. (એજન્સી) ■

# ઈસ્લામાબાદમાં કોર્ટની બહાર ફિદાયીન ધડાકોઃ ૧૨ મોત

## અફઘાનિસ્તાન સાથેની શાંતિમંત્રણા નિષ્ફળ ગયાના ગણતરીના દિવસોમાં જ વિસ્ફોટ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનની રાજધાનીમાં કોર્ટની બહાર મંગળવારે થયેલા આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા અને ૨૦ જણ ઘાયલ થયા હતા, એમ રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું.

રાજધાનીના જી૧૧ વિસ્તારમાં કોર્ટ સંકુલના પ્રવેશદ્વાર પાસે આ હુમલો થયો હતો.

રાજ્ય સંચાલિત પાકિસ્તાન ટેલિવિઝને અહેવાલ આપ્યો છે કે બચાવ અધિકારીઓએ ૧૨ મૃતદેહો બહાર કાઢ્યા છે.

વિસ્ફોટમાં માર્યા ગયેલા ૧૨ વ્યક્તિના મૃતદેહોને પાકિસ્તાન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, એમ એક્સ પર જણાવ્યું હતું. તેમાં ઉમેર્યું હતું કે ૨૦ ઘાયલ વ્યક્તિને હોસ્પિટલના ઇમર્જન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યા છે. પાકિસ્તાન ટેલિવિઝને વધુમાં અહેવાલ આપ્યો હતો કે તે એક આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ હતો. આત્મઘાતી બોમ્બરનું માથું રસ્તા પર પડેલું મળી આવ્યું હતું .

કોઈ જૂથ કે વ્યક્તિએ વિસ્ફોટની જવાબદારી સ્વીકારી નથી, પરંતુ પાકિસ્તાન અને અફઘાન તાલિબાન વચ્ચે ત્રીજા રાઉન્ડની વાતચીત અફઘાનિસ્તાનમાંથી ઉદ્ભવતા આતંકવાદના મુદ્દાને ઉકેલવા માટે કોઈ કરાર પર પહોંચવામાં નિષ્ફળ ગયાના દિવસો પછી આ હુમલો થયો હતો.

ગૃહ પ્રધાન મોહસીન નકવીએ વિસ્ફોટ સ્થળની મુલાકાત લીધી હતી અને ગુનેગારોને ન્યાય અપાવવાની વાત કરી હતી. ■

# અમદાવાદથી ઝડપાયેલા આતંકીઓએ શહેરમાં રેકી કરી હતીઃ તપાસમાં ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં ગુજરાત એટીએસે અડાલજથી ત્રણ આતંકીઓને ઝડપ્યા હતા, હાલ તેમની પૂછપરછ ચાલી રહી છે. જેમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આતંકવાદીઓએ અમદાવાદના નરોડામાં ફ્રૂટ માર્કેટ આજુબાજુના વિસ્તારની રેકી કરી હતી. આ ઉપરાંત મુખ્ય ટાર્ગેટ લખનઊનું આરએસએસ મુખ્ય કાર્યાલય હતું, તેની પણ રેકી કરવામાં આવી હતી. દિલ્હીના આઝાદ મેદાન આજુબાજુના વિસ્તારની પણ રેકી કરી તેના ફોટા અને વીડિયો પણ તેઓએ કેપ્ચર કર્યા હતા.

હૈદરાબાદમાં રહેતો આતંકી અહેમદ સૈયદ દોઢ મહિના પહેલા પણ અમદાવાદ આવ્યો હતો અને કલોલ પાસેથી રોકડ ભરેલું પાર્સલ લઇને પરત ગયો હતો. ગુજરાત એટીએસના સ્ટાફે કલોલના શેરથા પાસેથી ચાર દિવસ પહેલા ડો. અહેમદ સૈયદ નામના એક આતંકીને હથિયાર સાથે ઝડપી લીધા બાદ આઝાદ શેખ અને મોહમંદ સુહેલ સલીમ ખાન નામના આતંકીઓની ધરપકડ કરી હતી. અહેમદ સૈયદ પાસેથી હથિયાર જપ્ત કર્યાં હતાં, જેને પાકિસ્તાન બોર્ડરથી ડ્રોન મારફતે ભારતમાં ઘૂસાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, એક સાથે ચાર લિટર કેસ્ટર ઓઇલ મળી આવ્યું હોવાથી સઘન પૂછપરછમાં તેણે ચોંકાનવારો ખુલાસો કર્યો હતો કે તે સાઇનાઇટ કરતા પણ વધુ ખતરનાક રાઇઝીન નામનું ઝેરી કેમિકલ તૈયાર કરતો હતો. જેનો ઉપયોગ મોટી આતંકી ઘટનાને અંજામ આપવા માટે કરવાના હતા.

એટીએસના અધિકારીઓએ ડો.અહેમદ સૈયદની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે દોઢ મહિના પહેલા અમદાવાદ આવ્યો હતો અને અહીથી રોકડ સાથે લઈ ગયો હતો, જેનો ઉપયોગ તેણે રાઇઝીન નામનું ઝેર બનાવવા માટે કર્યો હતો. અમદાવાદમાં તે લાલ દરવાજા સ્થિત એક હોટલમાં રહ્યો હતો અને નરોડા ફ્રૂટ માર્કેટની રેકી કરી હોવાનું જાણવા મળ્યું હતું. એટીએસના અધિકારીઓએ લાલ દરવાજા સ્થિત હોટલના માલિકની પૂછપરછ કરવાની સાથે સીસીટીવી એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. તેમજ નરોડા ફ્રૂટ માર્કેટના સીસીટીવી અંગે કડી મેળવવામાં આવી હતી.

## દિલ્હી બ્લાસ્ટઃ અંબાજી, સોમનાથ અને દ્વારકા સહિતનાં યાત્રાધામોની સુરક્ષામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીમાં થયેલા બોમ્બ બ્લાસ્ટની ગંભીર ઘટના બાદ ગુજરાત પોલીસ તંત્ર હાઇ એલર્ટ પર આવી ગયું હતું. રાજ્યના પોલીસ વડાએ જણાવ્યું હતું કે બ્લાસ્ટની ઘટનાને ધ્યાને લઈને, ગુજરાત પોલીસ સંપૂર્ણપણે સતર્ક અને તકેદારીના મોડ પર છે. તેમણે નાગરિકોને પણ સતર્ક રહેવા અને કોઈ શંકાસ્પદ ગતિવિધિ જણાય તો તુરંત સ્થાનિક પોલીસને જાણ કરવા અપીલ કરી હતી, સાથે જ અફવાઓથી દૂર રહીને માત્ર ચકાસાયેલી માહિતી પર જ વિશ્વાસ કરવા અનુરોધ કર્યો હતો.

આ એલર્ટના પગલે, કચ્છ બોર્ડર રેન્જમાં સુરક્ષા વ્યવસ્થાને સઘન બનાવવામાં આવી છે. બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયાએ કચ્છ, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના વાઈટલ ઈન્સ્ટોલેશનની સુરક્ષા વધારવા આદેશ આપ્યો હતો. આ ઉપરાંત, ક્રાઈમ બ્રાન્ચો અને એસઓજીને પણ વિશેષ તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી હતી. ભુજમાં આવેલા આરએસએસ વડા મોહન ભાગવત સહિતના વીવીઆઈપીની મૂવમેન્ટની સિક્યોરીટીને સઘન બનાવવા અને ચારેય જિલ્લાના હેડ ક્વાર્ટરમાંથી વધારાનો પોલીસ સ્ટાફ મહત્ત્વના પોઈન્ટ્સ પર તૈનાત કરવા સૂચના આપવામાં આવી હતી, જ્યાં કડક નાકાબંધી લાગુ કરવામાં આવી હતી.

રાજ્યના મુખ્ય યાત્રાધામોની પણ સુરક્ષા સતર્ક કરવામાં આવી હતી. અંબાજી, સોમનાથ અને દ્વારકા સહિતના યાત્રાધામોની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં ભદ્રકાળી મંદિર પાસે ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. દિલ્હી બ્લાસ્ટને ધ્યાનમાં લઈને વલસાડ જિલ્લા એસપીના આદેશ અનુસાર, જિલ્લાની તમામ હોટલોમાં સઘન ચેકિંગ અને આંતર રાજ્ય વાહનોની સઘન ચકાસણી શરૂ કરવામાં આવી હતી. શંકાસ્પદ વાહનો અને લોકોના સરનામાં ચકાસવાના આદેશ પણ આપવામાં આવ્યા હતા. તે ઉપરાંત ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી હતી અને સમગ્ર જિલ્લામાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

## રાજકોટમાં આવેલા ક્રિકેટરોની સલામતી વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ૧૩ નવેમ્બરથી શરૂ થનારી ભારત 'એ' અને દક્ષિણ આફ્રિકા 'એ' વચ્ચેની ત્રણ વન-ડે મેચની શ્રેણી માટે સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી હતી.

દિલ્હીમાં તાજેતરમાં બનેલી કાર બ્લાસ્ટની ઘટનાને પગલે રાજકોટમાં આવેલ ક્રિકેટરોની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. બંને ટીમના ખેલાડીઓ જેમાં પ્રસિદ્ધ ક્રિષ્ના, રિયાન પરાગ, ખલીલ અહેમદ સહિતના ખેલાડીઓનો સમાવેશ થાય છે. તેઓ શહેરની સયાજી હોટલ ખાતે રોકાયા છે, જ્યાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા મેચની તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી રહી છે, પરંતુ સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

## ગૃહ વિભાગની સૂચનાઃ રાજકોટ-ભાવનગરમાં પોલીસ દ્વારા સઘન ચેકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીમાં કારમાં થયેલા બ્લાસ્ટની ઘટનાના પગલે રાજ્ય સરકારના ગૃહ વિભાગે તમામ શહેરના પોલીસ વડાઓને સઘન બંદોબસ્ત અને ચેકિંગ હાથ ધરવાની સૂચના આપી છે. આ સૂચનાના અનુસંધાને રાજકોટ પોલીસ એક્શનમાં આવી છે અને શહેરનાં મુખ્ય સ્થળો જેવા કે એસ.ટી. સ્ટેશન, રેલવે સ્ટેશન તેમજ ભક્તિનગર સર્કલ પાસે વાહનોનું ઝીણવટભર્યું ચેકિંગ હાથ ધર્યું હતું. સુરક્ષાના ભાગરૂપે કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે પોલીસ સતર્ક બની છે અને રસ્તા પર જતાં શંકાસ્પદ વાહન ચાલકોનું પણ સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

આ સાથે જ, ભાવનગર જિલ્લામાં પણ પોલીસ દ્વારા ખાસ ટીમો બનાવીને સઘન સુરક્ષા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ભાવનગર એસ.ઓ.જી., ક્વીક રિસ્પોન્સ ટીમ, ડોગ સ્કવોર્ડની ટીમો દ્વારા રેલવે સ્ટેશન, એસ.ટી. બસ ડેપો, હિમાલીયા મોલ, ડી માર્ટ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં સ્નિફર ડોગની મદદથી ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવ્યું હતું. વળી, ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા તમામ થાણા અધિકારીઓ અને પોલીસ અધિકારીઓને હેડ ક્વાર્ટર ન છોડવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે, જેથી કોઈપણ પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ આપી શકાય.

## અમદાવાદમાં નવેમ્બરમાં ડિસેમ્બર જેવો માહોલઃ ઠંડીએ ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માવઠા બાદ તાપમાનનો પારો ગગડતાં રાજ્યભરમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદમાં આ વર્ષે ઠંડી વહેલી શરૂ થઈ ગઈ છે. આઈએમડી અનુસાર, ૭ નવેમ્બરના રોજ શહેરમાં લઘુતમ તાપમાન ૧૪.૭ ડિગ્રી નોંધાયું હતું, જે છેલ્લા એક દાયકામાં નવેમ્બરની સૌથી ઠંડી શરૂઆત હતી. સોમવારે પણ ઠંડી યથાવત રહી હતી અને લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી પર પહોંચ્યું હતું, જે સામાન્ય કરતાં લગભગ ત્રણ ડિગ્રી ઓછું હતું. દિવસ દરમિયાન મહતમ તાપમાન ૩૧.૪ ડિગ્રી રહ્યું હતું, જે સામાન્ય કરતાં ૨.૬ ડિગ્રી ઓછું હતું.

છેલ્લા ૧૦ વર્ષોમાં, અમદાવાદનું તાપમાન નવેમ્બરના પહેલા પખવાડિયામાં ભાગ્યે જ ૧૫.૬ ડિગ્રીથી નીચે ગયું છે. સામાન્ય રીતે, ઠંડા પવનની શરૂઆત મહિનાના છેલ્લા અઠવાડિયામાં જ થાય છે, પરંતુ આ વખતે ઠંડી લગભગ ત્રણ અઠવાડિયા વહેલી આવી છે. ૨૦૨૩માં નવેમ્બરના અંતમાં ૧૫ ડિગ્રીને સ્પર્શ્યું હતું. છેલ્લી વખત અમદાવાદમાં આટલી વહેલી ઠંડી નવેમ્બર ૨૦૧૫ માં જોવા મળી હતી, જ્યારે તાપમાન ૧૩ ડિગ્રી પર પહોંચ્યું હતું, પરંતુ તે પણ છેલ્લા અઠવાડિયામાં નોંધાયું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, "આ વર્ષનો ઘટાડો ચોક્કસપણે સામાન્ય કરતાં વહેલો છે. સ્વચ્છ આકાશ, સૂકી હવા અને ઉત્તર-પશ્ચિમના પવન રાત્રિ દરમિયાન ગરમીને ઝડપથી બહાર નીકળવામાં મદદ કરી રહ્યા છે. આ લઘુત્તમ તાપમાનમાં ઝડપી ઘટાડા માટે આદર્શ પરિસ્થિતિઓ છે. આ વલણ આવનારા આકરા શિયાળાના સંકેત આપે છે. આ વખતે વધુ ઠંડી સિઝન જોવા મળી શકે છે.

## ગુજરાતમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ પુરજોશમાંઃ ૩.૯૦ કરોડ ફોર્મનું વિતરણ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાલમાં ચાલી રહી છે, જેનો ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલશે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શન હેઠળ અને મુખ્ય નિર્વાચન અધિકારીની આગેવાનીમાં મુખ્ય ચૂંટણી કચેરીની ટીમ રાજ્યભરના અધિકારીઓને માર્ગદર્શન આપી રહી છે અને કામગીરી પર સતત નજર રાખી રહી છે.

રાજ્યભરમાં ફરજ બજાવતા ૫૦,૯૬૩ બીએલઓ દ્વારા અત્યાર સુધીમાં ૩.૯૦ કરોડ ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ થયું છે. તેઓ ઘરોની ત્રણ વખત મુલાકાત લઈને ગણતરી ફોર્મનું વિતરણ, મતદારોના નામ મેચિંગ/લિંકિંગમાં મદદ અને નવા મતદારોને નામ ઉમેરવાની પ્રક્રિયાથી માહિતગાર કરવા જેવી અગત્યની કામગીરી નિભાવી રહ્યા છે.

રાજ્યમાં કુલ ૫.૦૮ કરોડ મતદારો નોંધાયેલા છે. જેમાં તારીખ ૧૧ નવેમ્બર સુધીની ઉપલબ્ધ વિગતો અનુસાર, બીએલઓ દ્વારા રૂબરૂ, મોબાઇલ એપ્લિકેશન અને ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે.

## વડોદરાની વર્લ્ડ કપ વિજેતા રાધા યાદવે સીએમ ભૂપેન્દ્ર પટેલ સાથે કરી શુભેચ્છા મુલાકાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં મહિલા વર્લ્ડ કપમાં વિશ્વ વિજેતા બનેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ખેલાડી અને વડોદરાનું ગૌરવ રાધા યાદવે આજે ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

વડોદરાના આ ઓલ રાઉન્ડર ખેલાડીએ વર્ષ ૨૦૧૮માં દક્ષિણ આફ્રિકા મહિલા ટીમ સામેની મેચમાં ભારતીય મહિલા ટીમમાં સ્થાન મેળવીને ૨૦-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાધા યાદવને શાલ ઓઢાડીને તેમનું બહુમાન કર્યું હતું. તેમણે મહિલા વર્લ્ડ કપ ક્રિકેટમાં ભારતીય મહિલા ટીમના શાનદાર પ્રદર્શન બદલ રાધા યાદવને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની વધુ ઉજજવળ કારકિર્દી માટે શુભકામનાઓ આપી હતી.

## સીએમ ભૂપેન્દ્ર પટેલ આજે ગુજરાતમાં 'ઈ-નોટરી' સિસ્ટમનો પ્રારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારના કાયદા વિભાગ અને ગુજરાત બાર કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે આજે ગાંધીનગર ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આ સમારોહમાં નોટરી તરીકે પસંદગી પામેલા ૧,૫૦૦થી વધુ એડવોકેટોને પ્રમાણપત્રો એનાયત કરશે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન દ્વારા નોટરી પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવશે, જેના દ્વારા રાજ્યમાં તબક્કાવાર ઈ-નોટરી સિસ્ટમ વિકસાવવાનો પ્રારંભ કરવામાં આવશે. આ ડિજિટલ પહેલ કાયદાકીય પ્રક્રિયાઓને વધુ સરળ અને કાર્યક્ષમ બનાવશે.

ગાંધીનગરની નેશનલ લો યુનિવર્સિટીના ઔરા ઓડિટોરિયમમાં આજે સવારે ૧૧ કલાકે યોજાનારા આ પ્રમાણપત્ર વિતરણ સમારોહમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી, કાયદા રાજ્ય પ્રધાન કૌશિક વેકરિયા, રાજ્યના એડવોકેટ જનરલ તેમજ આમંત્રિતો અને વકીલો મોટી સંખ્યામાં સહભાગી થશે.

## ખેડૂતોને મોટી રાહતઃ એસડીઆરએફનાં ધોરણોથી ઉપર જઈને ₹ ૯૪૭ કરોડની સહાયમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગત ઑગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં પડેલા અતિભારે કમોસમી વરસાદમાં જૂનાગઢ, વાવ-થરાદ, કચ્છ, પંચમહાલ અને પાટણ જિલ્લાના ખેતી પાકોમાં વ્યાપક નુકસાન જોવા મળ્યું હતું. આ નુકસાનમાં ખેડૂતોને આર્થિક મદદ પૂરી પાડવાના આશય સાથે તાત્કાલિક ધોરણે સર્વે હાથ ધરીને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૯૪૭ કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી.

આ કૃષિ રાહત પેકેજમાં અસરગ્રસ્ત ખેડૂતોને એસડીઆરએફના ધારાધોરણો મુજબ ૩૩ ટકાથી વધુ નુકસાન હોય તેવા ખેડૂતોને સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમાં બિનપિયત પાક માટે રૂ. ૧૨,૦૦૦ પ્રતિ હેક્ટર, પિયત પાક માટે રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર તેમજ બહુવર્ષાયુ પાકો માટે રૂ. ૨૭,૫૦૦ પ્રતિ હેક્ટર સહાય જાહેર કરવામાં આવી હતી.

કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ આ સંદર્ભે લેવાયેલા નિર્ણય અંગે જણાવ્યું હતું કે, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ અસરગ્રસ્ત વિસ્તારમાં નુકસાનની તીવ્રતાને ધ્યાને લઈને સહાયમાં વધારો કરવા અંગે રજૂઆત કરી હતી. આ બાબતે ખેડૂતોના હિતને તેમણે પ્રાધાન્ય આપ્યું હતું. આ ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારના વિવિધ ધારાસભ્ય સહિતના અગ્રણીઓએ પણ સહાયમાં વધારો કરવા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતને ધ્યાને લઈને બિનપિયત અને પિયત પાક બંનેને એક સમાન રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય બે હેક્ટરની મર્યાદામાં આપવાનો રાજ્ય સરકાર દ્વારા ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો હોવાનું પ્રધાને ઉમેર્યું હતું. તે ઉપરાંત વાવ-થરાદ અને પાટણ જિલ્લામાં ભારે વરસાદમાં પાણી ભરાયેલા હોય તેમજ રવી ઋતુમાં વાવેતર થઈ શકે તેમ ન હોય તેવા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા ખાસ કિસ્સામાં રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ૨ હેક્ટરની મર્યાદામાં સહાય આપવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. ખેડૂતો આ કૃષિ રાહત પેકેજ હેઠળ સહાય મેળવવા અરજી કરી શકે તે માટે આજે તા. ૧૧ નવેમ્બરથી આગામી ૧૫ દિવસ સુધી કૃષિ રાહત પેકેજ પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. અસરગ્રસ્ત ખેડૂતોએ પોતાના ગામના વીસીઇના માધ્યમથી સમયમર્યાદામાં કૃષિ રાહત પેકેજ પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

## અમદાવાદમાં ૧૩ વર્ષની સગીરા પર ડિલિવરી બોયએ દુષ્કર્મ આચર્યાની ફરિયાદથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચાંદખેડા વિસ્તારમાં એક ૧૩ વર્ષીય સગીરા પર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઇ છે. ડિલિવરી બોયે ચિઠ્ઠી લખીને સગીરાને મોબાઈલ નંબર આપ્યા બાદ મિત્રતા કેળવી હતી અને દુષ્કર્મ આચર્યું હતું. પરિવારે ફરિયાદ નોંધાવતા આરોપી ઉજજૈન નાસી ગયો હતો.

મળતી વિગતો અનુસાર, અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ડિલિવરી બોયે ૧૩ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ ચોપડે ફરિયાદ નોંધાતા વેંત જ આરોપી ઉજજૈન નાસી છૂટયો હતો, જેને ચાંદખેડા પોલીસે દબોચી લીધો હતો.

પોલીસ તરફથી મળેલી વિગતો અનુસાર, ડિલિવરી બોય તરીકે કામ કરતો જય પરમાર નામનો આરોપી સગીરાની સોસાયટીમાં ઓર્ડરની ડિલિવરી આપવા આવતો હોય આ દરમિયાન આરોપી સગીરા સાથે સંપર્ક કરવા માટે કાગળમાં મોબાઇલ નંબર લખીને આપ્યો હતો. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા કેળવાઈ હતી અને સોશ્યલ મીડિયાના માધ્યમથી બંને એકબીજાના સંપર્કમાં આવ્યા હતા.

એક દિવસ ઘરેથી બહાનું બનાવીને સગીરા આરોપીને મળવા ગઈ હતી અને આ દરમિયાન આરોપીએ સાથે શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં સગીરાએ ઘરે આવીને જાણ કરી હતી અને આથી પરિવારે તાત્કાલિક ચાંદખેડા પોલીસ સ્ટેશન પહોંચ્યા અને આરોપી જય પરમાર વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

## ખનીજ માફિયાઓ બેફામઃ ગાંધીનગરમાં ડમ્પર જપ્ત કરવા ગયેલા મહિલા રોયલ્ટી ઇન્સ્પેક્ટર સાથે ગેરવર્તણૂક

### ફોર્ચ્યુનર અને ક્રેટાનો કાફલો બનાવી અવરોધ ઊભો કરી ડમ્પરને ભગાડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ગેરકાયદે ખનીજ ચોરી અને વહન કરનારા માફિયાઓ કેટલા બેફામ બન્યા છે, તેનો વધુ એક કિસ્સો ગાંધીનગર-છત્રાલ હાઇવે પર સામે આવ્યો હતો. મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની કચેરીમાં ફરજ બજાવતા મહિલા રોયલ્ટી ઇન્સ્પેક્ટર દેવયાનીબા જાડેજા અને તેમના સ્ટાફ પર ડમ્પર છોડાવવા આવેલા ત્રણથી વધુ ઇસમોએ હુમલો કરીને સરકારી કામમાં અવરોધ ઊભો કર્યો હતો. આ ઘટનામાં રોયલ્ટી ઇન્સ્પેક્ટરે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

એફઆઇઆરની વિગતો અનુસાર, રોયલ્ટી ઇન્સ્પેક્ટર દેવયાનીબા જાડેજા, ડ્રાઇવર વિપુલભાઈ રાવળ અને સિક્યુરિટી ગાર્ડ સાથે ગાંધીનગર-છત્રાલ હાઇવે પર રૂટિન ચેકિંગમાં હતા. તે દરમિયાન એશિયન ટ્યુબ્સ પ્રાઇવેટ લિમિટેડના ગેટ પાસે ડમ્પરમાં ૪૩.૪૪ મેટ્રિક ટન સાદી રેતી ખનીજ રોયલ્ટી પાસ વગર ભરેલું જોવા મળ્યું હતું. રોયલ્ટીના આધાર-પુરાવા માંગતા ડ્રાઇવરે રોયલ્ટી લીધી ન હોવાનું જણાવતા ડમ્પરને જપ્ત કરી આગળની કાર્યવાહી માટે કલેક્ટર કચેરી લઈ જવામાં આવી રહ્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન, કલોલ ઓવરબ્રિજ પાસે બે બાઇક પર સવાર ત્રણ ઇસમોએ આવીને ડમ્પરના ડ્રાઇવરને ઇશારો કરીને ગાડી રોડની સાઈડમાં ઊભી રખાવી હતી. આ ઇસમોએ ડ્રાઇવરના 'શેઠ' સાથે વાત કરવા જણાવ્યું હતું. બાદમાં લાલ ટી-શર્ટ પહેરેલ એક વ્યક્તિ સરકારી ગાડી પાસે આવ્યો અને ડમ્પરને ભગાડવા માટે ડ્રાઇવરને ઈશારો કર્યો હતો, જેના પગલે ડ્રાઇવર ડમ્પર લઈને ભાગી ગયો.

સરકારી સ્ટાફ દ્વારા પીછો કરવામાં આવતા, રસ્તામાં બ્લેક ફોર્ચ્યુનર અને સફેદ ક્રેટા જેવી ગાડીઓ ધીમી ગતિએ ચાલીને સરકારી ગાડીને અવરોધતી હતી, જેનો ઈરાદો ડમ્પરને ભાગી છૂટવામાં મદદ કરવાનો હતો.

આખરે, કલોલના સઈજ ગામમાં ડમ્પર રેતી ખાલી કરતું જોવા મળ્યું હતું. ત્યાં સફેદ ગાડી દ્વારા રસ્તો રોકીને અવરોધ પેદા કરાયો હતો. ત્યાર બાદ, અન્ય એક ગાડીમાંથી આવેલા એક ઈસમે મહિલા અધિકારી અને સ્ટાફ સાથે ગેરવર્તણૂક કરી હતી, કાચ પર થપાટો મારી, બીભત્સ અપશબ્દો બોલી ધમકી આપીને ડમ્પરને ભગાડી મૂક્યું હતું. રોયલ્ટી પાસ વગર ૪૩.૪૪ મે.ટન રેતીનું વહન કરવા બદલ ડમ્પર ચાલક પાસેથી રૂ. ૩,૨૩,૨૧૨ નો દંડ વસૂલવાપાત્ર થાય છે. મહિલા અધિકારી સાથે ગેરકાયદેસર કૃત્ય કરવા અને સરકારી કામમાં અવરોધ ઊભો કરવા બદલ આ ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસે ફરિયાદ નોંધી હતી.

## નવસારીના બિલિમોરામાં બિશ્નોઈ ગેંગ અને એસએમસીની ટીમ વચ્ચે ગોળીબારઃ એક આરોપી ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લાના બિલિમોરામાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ અને બિશ્નોઈ ગેંગ વચ્ચે ફાયરિંગ થયું હોવાની ઘટના બની હતી. હોટલમાં રોકાયેલા આરોપીઓને ઝડપવા માટે પોલીસ હોટલ પહોંચી હતી ત્યારે ગેંગના સભ્યોએ પોલીસ પર ગોળીબાર કર્યો હતો, આથી તેના પ્રત્યુત્તરમાં પોલીસે સ્વબચાવમાં ગોળી ચલાવી હતી.

મળતી વિગતો અનુસાર, એસએમસીની ટીમને બાતમી મળી હતી કે, હથિયારની આપ-લે કરવા માટે બિશ્નોઈ ગેંગના સભ્યો હોટલમાં રોકાયા છે, આથી તેમણે ઝડપવા એસઓજી પોલીસની ટીમ હોટલ પહોંચી હતી. એ દરમિયાન પોલીસ અને ગેંગ વચ્ચે ઘર્ષણ થયું હતું.

ગેંગના સભ્યોએ પોલીસની ટીમ પર ગોળીબાર કર્યો હતો, આથી પોલીસની ટીમે સ્વબચાવમાં ફાયરિંગ કર્યું હતું. આથી જેથી હથિયારો આપવા માટે આવેલા પાંચ પૈકી એકને પગના ભાગે ગોળી વાગી હતી, જેથી તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

તે સિવાયના ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. હરિયાણાના રહેવાસી યશસિંહ સુંદરસિંહ, મધ્ય પ્રદેશના રહેવાસી રિષભ અશોક શર્મા, રાજસ્થાનના રહેવાસી મનીષ કાલુરામ કુમાવત અને મદન ગોપીરામ કુમાવતની ધરપકડ કરવામાં આવી હતી.

## ગોંડલના પૂર્વ ધારાસભ્યના પુત્રએ ખોટા રેકોર્ડ ઊભા કરી ૫૨ લાખનું કૌભાંડ આચર્યાની ટીડીઓએ ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલી ગહન તપાસ બાદ કોટડા સાંગાણી ગ્રામ પંચાયતના તત્કાલીન ઉપસરપંચ અને ઇન્ચાર્જ સરપંચ અને ગોંડલના પૂર્વ ધારાસભ્યના પુત્ર ધવલભાઈ ચંદુભાઈ વઘાસિયા સામે રૂ. ૫૨,૫૯,૨૦૦ની જંગી નાણાકીય ગેરરીતિ આચરવા બદલ ફોજદારી કાર્યવાહી કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો હતો. તાલુકા વિકાસ અધિકારી અરજદારની ફરિયાદોના આધારે થયેલી તપાસના અંતે આ ફરિયાદ દાખલ કરી હતી. આ કૌભાંડમાં ખોટા સરકારી રેકોર્ડ ઊભા કરવા, સત્તાનો દુરુપયોગ કરવા અને છેતરપિંડી આચરવાના ગંભીર આક્ષેપો છે.

જિલ્લા વિકાસ અધિકારીના આદેશ બાદ થયેલી તપાસમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની ગેરરીતિઓ સામે આવી છે. પ્રથમ, ગ્રામ પંચાયત દ્વારા ૦૮/૦૩/૨૦૨૨ના રોજ કરવામાં આવેલો 'ફરતો ઠરાવ' મિનિટ્સ બુકમાં નોંધાયેલો ન હોવાથી અને તેમાં સભાસદોની સહીઓ જુદી જણાતા તેને નિયમ વિરુદ્ધ ઠેરવવામાં આવ્યો છે. બીજું, ૧૫/૦૮/૨૦૨૦ અને ૨૬/૦૧/૨૦૨૧ ની રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં મામલતદાર કચેરી દ્વારા ખર્ચ ચૂકવાયો હોવા છતાં, પંચાયત દ્વારા મંડપ અને સાઉન્ડ સિસ્ટમના બિલ પેટે રૂ. ૧૫,૮૦૦નું ડબલ ચુકવણું કરીને નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હતી.

સૌથી ગંભીર ગેરરીતિઓમાં વિકાસના કામોમાં મોટું કૌભાંડ જણાયું હતું. ૧૪મા નાણાપંચના વિકાસના ૧૧ કામોમાં કુલ રૂ. ૪૭,૪૩,૪૦૦ ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયર દ્વારા અપાયા ન હોય તેવા નકલી પ્રમાણપત્રો રજૂ કરીને ખોટા સરકારી રેકોર્ડના આધારે નાણાં ઉપાડી લેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત, એટીવીટી ગ્રાન્ટ હેઠળ મંજૂર કરાયેલા સીસી રોડ પૈકી માત્ર ૧૧૨ ચો.મી.નું જ કામ કરીને બાકીના ૪૯૪ ચો.મી.ના કામની રકમની ગેરરીતિ કરવામાં આવી હતી. તેમજ અન્ય ચાર કામોમાં પણ અંદાજપત્રના માપ કરતાં ઓછું કામ કરીને પૂરેપૂરી રકમ ચૂકવી દેવામાં આવી હતી. તપાસ સમિતિના અહેવાલ મુજબ, તત્કાલીન ઉપસરપંચે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરીને આ તમામ નાણાકીય ગેરરીતિઓ આચરી હોવાનું અને ગુનાહિત હેતુ પાર પાડ્યો હોવાનું જણાયું હતું, જેના પગલે હવે કાયદેસરની કાર્યવાહી આગળ વધારવામાં આવી હતી.

# સંસ્થા સમાચાર

## જતું કરવાવાળા અને જાતે કરવાવાળા ક્યારેય દુઃખી થતા નથીઃ ધીરગુરુદેવ

શ્રી ધર્મનાથ સ્થાનકવાસી જૈન સંઘ અને કાઠિયાવાડ સમાજના ઉપક્રમે પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ચાતુર્માસ ઋણ સ્વીકાર સમારોહ પ્રસંગે જણાવેલ કે ૨૧ કરોડના ખર્ચે નવનિર્મિત ધર્મસંકુલમાં પ્રથમ ચતુર્વિધ સંઘનું ચાતુર્માસ યશસ્વી અને યાદગાર બની રહેશે. માત્ર ૬૫ દિવસમાં પ્રતિક્રમણ કંઠસ્થ કરનાર જૈનશાળાનાં ૬ બાળકોનું રૂ. ૧ લાખ ૧ હજારથી સન્માન કરાયું હતું. આચાર્ય પૂ. પુરુષોત્તમજી મ. સા. ની ૬૫મી પુણ્યતિથિ તપ-જપથી ઉજવાયેલ. ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. જશરાજજી મ. સા. ની જીવંત સાધના પુસ્તક 'અનુભૂતિની યશોગાથા'નું વિમોચન કરવામાં આવેલ.

પૂ. ગુરુદેવે જણાવેલ કે - જતું કરવાવાળા અને જાતે કરવાવાળા કયારેય દુઃખી થતા નથી સાંજે સુરેન્દ્રનગર તરફ વિહાર કરેલ છે. મેહુલભાઇ ધોળકીયાએ સૂત્ર સંચાલન કરેલ.

## પ્લેટલેટ ડોનર્સે ઉત્સાહપૂર્વક લીધો ભાગ



મુંબઈના પ્લેટલેટ ડોનર્સ દ્વારા ૮ નવેમ્બરે આયોજિત 'હસીન સાંજ પ્લેટલેટ ડોનર્સ' નામક કાર્યક્રમમાં મુંબઈભરના ૧૦૦થી વધુ પ્લેટલેટ ડોનર્સે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો. કાર્યક્રમનું આયોજન પાવન સ્થળી શિવ કલ્યાણ કેન્દ્ર, સાયન કોલીવાડા ખાતે કરવામાં આવ્યું હતું.

૩૫૦થી વધુ કેન્સર દર્દીઓ તથા તેમના સહયોગીઓ કાર્યક્રમમાં હાજર રહ્યા. મુંબઈની વિવિધ હૉસ્પિટલોનાં રક્ત કેન્દ્રોના ડોક્ટર, મેડિકલ સોશ્યલ વર્કર, ટેક્નિશિયન અને રક્ત કોઓર્ડિનેટર્સે પોતાની હાજરી નોંધાવી. જેમાં મુખ્યત્વે ટાટા મેમોરિયલ હોસ્પિટલ (પરેલ), હીરાનંદાની હોસ્પિટલ (પવઈ), જસલોક હોસ્પિટલ (તારદેવ), એસ.આર.સી.સી. ચિલ્ડ્રન્સ હોસ્પિટલ (મહાલક્ષ્મી), સોમૈયા હોસ્પિટલ (ચુનાભટ્ટી) અને જે.જે. મહાનગર બ્લડ બૅંકનો સમાવેશ થાય છે. એ દરમિયાન કલાકારોએ ગીત-સંગીતના રંગારંગ કાર્યક્રમથી વાતાવરણને મંત્રમુગ્ધ કરી દીધું. પ્લેટલેટ ડોનેશનના મહત્ત્વને ઉજાગર કરવા માટે ઉપસ્થિત ૧૦૦થી વધુ પ્લેટલેટ ડોનર્સે અત્યાર સુધીમાં ૭૦૦૦થી વધુ વખત રક્ત અને પ્લેટલેટનું દાન કર્યું છે. આ ડોનર્સમાં ૧૫થી વધુ મહિલા ડોનર્સનો પણ સમાવેશ થાય છે. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન થયું, જેમાં ૫૫૦થી વધુ લોકોએ ભોજન ગ્રહણ કર્યું. બધા પ્લેટલેટ ડોનર્સે દર ૧૫ દિવસે પ્લેટલેટ ડોનેશન કરવાનો પોતાનો સંકલ્પ હનુમાનજી મહારાજની ઉપસ્થિતિમાં પુનઃદોહરાવ્યો. ઉપસ્થિત તમામ ડોનર્સે પોતાની સાથે વધુ ૧૦-૧૦ નવા ડોનર્સ જોડવાનો સંકલ્પ લીધો. બધા દર્દીઓએ પ્લેટલેટ ડોનર્સના આ અદ્ભુત કાર્યની ખૂબ પ્રશંસા કરી અને પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી.

## પાંજો ટાંણો

ગ્લોબલ ભાટિયા બેનેવોલેન્ટ ફાઉન્ડેશન દ્વારા ૧૪ નવેમ્બર શુક્રવારે પાંજો ટાંણો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન અને રુચિભોજ તેજપાલ હોલ, ગોવાલિયા ટેન્ક, મુંબઈ ખાતે સાંજે પાંચ કલાકે શરૂ કરવામાં આવશે. એ દરમિયાન કચ્છી-ગુજરાતી ગીતોની મહેફિલ જમાવવામાં આવશે.

## સ્ટ્રેસ મેનેજમેન્ટ પર સેમિનાર

બોરીવલી વેસ્ટમાં એમસીએફ કલબ ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે નિસર્ગોપચાર અને યોગ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સફળ કાર્યક્રમનો અનેક લોકોએ લાભ લીધો હતો.

# બાબા સિદ્દીકી હત્યા કેસઃ એસઆઈટી તપાસ માટે પત્નીની અરજી પર હાઇ કોર્ટે પોલીસ પાસે જવાબ માગ્યો

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટે મંગળવારે મુંબઈ પોલીસને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીની પત્ની શહેઝીન સિદ્દીકીએ દાખલ કરેલી અરજીનો જવાબ આપવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં બાબા સિદ્દીકીની હત્યાની એસઆઈટી તપાસની માગ કરવામાં આવી હતી.

ગયા અઠવાડિયે દાખલ કરેલી અરજીમાં શહેઝીન સિદ્દીકીએ જણાવ્યું હતું કે પોલીસ ગુનેગારોને પકડવામાં નિષ્ફળ રહી છે અને તેના પતિની હત્યા પાછળ બિલ્ડર / ડેવલપર અને રાજકીય સાંઠગાંઠનો આરોપ લગાવ્યો હતો. તેણે હત્યાની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરવાની માગ કરી હતી. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ રાત્રે મુંબઈના બાંદ્રા વિસ્તારમાં તેમના પુત્ર ઝીશાનની ઓફિસની બહાર ત્રણ હુમલાખોરોએ ૬૬ વર્ષીય બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરી હતી. મંગળવારે ન્યાયાધીશ એ.એસ.ગડકરી અને આર.આર.ભોંસલેની બેન્ચે સંયુક્ત પોલીસ કમિશનર (ક્રાઈમ) અને સંબંધિત તપાસ અધિકારીને અરજી પર તેમના સોગંદનામા દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો અને આ કેસની સુનાવણી ૧૧ ડિસેમ્બર પર મુલતવી રાખી હતી. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રમાં પ્રાણી સંગ્રહાલય ઑથોરિટી બનશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મહેસૂલ અને વન વિભાગ હેઠળ મહારાષ્ટ્ર રાજ્ય પ્રાણી સંગ્રહાલય ઑથોરિટીની રચનાને મંજૂરી આપી છે. મંગળવારે આ હેતુ માટે સરકારી ઠરાવ કે આદેશ જારી કરવામાં આવ્યો હતો.ઓથોરિટીની રચનાનો હેતુ પ્રાણી સંગ્રહાલય વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવા અને વન્યજીવન સંરક્ષણ પ્રયાસોને મજબૂત બનાવવાનો છે, એમ જીઆરમાં જણાવાયું હતું. સરકારે 'મહારાષ્ટ્ર રાજ્ય પ્રાણી સંગ્રહાલય સત્તામંડળની સ્થાપના' નામની યોજના હેઠળ ૨૦૨૫-૨૬ માટે નિર્ધારિત રૂ. ૨.૦૫ કરોડના કુલ ખર્ચમાંથી રૂ. ૫૩.૬૭ લાખના ખર્ચને મંજૂરી આપી છે.

# એમબીબીએસના વિદ્યાર્થીએ હૉસ્પિટલની હોસ્ટેલમાં ગળાફાંસો ખાધો

મુંબઈઃ એમબીબીએસના પ્રથમ વર્ષના વિદ્યાર્થીએ જે. જે. કોલેજ એન્ડ હોસ્પિટલના પરિસરમાં આવેલી હોસ્ટેલની રૂમમાં સોમવારે ગળાફાંસો ખાધો હતો. પરીક્ષામાં ઓછા માર્કસ આવવાને કારણે વિદ્યાર્થી ડિપ્રેશનમાં હતો, એવું પોલીસને જાણવા મળ્યું હતું.

વિદ્યાર્થીની ઓળખ સની કાવડે તરીકે થઇ હોઇ સોમવારે તે હોસ્ટેલમાં નજરે પડ્યો નહોતો. આથી મિત્રો બપોરે તેને જોવા માટે હોસ્ટેલની રૂમમાં ગયા હતા. તેમમે દરવાજો ખટખટાવ્યા છતાં અંદરથી કોઇ પ્રતિસાદ ન મળ્યો નહોતો. તેમણે બાદમાં બારીમાંથી ડોકિયું કરતાં રૂમમાં તે પંખા સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં નજરે પડ્યો હતો, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ જે.જે. માર્ગ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે એડીઆર દાખલ કરાયો હતો.

સની કાવડે શિર્ડીમાં ઉછર્યો હતો અને શિષ્યવૃત્તિ પર અભ્યાસ કરતો હતો. તેણે જે.જે. કોલેજમાં મેળવ્યું હતું. પોલીસને જાણવા મળ્યું હતું કે કાવડેને ત્રણ વિષયમાં ઓછા માર્કસ આવ્યા હતા, જેને કારણે તે હતાશ થયો હતો.

નવમા પાનાનું ચાલુ

### મુંબઈ કેટલું સજ્જ?

ડિસ્પોઝલ સ્ક્વોડની મદદથી મુખ્ય રેલવે સ્ટેશનો પણ તપાસ કરવામાં આવી રહી છે. રેલવેના અધિકારીના જણાવ્યા મુજબ સેન્ટ્રલ રેલવેનાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, દાદર, લોકમાન્ય ટિળક ટર્મિનસ, થાણે, કલ્યાણ, પનવેલ અને અન્ય મુખ્ય સ્ટેશનો તેમ જ વેસ્ટર્ન રેલવેનાં ચર્ચગેટ, મુંબઈ સેન્ટ્રલ, બાન્દ્રા ટર્મિનસ, બોરીવલી, વસઈ અને અન્ય સ્ટેશનોની સુરક્ષા કડક કરી દેવામાં આવી છે. આરપીએફ અને જીઆરપી દ્વારા ટ્રેનો અન પ્લૅટફોર્મ પર ચકાસણી કરવામાં આવી રહી છે. મુંબઈ બહારથી આવેલાં પાર્સલ અને પ્રવાસીઓના સામાન પર બારીક નજર રખાઈ રહી છે. સ્થાનિક પોલીસ સાથે સમન્વય સાધીને સુરક્ષા ગોઠવવામાં આવી હોવાનું અધિકારીનું કહેવું છે.

### ઘાટકોપરની

હતા. તપાસમાં જણાયું હતું કે શેખ ચારથી પાંચ યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી રહ્યો હતો, જેમાં એક ગુજરાતી યુવતીનો પણ સમાવેશ થાય છે. આ વાતની જાણ થતાં રિતિકાએ શેખની પૂછપરછ કરી હતી. નફ્ફટ થઈને શેખે પણ બીજી યુવતીઓ સાથેના સંબંધની વાતને સમર્થન આપ્યું હતું. જોકે તેમ છતાં તે રિતિકાનો પીછો કરીને તેને ત્રાસ આપતો હતો. બાઈક ખરીદવા માટે તે રિતિકા પાસે નાણાંની માગણી પણ કરતો હતો. કહેવાય છે કે શેખે હિન્દુ યુવતીઓના જ સંપર્કમાં હતો. યુવતીઓને પ્રેમની વાતોમાં ફસાવી તેમને બ્લૅકમેઈલ કરતો અને રૂપિયા પડાવતો હતો. જોકે હજુ કોઈ યુવતી શેખ વિરુદ્ધ ફરિયાદ કરવા સામે આવી નથી, પણ એવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે કે લવ જિહાદ હેઠળ શેખ યુવતીઓને ફસાવતો હતો.

### માહિમની ખાડીમાં

અને કલંદર અલ્તાફ ખાન (૨૦) તરીકે થઈ હતી. બન્ને બાન્દ્રા પશ્ચિમમાં નરગિસ દત્ત નગરના લાલ મિટ્ટી પરિસરમાં રહેતા હતા. કહેવાય છે કે એક જ પરિસરમાં રહેતા હોવાથી ખાનને શેખ ઉર્ફે ઝારા સાથે ગાઢ મિત્રતા હતી. શેખ વ્યંઢળ હોવાથી છેલ્લાં ત્રણ વર્ષથી તેની અને ખાન વચ્ચે સંબંધો હતા. અમુક સમયથી બન્ને ભાડેની રૂમમાં પણ રહેતા હતા. શેખે ખાનના મોબાઈલ ફોનમાં એક યુવતીની તસવીર જોઈ હતી અને ખાન એ યુવતી સાથે ચૅટિંગ કરતો હોવાનું માલૂમ પડ્યું હતું. આ વાતને લઈ તેમની વચ્ચે વિવાદ થયો હતો. શેખે અગાઉ પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ તેના પરિવારે કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ મંગળવારની બપોરે બન્ને ખાડીની ઉપરના બ્રિજ પર ઊભા હતા. બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને પછી શેખે ખાડીમાં કૂદકો માર્યો હતો. તેને બચાવવા માટે ખાન પણ પાણીમાં કૂદી પડ્યો હતો. જોકે બન્ને ડૂબી ગયા હતા. આ અંગે જાણ થતાં માહિમ પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બોટની મદદથી શોધખોળ કરવા છતાં કોઈની પણ ભાળ મળી નહોતી. આખરે નૅશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું.

### આ નગરસેવકોને

નેતા વિશાખા રાઉત, ભૂતપૂર્વ મેયર મિલિંદ વૈદ્ય, બેસ્ટ સમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ આશિષ ચેંબુરકર, અનિલ પાટણકર, સુધાર સમિતિના અધ્યક્ષ સદાનંદ પરબ, વિધાનસભ્ય અને ભૂતપૂર્વનગરસેવક દિલીપ લાંડે, ભૂતપૂર્વ શિક્ષણ સમિતિના અધ્યક્ષ મંગેશ સાતમકર, ભૂતપૂર્વ શિક્ષણ સમિતિની અધ્યક્ષા અને શિંદેની શિવસેનાના સંધ્યા દોશીની પણ બેઠક જતી રહી છે. વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરના ભાઈ અને ભૂતપૂર્વ નગરસેવક મકરંદ નાર્વેકરનો વોર્ડ ઓપન કેટેગરીની મહિલા માટે આરક્ષિત થઈ ગયો છે.

ઓબીસી ક્વોટાને કારણે મુલુંડના નીલ સોમૈયા (૧૦૮), કૉંગ્રેસના સુફિયા વનુને અનામતનો ફટકો પડયો છે. બેઠક ગુમાવનારાઓમાં શિવસેના (યુબીટી)ના ભૂતપૂર્વ નગરસેવક તેજસ્વી ઘોસાળકર (દહિસર-એક)નો પણ સમાવેશ થાય છે, તેઓ ગયા વર્ષે જુલાઈમાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવેલા ભૂતપૂર્વ સેનાના નગરસેવક અભિષેક ઘોસાળકરના પત્ની છે.

કૉંગ્રેસના ત્રણ વખતના નગરસેવક(બાન્દ્રા-પશ્ચિમ)ના આસિફ ઝકારિયાએ પણ પોતાની બેઠક (૧૦૧-બાન્દ્રા) ગુમાવી દીધી હતી. આ બેઠક મહિલા માટે અનામત થઈ ગઈ છે. ભૂતપૂર્વ મેયર અને મે ૨૦૨૩માં મૃત્યુ પામેલા વિશ્વનાથ મહાડેશ્વરની બેઠક પણ ઓબીસીમાં ગઈ છે.

### ભૂતપૂર્વ મેયર

અનુસૂચિત જાતિ (એસસી)માટે અને બે અનુસૂચિત જનજાતિ (એસટી) માટે અનામત રાખવામાં આવી છે. કુલ ૨૨૭ સીટમાંથી ૧૧૪ મહિલા માટે રિઝર્વ, તેમાંથી આઠ એસસી (મહિલા), એક એસટી(મહિલા) અને ૩૧ સીટ ઓબીસી (મહિલા) તો ૭૪ સીટ ઓપન કેટેગરી (મહિલા) માટે અનામત રાખવામાં આવી છે.

૨૨૭ બેઠક માટે થયેલી લોટરી દરમ્યાન અનેક ભૂતપૂર્વ નગરસેવકો સહિત રાજકીય પાર્ટીના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. લોટરીમાં અનેક બેઠકો મહિલા શ્રેણી સહિત અન્ય શ્રેણીમાં અનામત થઈ જતા ભૂતપૂર્વ નગરસેવકોના ચહેરા પર છેલ્લાં ત્રણ વર્ષ અને એ અગાઉના પાંચ વર્ષના નગરસેવકકાળ દરમ્યાન તેમણે પોતાના મતવિસ્તારમાં કરેલી મહેનત પણ પાણી ફરી વળ્યું હોવાની ચિંતા જોવા મળી હતી. તેથી લોટરીમાં જે લોકોને ફટકો પડયો છે, તેઓ પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે આજુબાજુના વોર્ડમાં પર્યાય તરીકે ઊભા રહેવાનું અથવા પોતાની પત્ની, દીકરા-દીકરીનો પર્યાય તૈયાર કરવો પડશે.

### ભૂતપૂર્વ નગરસેવકોમાં

જુદા પક્ષોના નગરસેવકોનું ઈનકમિંગ-આઉટગોઈંગ શરૂ થઈ જશે. ચૂંટણીની જાહેરાત થાય અને આચારસંહિતા લાગુ પડી જાય તે પહેલા જ વોર્ડ રચના અને રિઝર્વેશનને પગલે બેઠકો ગુમાવનારા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અન્ય પર્યાય શોધવાનું શરૂ પણ કરી દીધું હોવાનું માનવામાં આવે છે.

### ઘાટકોપર-કુર્લામાં

વ્યાસની ટ્રંક મેઈલ પાઈપલાઈન પરના ૩૦૦ મિલીમીટર, ૬૦૦ મિલીમીટર અને ૯૦૦ મિલીમીટર વ્યાસના એમ કુલ પાંચ વાલ્વ બદલવાનું કામ હાથમાં લેવામાં આવવાનું છે. આ કામ શુક્રવાર ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના સવારના દસ વાગ્યાથી શનિવાર, ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના સવારના આઠ વાગ્યા સુધી કુલ ૨૨ કલાક ચાલુ રહેવાનું છે. તેથી આ સમયગાળામાં પાલિકાના ઘાટકોપર, ચેમ્બુર, કુર્લા, સાયન, માટુંગા અને દાદરના અમુક વિસ્તારમાં પાણીપુરવઠો પૂર્ણપણે બંધ રહેશે.

આ દરમ્યાન એન-વોર્ડમાં શુક્રવાર સવારના ૩.૪૫ વાગ્યાથી સવારના આઠ વાગ્યા સુધી ઘાટકોપરમાં રાજાવાડી પૂર્વનો આખો પરિસર, ચિત્તરંજન નગર સહિત વિદ્યાવિહાર પરિસર, રાજાવાડી હૉસ્પિટલ, ઓ.એન.જી.સી. કોલોની, રેલવે કર્મચારી કોલોની અને આર.એન. ગાંધી રોડનો સમાવેશ થાય છે.

એમ-પશ્ચિમ શુક્રવાર સવારના ૧૦ વાગ્યાથી શનિવાર સવારના આઠ વાગ્યા સુધીમાં ટિળક નગર, પેસ્તમ સાગર રોડ નંબર એકથી છ, ઠક્કર બાપ્પા કોલોની પાડા એકથી ચાર, શાસ્ત્રી નગર, વત્સલાતાઈ નગર, સહકાર નગર, શેલ કોલોની, ઈંદિરા નગર, એસ.જી. બર્વે રોડ, ઈસ્ટર્ન એક્સપ્રેસ રોડ, પ્રગતિ સોસાયટી, ગોદરેજ કોલોની, યશવંત નગર, સમ્રાટ અશોક નગર, રાજા વાગ મિલિંદ નગર, આદર્શ નગર, ભક્તિ પાર્ક, અજમેરા કોલોની, એમએમઆરડીએ કોલોનીનો સમાવેશ થાય છે.

એલ વોર્ડમાં શુક્રવારના સવારના ૧૦ વાગ્યાથી શનિવાર સવારના આઠ વાગ્યા સુધી ન્યુ ટિળક નગર, લોકમાન્ય ટિળક ટર્મિનસ, સાબળે નગર, સંતોષી માતા નગર, ક્રાંતિ નગર, નેહરુ નગર, મધર ડેરી રોડ, શિવસૃષ્ટિ રોડ, નાઈક નગર, જાગૃતિ નગર, કેદારનાથ મંદિર રોડ, એસ.જી. બર્વે માર્ગ-કુર્લા પૂવ, નગરે બાગ, કામગાર નગર, હનુમાન નગર, પોલીસ કોલોની, કસાઈ વાડા, ચુનાભટ્ટી, રાહુલ નગર, એવરાર્ડનગર, કુરેશી નગર, તક્ષશિલા નગર, ચાફે ગલી, પાન બજાર, ત્રિમૂર્તિ રોડ, વી.એન. પુરવ રોડ, ઉમરખાડી રોડ, અલી દાદા એસ્ટેટ, રાજીવ ગાંધી નગર, ચુનાભટ્ટી ફાટક , હિલ રોડ, મુક્તાદેવી રોડ, તાડવાડી સમર્થનગરનો સમાવેશ થાય છે.

એફ-ઉત્તર વોર્ડમાં શનિવાર સવારના ૩.૪૫ વાગ્યાથી સવારના આઠ વાગ્યા સુધી પાણીપુરવઠઓ બંધ રહેશે, જેમાં સાયન, દાદર પૂર્વ, માટુંગા પૂર્વ, વડાલા, ચુનાભટ્ટીનો અમુક વિસ્તાર, પ્રતીક્ષા નગર, શાસ્ત્રી નગર, અલ્મેડા કમ્પાઉન્ડ, પંચશીલ નગર, વડાલા ટ્રક ટર્મિનલ, સોડા બિલ્ડિંગ , સાયન-કોલીવાડા-સરદાર નગર, સંજય નગરનો અમુક વિસ્તાર, ગાંધી નગર, કે.ડી.ગાયકવાડ નગર, કોરબા મિઠાગર, વડાલા, વિસ્તારનો સમાવેશ થાય છે.

## થાણે મહાનગરપાલિકામાં મહિલાઓનું રહેશે પ્રભુત્વ

થાણેઃ મુંબઈની સાથે જ થાણે મહાનગરપાલિકાની ૧૩૧ બેઠકો માટેના અનામતની લોટરીનું આયોજન થાણે પાલિકા કમિશનર સૌરભ રાવના નેતૃત્વમાં મંગળવારે કરવામાં આવ્યું હતું. લોટરીમાં ૧૩૧ સીટમાંથી ૬૬ સીટ મહિલા માટે અને ૬૫ જગ્યા ઓપન કેટેગરીમાં છે. તેથી આ વખતે થાણે પાલિકામાં મહિલાઓનું પ્રભુત્વ વધારે જોવા મળશે.

થાણેના રામ ગણેશ ગડકરી રંગાયતનમાં સવારના ૧૧ વાગે લોટરી કાઢવામાં આવી હતી. લોટરીમાં કુલ ૧૩૧ બેઠકમાંથી ૬૬ મહિલાઓ માટે અનામત છે, જેમાં અનુસૂચિત જાતિમાં મહિલા માટે પાંચ છે. અનુસૂચિત જનજાતિ (મહિલા) માટે બે, ઓબીસી (મહિલા) ૧૮ અને જનરલ કેટેગરીની મહિલા માટે ૪૧ બેઠકો અનામત રાખવામાં આવી છે. તો જનરલ કેટેગરી માટે ૬૬ સીટ છે.

કુલ ૧૩૧ બેઠકમાંથી અનુસૂચિત જાતિ માટે કુલ નવ સીટ છે જેમાં પાંચ સીટ મહિલા માટે અનામત છે. અનુસૂચિત જનજાતિ માટે કુલ ત્રણ બેઠક છે, જેમાં મહિલા માટે બે સીટ અનામત છે. ઓબીસી વર્ગ માટે કુલ ૩૫ બેઠક છે, તેમાંથી ૧૮ મહિલા માટે અનામત થઈ ગઈ છે. જનરલ કેટેગરીમાં કુલ ૮૪ સીટ છે, જેમાં મહિલા માટે ૪૧ અને ૪૩ અન્ય લોકો માટે છે, જેમાં મહિલા, પુરુષ સહિત ટ્રાન્સજેડરનો સમાવેશ થાય છે.

# પારસી મરણ

રોશન સોરાબ મિસ્ત્રી તે મરહુમ સોરાબ નરીમાન મિસ્ત્રીના વિધવા. તે મરહુમો બજામાય તથા ધનજીશાહ ચાચાના દીકરી. તે અસ્પી એસ મિસ્ત્રી ને હવોવી પી. ચાઊનાના મમ્મી. તે પેશુ જે. ચાઊનાના સાસુજી. તે મરહુમ જમશેદ ડી. ચાચાના બહેન. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૨૮-૩૫, તાતા મિલ્સ કો. ઓ. હા. સોસાયટી લિમિટેડ, ૮મે માળે, જે. બી. માર્ગ, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની નજીક, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૧૧-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે ફોર્ટ મધે બનાજી લીમજી અગિયારીમાં.

આરમયતી મેધ્યોમા તારાપોરવાળા તે મેધ્યોમા જીવનજી તારાપોરવાળાના ધણીયાની. તે મરહુમો રોડાબે તથા જાલ ઇરાનીના દીકરી. તે ફરીદા, જાલ ને સામ તારાપોરવાળાના મમ્મી. તે મરહુમો રોશન ડુંગાજી ને ધન શેઠનાના બહેન. તે મરહુમો નરગીશ તથા જીવનજી તારાપોરવાળાના વહુ. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૩/૩૦, તાતા મિલ્સ કો. ઓ. હા. સોસાયટી લિમિટેડ, જે. બી. માર્ગ, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૧૧-૨૫ના બપોરે ૩.૪૫ વાગે હ્યુજીસ રોડ,મધે વાચ્છા ગાંધી અગિયારીમાં.

અસ્પી કૈખશરૂ લાલી તે ઓસ્તી મેહરૂ અસ્પી લાલીના ખાવીંદ. તે મરહુમો ઓસ્તી નાજામાય તથા ઓસ્તા કૈખશરૂ લાલીના દીકરા. તે ઓસ્તા અરઝાન અસ્પી લાલીના પપ્પા. તે ઓસ્તી ડેલ અરઝાન લાલીના સસરા. તે ઓસ્તી જરૂ કૈખશરૂ લાલીના ભાઇ. તે એરવદ કયાન અરઝાન લાલીના બપાવા. (ઉં. વ. ૮૩) રે. ઠે. ફલેટ નં-૧૨, ૩જે માળે, એસ.એમ. બનાજી બિલ્ડિંગ, નં-૧, ફોરજેટ સ્ટ્રીટ, ગોવાલિયા ટેન્ક, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૧૧-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે હ્યુજીસ રોડ મધે વાચ્છા ગાંધી અગિયારીમાં.

# જૈન મરણ

**દશા શ્રીમાળી જૈન**

જામનગર ચંદનબેન જગજીવન મુંબઇ રહેવાસી પુત્રી લીના સુમનભાઇ કામદાર (ઉં. વ. ૮૫) સોમવારે તા. ૧૦-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુમન મનસુખલાલ કામદારના ધર્મપત્ની. દિલીપ કામદારના ભાભી. સનત કામદાર અને પંકજ કામદારના માતુશ્રી. સુસ્મા દલાલ, કિન્નરી રમણ, વિંસ પારેખ પૌલોમી દેસાઇના મામાશ્રી. મૃદુલાબેન મનુભાઇ ઝવેરીના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગરવાળા હાલ મુલુંડ દેવેન્દ્ર શાંતિલાલ જીવરાજ શાહના ધર્મપત્ની ભાવનાબેન (ઉં. વ. ૬૯) તા. ૧૦-૧૧-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. દિશા પરાગ, મૈત્રી મીહીરના સાસુ. ધીઆન, નવજાત શીશુના દાદી. બેંગલોર નિવાસી કાંતિલાલ વનમાળીદાસ પારેખના સુપુત્રી. ચંદ્રીકા, પ્રબોધ, સ્વમેના રસીકલાલ, સ્વ. ભારતી બીપીનચંદ્ર, પ્રવીણા ચંદ્રકાંત, ચેતના કીરણના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે-ચક્ષુદાન કરેલ છે. ઠે. ૭૦૨, હોરાઇઝન શ્લોકા ડો. આંબેડકર રોડ, મુલુંડ (વેસ્ટ).

**બત્રીસી સમાજ જૈન**

આશાબેન પાંઉભાઈ શાહ (ઉં. વ. ૮૦) તે પનુંભાઈ સારાભાઈ શાહ હાલ અમદાવાદના ધર્મપત્ની અને અપૂર્વ (દુબઇ) અને જૈની કાંદિવલી વેસ્ટના માતુશ્રી. તે તા. ૧૦/૧૧/૨૫ના અમદાવાદ ખાતે અરિહંતશરણ પામેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ મલાડ શાહ ભગવાનદાસ માણેકલાલના ધર્મપત્ની રસીલાબેન (ઉં. વ. ૮૬ ) તે નિતિન, મીના તથા હિનાના માતુશ્રી. તે લીના, સ્વ.પંકજકુમાર તથા રાજશકુમારના સાસુ. સ્વ.યતિનભાઈ, સ્વ.કિશોરભાઇ, નવિનભાઇ તથા મહેન્દ્રભાઈના ભાભી તથા રાજવી દર્શિલકુમારના દાદી. બોટાદ નિવાસી દેસાઈ શાંતિલાલ ગિરધરલાલના દિકરી તા-૦૯-૧૧-૨૦૨૫ રવિવાર ના રોજ મલાડ મુકામે સમાધિ મરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનક વાસી દશાશ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મલાડ (મુંબઈ), સ્વ. બાબુલાલ મણિલાલ ગોડાના ધર્મપત્ની હીરાબેન (ઉં. વ. ૯૮) તે કમલેશ, દિલીપ, નયના જીતેન્દ્ર સરવૈયા, જયશ્રી કીરીટ તુરખીયા, હિના ઉરેશ ગોસાલિયાં, ગીતા મહેન્દ્ર શેઠના માતુશ્રી તથા સ્મિતા, રૂપાના સાસુ. રીમા અંકિત, કિન્નરી સાગર, હેમાલી, રીમાના દાદી પિયરપક્ષે સ્વ ઝવેરચંદ ભીમજી પંચમીયાના દીકરી. સ્વ પૂનમચંદ, સ્વ ચંદ્રકાન્ત, સ્વ ચંદ્રાબેન દામોદરદાસ મગિયા, સ્વ દમયંતીબેન મનસુખ વસાણીના બેન, તા. ૧૦-૧૧-૨૫ને સોમવાર ના અરિહંત શરણ પામ્યા છે તેમની પ્રાર્થના સભા તા ૧૩-૧૧-૨૫ ને ગુરુવારના રોજ સવારે ૧૦ થી ૧૨. ઠે. ''પાવન ધામ'' મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ત્રાપજ નિવાસી, (હાલ બોરીવલી) સ્વ.મનસુખલાલ ભગવાનદાસ વોરા ના સુપુત્ર રમેશચંદ્ર મનસુખલાલ વોરા ના ધર્મપત્ની ભાનુમતી વોરા (ઉં. વ. ૭૬) સોમવાર ૧૦.૧૧.૨૫ના સ્વર્ગવાસ થયેલ છે, તે રાજુ, ઉદય, નેહલના માતુશ્રી તથા દિપલ, હિરલ અને ભાવિકકુમારના સાસુ તથા નરેન્દ્રભાઇના ભાભી અને વિલાસબેનના જેઠાણ. પિયર પક્ષેઃ- સ્વ. નેમચંદ પ્રેમચંદ શાહ - ભદ્રાવળવાળાના દીકરી (લૌકીક વ્યવહાર રાખેલ નથી.). સરનામુંઃ- અ-૩૫, ફ્લેટ ન ૩૦૩ અ-વિંગ, યોગી કુંજ બોરીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

કોટડા રોહાના નીખીલ ગાલા (ઉં. વ. ૩૫) તા. ૯-૧૧-૨૫ના અવસાન પામેલ છે. મણીબાઇ લીલાધર ગાલાના પૌત્ર. ગીતા શાંતીલાલના પુત્ર. નિધિના ભાઇ. મંજલ રે.ના ગંગાબાઇ હેમરાજના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ગીતા શાંતીલાલ ગાલા, રૂમ નં. ૮, આનંદ નિવાસ, બાદ્રેકરવાડી, જોગેશ્વરી (પૂર્વ) ૬૦.

ખારૂઆના દિપક મુરજી કારાણી (શાહ) (ઉં. વ. ૬૩) તા. ૧૦-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સાકરબાઈ મુરજી શિવજીના સુપુત્ર. ભાવનાના પતિ. ધ્રુવ, હાર્દિક, હેમાંગ ના પિતા. ગુલાબ, રંજન, પુષ્પા, વિનોદના ભાઈ. નવસારી ના પાર્વતીબેન ધનસુખલાલ પટેલના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક શાહ : એ-૫૦૫, મુકુંદમ પાર્ક, પદ્માવતી નગર ગેટ નંબર ૧ ની સામે, ૧૫૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ).

વિઢના ખુશાલ ગોસર (ઉં. વ.૭૧) તા. ૯-૧૧-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇ તેજપારના પુત્ર. પુષ્પાના પતિ. હેમાંગના પિતા. હેમલતા, લક્ષ્મી, પ્રેમચંદ, રતિલાલ, લીલાવતી, દિલીપના ભાઈ. વિમળાબેન વીરજીના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર, ટા. ૪ થી ૫.૩૦.

બેરાજાના નાગજી છેડા (ઉં. વ. ૭૯) તા. ૧૦-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી લાછબાઇ રતનશી રામજી છેડાના પુત્ર. શોભાના પતિ. શિલ્પા, મનીષ, મીનલના પિતા. મણીબેન, ગાંગજી, ડુંગરશીના ભાઇ. સાડાઉ કસ્તુર કાનજી કોરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનિષ છેડા, ૧૪૦૮/એ, આરાધ્યા ઇસ્ટ વીન્ડ, ટાગોર નગર, વિક્રોલી (ઇ.), મું. ૮૩.

માપરના રામજી શીવજી ગડા (ઉં. વ. ૯૦) તા. ૭-૧૧-૨૫ ના જબલપુર મધ્યે દેહ પરિવર્તન થયેલ છે. રતનબાઇ શીવજી ખેતશીના સુપુત્ર. જવેરબેનના પતિ. ડુમરા મેઘબાઈ ભીમશીના જમાઈ. ધન (મીતા), અનીષના પિતા. માપર હરશી, તેજસી, વસનજી, ગાંગજી, દેવચંદ, ભોજાય લીલબાઈ ભાણજી શીવજી, માપર દેવકાબેન કાનજી ખેતશી, હાલાપુર ગાંગબાઈ હીરજી નાગજી, ચાંગડાઈ વાલબાઈ માવજી વેરશીના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અનિષ શાહ, પ્લોટ નં.૧૩૧, એકતા વિહાર, રતન નગર રોડ, મદન મહલ, જબલપુર (મ.પ્ર.). પીન - ૪૮૨૦૦૧.

દેશલપુર (કંઠી)ના માતુશ્રી સુંદરબેન લાલજી વીરા (ઉં. વ. ૯૨) તા.૯.૧૧.૨૫ ના અવસાન પામ્યા છે. માતુશ્રી હિરબાઈ દેવજી પદમશી ના પુત્રવધુ. લાલજી ભાઈ ના ધર્મપત્ની. કાંતિ, દિપક, વિજય, જ્યોતિના માતુશ્રી. તલવાણાના માતુશ્રી નેણબાઈ ગાંગજી નરશી દેઢિયાના પુત્રી. રતનશી, દામજી, પ્રેમજી, નાના ભાડિયા કંકુ મગનલાલ, મોટી ખાખર હીરબાઈ પ્રેમજી, કોડાય પુષ્પા કાંતિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. લાલજી વીરા, શાંતિનિકેતન, ભાઉદાજી રોડ, માટુંગા, મુંબઈ-૧૯.

લાકડીયાના અમરશી રીટા (ઉં. વ. ૭૨) તા. ૦૮-૧૧-૨૫, શનિવારના મુંબઈ-અંધેરી મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી ચોથીબેન વેરશી રીટાના સુપુત્ર. ગં.સ્વ. કસ્તુરબેનના પતિ. અલ્પા, વિમલના પિતાશ્રી. સ્વ.અવચર, સ્વ. બાબુ, સ્વ. મેપશીના ભાઈ. ગામ લાકડીયાના સ્વ. જવેરબેન લાલજી અવચર ગાલાના જમાઈ. સ્વ. બાબુ છેડા, સ્વ. ખીમજી છેડા, સ્વ. કાનજી ગડા, શાંતીલાલ ગડા, ચાંપશી ડાઘાના સાઢુ. પ્રાર્થના સમય : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦, ગુરુવાર, તા. ૧૩-૧૧-૨૫ના રાખેલ છે. પ્રાર્થના સ્થળ : શ્રી વ. સ્થા. જૈન.શ્રા.સં.સં. કરશન લધુ નિસર હોલ, દાદર (વે) મુંબઇ. પ્રાર્થના પછી બરવિધી રાખેલ છે.

# હિન્દુ મરણ

**દશા શ્રીમાળી વણિક જ્ઞાતી**

મોરચંદ નિવાસી હાલ ઉરણ સ્વ. શૈલેષભાઇ દામોદરદાસ મહેતાના ધર્મપત્ની રશ્મીબેન શૈલેષભાઇ મહેતા (ઉં. વ. ૫૭) તે પિયર પક્ષે રમીલાબેન રમણીકલાલ દેવજીભાઇ મચ્છરના સુપુત્રી. તે જીનેશના માતુશ્રી. તે સૌ. પલકના સાસુજી. તે જયોતી તથા પ્રદીપ મહેતા અને હર્ષા અશ્વિન પટેલના ભાભી શનિવાર તા. ૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

કાંદિવલી નિવાસી ચંદાબેન જયંતભાઇ મામતોરા (ઉં. વ.૭૫) તા. ૮-૧૧-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે હિતેન, દિપેન, શીતલના માતુશ્રી. નિમિષા, દિપ્તી, અનિરૂદ્ધ અવસ્થીના સાસુમા. કરન, રિતિકા, હેમન, ઇરાના દાદીમા. ગિતાંશીના નાનીમા. સ્વ. રમાબેન છોટાલાલ ઘુમરાના દીકરી. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૩-૧૧-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. પાવનધામ, એમસીએ કલબ પાસે, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કિશોરભાઇ પુષ્પાબેન પુરષોતમ (ઠક્કર) ધીરાવાણી ગામ કચ્છ નાની વમોટી હાલ મુલુંડ (ઉં. વ. ૬૮) તા. ૧૦-૧૧-૨૫ સોમવારના શ્રીરામશરણ પામેલ છે. તે શારદાબેનના પતિ. તે અમી અને રાજ (રોકી)ના પિતા. પ્રિયંકાના સસરા. જિયાનના દાદા. સ્વ. ઝવેરબેન દેવજીભાઇ મજેઠીયાના જમાઇ. તે અરુણાબેન ચંદ્રકાંતભાઇ ઠક્કર, દિલીપભાઇ, અશોકભાઇ, રાજુભાઇ અને પ્રદીપભાઇના ભાઇ. તે જયંત દેવજીભાઇ મજેઠીયાના બનેવી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વણિક**

સ્વ. કનૈયાલાલ શાંતિલાલ મહેતા (ઉં. વ. ૯૨) સોનગઢ નિવાસી હાલ બોરીવલી મુંબઇ તા. ૧૦-૧૧-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે કેતનભાઇ, નિમેષભાઇના પિતાશ્રી. તે વર્ષા, શ્રદ્ધાના સસરા. પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૧૩-૧૧-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. સર્વોદય હોલ, જૈન ઉપાશ્રયની બાજુમાં, એલ.ટી. રોડ.બોરીવલી (વેસ્ટ).

**પરજીયા સોની**

ગામ ભેરાઇ હાલ મલાડ (પ) મુંબઇ ભૂપેન્દ્ર કાનજીભાઇ ડોસલભાઇ સલ્લાના ધર્મપત્ની અ. સૌ. અરુણાબેન (ઉં. વ. ૭૩) શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. અનંતરાય શ્યામજીભાઇ સાગરના દીકરી અને નેહલબેન તથા મેહુલભાઇ તથા ભાવનાબેન તથા ભક્તિબેનના માતુશ્રી. તે જહાન્વી તથા પલના નાની. તે પ્રકાશભાઇ અનંતરાય સાગર તથા સ્વ. હિતેશભાઇ અનંતરાય સાગર તથા ઇલાબેન રજનીકાંત સુરુ તથા હસુબેન ચંદુલાલ સુરુના મોટાબેન. પ્રાર્થનાસભા તા. ૧૩-૧૧-૨૫ના ગુરુવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. પરજીયા પટણી સોની વાડી, શિંપોલી ક્રોસ રોડ, બોરીવલી (પ.).

**દશા લાડ વણિક**

કામરેજ નિવાસી હાલ મુંબઇ બિપીનભાઇ નવનીતલાલ દેસાઇ લીલાબેનના પતિ (ઉં. વ.૮૨) તા. ૧૦-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વાતિ જીગર શાહ અને બીજલ નવઝાર નગવાસવાલાના પિતાશ્રી. સ્વ. પ્રદીપભાઇ દેસાઇ, સ્વ. નયનાબેન દિવેચા, રાજુભાઇ દેસાઇ, ગીતાબેન દેસાઇના ભાઇ. બોરદાસવાળા નટવરલાલ નાગરદાસના જમાઇ. આશકા, ઇરા અને અરહાનના નાના. પ્રાર્થનાસભા તા. ૧૩-૧૧-૨૫ના ગુરુવારના રાખેલ છે. ઠે. લાડની વાડી, સી. પી. ટેન્ક, મુંબઇ-૪, લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. હરિરામ રામજી દૈયાના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં.વ. ૯૩) તા. ૧૦-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. હરિરામ સુંદરજી બડીયાના સુપુત્રી. પ્રતિમા, પૂર્ણિમા, મહાલક્ષ્મી, સ્વ. નરેશના માતુશ્રી. અરવિંદભાઇ અને હેમંતભાઇના સાસુ. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી સોની**

મૂળ ગામ રાધનપુર નિવાસી હાલ કાંદિવલીના સ્વ.શાંતાબેન તથા સ્વ.રતિલાલ મણિલાલ સોનીના સુપુત્ર વલ્લભદાસ સોની (ઉં. વ. ૭૨) તે તા. ૯/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વીણાબેનના પતિ. જતીન તથા ધવલના પિતા. કરિશ્મા ના સસરા. તે સાસરાપક્ષે આસોદરવાળા સ્વ. સુભદ્રાબેન તથા સ્વ. ચંપકલાલ અમરતલાલ સોનીના જમાઈ. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩/૧૧/૨૫ ના ગુરૂવારના રોજ સમય : ૪ થી ૬. સ્થળ : વાંઝાવાડી ધનામલ સ્કૂલની સામે, મથુરાદાસ ઍક્સટેંશન રોડ, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ દહિસર સ્વ. રમાબેન છોટાલાલ સંઘવીના સુપુત્ર રાગેશ સંઘવી (ઉં. વ. ૭૧) તે તા. ૭/૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે હીનાબેનના પતિ. તે સ્વ. જયશ્રીબેન કીર્તીકુમાર કાણકિયા અને પ્રકાશભાઈ સંઘવીના ભાઈ. તે ડિમ્પલ અમોલ નિકમ અને સ્વ. રચના રાગેશ સંઘવીના પિતા. તે સ્વ. હસમુખબેન નગીનદાસ પારેખના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૧૩/૧૧/૨૫ના ગુરુવાર ના સાંજે ૫ થી ૭. સ્થળઃ સોનલ બેંક્વાટે પ્લોટ નો. ૧૧/૧૨, દુર્ગા નિવાસ સોસાયટી બંધરપખાડી રોડ, નવો લિંક રોડ, દહાણુકર વાડી, મેટ્રો સ્ટેશન નજીક, કાંદિવલી વેસ્ટ.

**હરસોલ સત્તાવીસ વીશા શ્રીમાળી**

જુન્નર નિવાસી (હાલ ભાયંદર) પ્રભાવતીબેન રતિલાલ શાહ (ઉં. વ. ૮૯) તે યોગેશભાઈ રતિલાલ શાહના માતુશ્રી તે ગામ (નીપાણી) નિવાસી ચંપાબેન વાડીલાલ શાહના દિકરી તે પ્રીતિબેનના સાસુ.તે દર્શિત, રોનક, સેજલ, શિખા. જીયાન, જિયાંશ, વિહાનાના દાદી તા.૧૧/૧૧/૨૫ ને મંગળવારના રોજ અરિહંતશરણ પામેલ છે. સદગત ની શ્રી શત્રુંજય ભાવ યાત્રા તા.૧૨/૧૧/૨૫ ના બુધવાર ને સવારે ૧૦ થી ૧૨. સ્થળ : રાજસ્થાન હોલ .૬૦ ફુટ રોડ. ભાયંદર ( વેસ્ટ) રહેઠાણઃ ૩૦૨/ જાનકી ઓકિડ.૯૦ ફૂટ રોડ..ભાયંદર (વેસ્ટ).

**કપોળ**

પાંચ તલાવડાવાળા સ્વ. કિરીટભાઈ જયતિલાલ કાણકિયાના ધર્મપત્ની દેવયાનીબેન (ઉં. ૭૯) જે સથરા નિવાસી સ્વ. નારણદાસ દ્વારકાદાસ દલાલની પુત્રી, તાઃ ૯/૧૧/૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરવાર તાઃ ૧૩/૧૧/૨૦૨૫ ના રોજ સાંજે ૫ થી ૭ કલાકે વિલે પાર્લે વેસ્ટ સ્થિત સન્યાસ આશ્રમ ખાતે રાખેલ છે. શોકાતુરઃ સૌમિલ(પુત્ર), પ્રિયા(પુત્રવધૂ). લોપા(પુત્રી), આકાશ, નમ્રતા, હ્રિદા.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




## વેલ્યૂએશનનું વા-વંટોળ

### શું ફંડ હાઉસ આઈપીઓમાં આડેધડ રોકાણ કરીને ઈન્વેસ્ટર્સનાં નાણાં જોખમમાં મૂકી રહ્યા છે?

પ્રાથમિક મૂડીબજારમાં આજકાલ અનેક સારી કંપનીઓ પણ ડિસ્કાઉન્ટમાં પીટાઇ રહી છે અને વેલ્યુએશનનો મુદ્દો ચર્ચાની એરણે ચઢ્યો છે ત્યારે રોકાણકારોને એક સવાલ એ પણ સતાવી રહ્યો છે કે, ક્યાંક મ્યુચ્યુઅલ ફંડ આડેધડ રોકાણ કરીને તેમનાં નાણાં જોખમી સટ્ટા માટે તો નથી વાપરી રહ્યાં? માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ આ મામલે હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કરી દીધો છે એટલે ચિંતા વધુ તીવ્ર બની છે.

તાજેતરની જ વાત કરીએ તો લેન્સકાર્ટનો આઇપીઓ ખૂબ ગાજ્યો હતો. રિટેલ પોર્શન તો તરત ભરાઇ જ ગયું હતું અને સાથે ક્વિપ પોર્શન સહિત ભરણું ૨૮ગણું છલકાયું હતું. આમ છતાં આ શેર સોમવારે ત્રણ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. ખાસ કરીને આ આઇપીઓ માટે ખૂબ જ આક્રમક નેગેટિવ પ્રચાર થયો હતો, પરંતુ તાજેતરમાં અનેક કંપનીના શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા છે. આની પાછળનું એક મુખ્ય કારણ ખૂબ જ વધુ પડતા ઊંચા વેલ્યુએશન હોવાનું બજારના પંડિતો માને છે. આપણે આ સંદર્ભે ફંડ મેનેજરો અને ફંડ હાઉસનું શું કહેવું છે તે જાણવાનો પ્રયાસ કરીએ.

ફંડ હાઉસિસ સામાન્ય રીતે લાંબા ગાળાની સંભાવના, વ્યવસાયના મૂળભૂત સિદ્ધાંતો અને બજારની સ્થિતિના મૂલ્યાંકનને આધારે કડક નિયમનકારી માળખા અને આંતરિક સંશોધન મૉડેલો દ્વારા સંચાલિત ફોર્મ્યુલા હેઠળ રોકાણ કરે છે અને એક્ઝપોઝર પણ મર્યાદિત હોય છે. શેરબજારનાં સાધનો જણાવે છે કે ખાસ કરીને મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા આઇપીઓ એન્કર બુક્સમાં થઇ રહેલું રોકાણ સંભવિત ઓવર વેલ્યુએશન અંગે ચિંતાઓ ઉભી કરી રહ્યું છે.

લેન્સકાર્ટ જેવા તાજેતરના આઇપીઓની એન્કર બુકમાં ટોચના મ્યુચ્યુઅલ ફંડ્સ દેખાયા પછી એવી ચિંતા વધી છે કે ફંડ હાઉસ ઊંચા વેલ્યુએશન્સ ધરાવતા આઇપીઓમાં આડેધડ રોકાણ કરે છે કે શું? બજારના નિરીક્ષકો એવા સવાલ કરી રહ્યાં છે કે શું ફંડ હાઉસ સ્પષ્ટ રીતે અત્યંત હાઇ વેલ્યુએશન્સ ધરાવતી પબ્લિક ઓફરિંગમાં રોકાણ કરીને વેલ્યુએશન ડિસિપ્લીન સાથે સમાધાન કરી રહ્યા છે?

આ સંદર્ભે એક અસામાન્ય પગલામાં, એક જાણીતા મ્યુચ્યુઅલ ફંડે તેના રોકાણના તર્કને સ્પષ્ટ કરવા માટે એક જાહેર નિવેદન બહાર પાડ્યું કે, જ્યારે, સ્કેલેબલ બિઝનેસ, ભરોસાપાત્ર પ્રમોટર્સ, મજબૂત અમલીકરણ અને મૂલ્યાંકન, એમ ચાર ખાતરીપૂર્વકના પરિમાણ સકારાત્મક જણાય ત્યારે જ અમે કોઇપણ આઇપીઓમાં રોકાણ કરીએ છીએ.

ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવે તો જાણવા મળે છે કે આવા આઇપીઓમાં ફંડ એક્સપોઝર ન્યૂનતમ અને વ્યૂહાત્મક રીતે આયોજનબદ્ધ હોય છે. જો આપણે લેન્સકાર્ટને ઉદાહરણ તરીકે લઈએ, તો ટોચના બે મ્યુચ્યુઅલ ફંડે એન્કર એલોટમેન્ટ દ્વારા લેન્સકાર્ટ આઇપીઓમાં અનુક્રમે પચાસ કરોડ અને પચીસ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આ રકમ ઉપરોક્ત ફંડ હાઉસના સંચાલન હેઠળની તેમની કુલ સંપત્તિના ૦.૧ ટકા કરતા ઓછી છે.

મ્યુચ્યુઅલ ફંડ્સ કડક નિયમનકારી અને વિશ્વાસપાત્ર માળખા હેઠળ ઇન્વેસ્ટર્સનાં નાણાંનું રોકાણ કરે છે. ફંડ મેનેજરો નિર્દેશ કરે છે કે એન્કર બુક ભાગીદારી, હાઇપ દ્વારા નહીં પરંતુ આંતરિક સંશોધન મૉડેલો દ્વારા સંચાલિત છે જે લાંબા ગાળાની વ્યવસાયિક સંભાવનાનું મૂલ્યાંકન કરે છે. કોઈપણ આઇપીઓ માટે કંપની લીડરશિપ, બજારનું કદ, ફાઇનાન્શિઅલ ડેટા અને વળતર મેટ્રિક્સ જેવાં પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે. મૂલ્યાંકન એટલે કે વેલ્યુએશન્સ ઘણાં પરિમાણોમાંનું એક છે, પરંતુ એકમાત્ર નિર્ણાયક પરિબળ નથી. નિર્ણય એ પણ આધાર રાખે છે કે નવો સ્ટોક હાલના પોર્ટફોલિયો હોલ્ડિંગ્સને કેવી રીતે પૂરક બનાવે છે!

લેન્સકાર્ટનો ૭,૨૭૮ કરોડ રૂપિયાનો આઇપીઓ તેના ઊંચા મૂલ્યાંકન છતાં ૨૮ ગણો ઓવરસબ્સ્ક્રાઇબ થયો હતો, જે અપર પ્રાઇસ બેન્ડ પર નાણાકીય વર્ષ ૨૦૨૫ની કમાણી કરતાં લગભગ ૨૩૫ ગણો હતો. આ એન્કર રાઉન્ડમાં જિયો ફંડ, ઇન્ડસઇન્ડ ફંડ, ઇન્ડસઇન્ડ પ્રુડેન્શિયલ ફંડ, કોટક ફંડ, એક્સિસ ફંડ અને આદિત્ય બિરલા સન લાઇફ ફંડ સહિત લગભગ ૨૦ મ્યુચ્યુઅલ ફંડ્સે ભાગ લીધો હતો. જેમાં મુખ્ય વીમા કંપનીઓ અને વૈશ્વિક રોકાણકારો જોડાયા હતા.

લગભગ રૂ. ૧૦ લાખ કરોડની સંપત્તિનું સંચાલન કરનાર એક અગ્રણી એસેટ મેનેજમેન્ટ કંપનીના અન્ય એક સિનિયર ફંડ મેનેજરે જણાવ્યું હતું કે, હંમેશાં એવી શક્યતા રહે છે કે જો તાજા ડેટા તેમના અગાઉની થિસીસ સાથે મેળ ખાતો ન હોય તો આ ફંડ્સ એક્સપોઝર ઘટાડી શકે છે અથવા રોકાણમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી શકે છે. કંપનીઓ દ્વારા અથવા એએમસી તરફથી માસિક કે ત્રિમાસિક અપડેટ્સ બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી રિટેલ રોકાણકારોને આ વાતની જાણ થતી નથી.

મ્યુચ્યુઅલ ફંડો પણ સટોડિયાઓ જેવું વલણ અપનાવે છે કે શું? એવા સવાલના જવાબમાં એક ટોચના ફંડ મેનેજરે જણાવ્યું કે, અલબત્ત જ્યારે લિસ્ટિંગ ડે ગેઇન અમારા મૂલ્યાંકન લક્ષ્યાંક કરતાં વધી જાય ત્યારે અમે એક્સપોઝર ઘટાડવાનું વિચારી શકીએ છીએ. તેમ છતાં, અમારી રોકાણ ફિલસૂફી ટૂંકા ગાળાની બજાર ગતિ કરતાં મૂળભૂત વિશ્લેષણને પ્રાથમિકતા આપે છે.

વિશ્લેષકો કહે છે કે ફંડ હાઉસ એન્કર ફાળવણી માટે હાથ લંબાવતી વખતે વિવિધ પરિમાણો ધ્યાનમાં લે છે. આમાં કંપનીનું બિઝનેસ મૉડેલ, ક્ષેત્રમાં તેની નેતૃત્વ સ્થિતિ, મેનેજમેન્ટ ગુણવત્તા, કડક નાણાકીય વિશ્લેષણ સહિતનાં પરિમાણોનો સમાવેશ થાય છે, જેમાં વૃદ્ધિ, માર્જિન, રોકડ પ્રવાહ અને વળતર મેટ્રિક્સના ત્રિપક્ષીય પરિબળો સમાવિષ્ટ હોય છે.

આ ફંડ એકંદર પોર્ટફોલિયોમાં સ્ટોકના ફિટનું મૂલ્યાંકન પણ કરે છે અને તે પોર્ટફોલિયોના વળતર સામે જોખમ પ્રોફાઇલમાં કેવી રીતે મૂલ્ય ઉમેરશે તેનું મૂલ્યાંકન કરે છે. મૂલ્યાંકન, બજારનું સેન્ટિમેન્ટ, સલામતીના માર્જિન અને પૂરક દ્રષ્ટિકોણથી પોર્ટફોલિયોમાં સ્ટોક રાખવાની જરૂરિયાત જેવાં પરિબળો પર આધારિત છે.

સરવાળે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગનાં સાધનો એવો મત વ્યક્ત કરી રહ્યાં છે કે ઉદ્યોગ રોકાણ શિસ્તનું ચૂસ્તપણે પાલન કરે છે. જોકે, બીજી તરફ નવા આઇપીઓમાં મૂલ્યાંકન સંદર્ભે એક રીતે લૂંટફાટ જેવી પરિસ્થિતિ નિર્માણ થઇ રહી છે અને બજાર નિયામક આ સંદર્ભે હાથ ઊંચા કરી લે છે, તે જોતા રોકાણકારોને જાતે ઊંચા મૂલ્યાંકન ધરાવતા આઇપીઓથી દૂર રહેવાનું વલણ જ સુરક્ષા આપી શકે છે.

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

### ટ્રમ્પની પરમાણુ હથિયાર પરીક્ષણની જાહેરાત

## વિશ્વ આખું ભયથી ધ્રૂજે છે...

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તાજેતરમાં સોશ્યલ મીડિયા પોસ્ટમાં જાહેરાત કરી કે, તેમણે પેન્ટાગોનને પરમાણુ હથિયારોનું તાત્કાલિક પરીક્ષણ શરૂ કરવાનો આદેશ આપ્યો છે, કારણ કે ચીન અને રશિયાની પરમાણુ ક્ષમતા વધી રહી છે. એ હકીકતને ધ્યાનમાં રાખીને અમેરિકાની વિશ્વસનીયતા અને શસ્ત્રોની અસરકારકતા સુનિશ્ચિત કરવી જરૂરી છે. ટ્રમ્પ ઉમેરે છે કે 'અન્ય દેશોના પરીક્ષણ કાર્યક્રમોને નજર સામે રાખીને અમે પણ અમારાં પરમાણુ હથિયારોનું પરીક્ષણ શરૂ કરીશું.'

આ જાહેરાતનું ટાઈમિંગ પણ અગત્યનું છે. આ જાહેરાત ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની બેઠકની મિનિટ પહેલાં આવી, જોકે ટ્રમ્પની જાહેરાતથી આખા વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. આ જાહેરાતથી કોલ્ડવોર-ટુ ચાલુ થઈ જશે. હાલમાં કોમ્પ્રિહેન્સિવ ન્યુક્લિયર-ટેસ્ટ-બેન ટ્રીટી (સીટીબીટી)ને લીધે કોઈ દેશ અણુ હથિયારનું પરીક્ષણ કરી શકે નહીં.

ટ્રમ્પે એક મુલાકાતમાં ઘણી સ્ફોટક વાતો કરી છે કે આને લીધે ભારત પર મુસીબતનો પહાડ તૂટી પડ્યો છે. ટ્રમ્પ કહે છે કે અમેરિકા પાસે રશિયા કરતાં વધારે એટોમિક વેપન છે. ચીનનો ત્રીજો નંબર આવે છે, પરંતુ ચીન થોડાં વર્ષોમાં અમેરિકાની બરોબરી કરી શકે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે અમારો દેશ લોકતાંત્રિક દેશ છે એટલે આપણે અણુ હથિયારનું પરીક્ષણ કરીએ તો એ જાહેરમાં આવી જાય, જયારે રશિયા - ચીનમાં બધુ ખાનગી રીતે થાય છે.

ટ્રમ્પ એ મુલાકાતમાં એવો પણ ઘટસ્ફોટ કરે છે કે હું રશિયા અને ચીન એટમ બોમ્બનું વહન કરી શકે એવી મિસાઈલ ટેસ્ટની વાત કરતો નથી. હું ડિલિવરી સિસ્ટમની વાત કરતો નથી. હું અણુ હથિયારોના પરીક્ષણની વાત કરી રહ્યો છું. ટ્રમ્પે એવી પણ અર્થતંત્રની કમર તોડી નાખી છે. ટ્રમ્પે રશિયાના તેમના સમકક્ષ સાથે બીજી વાર શિખર પરિષદ કરવાની ના પાડી છે. પહેલી વાર ટ્રમ્પે તેમના સલાહકારોની સલાહ માની છે. અગાઉ પુતિન ટાઈમ બાઈંગ રણનીતિમાં સફળ થતા હતા, પરંતુ ટ્રમ્પે હવે બીજી શિખર પરિષદની ના પાડતાં પુતિન પર દબાણ આવી ગયું છે.. યુક્રેનના પ્રમુખ તો વ્યવસાયે નિપૂણ કૉમેડિયન છે, પરંતુ પુતિન તો મોટા સરમુખત્યાર છે. ટ્રમ્પે યુદ્ધ અટકાવવા માટે પુતિનને યુદ્ધવિરામની આકર્ષક ઓફર આપી હતી, પરંતુ જીદ્દી પુતિને તે સ્વીકારી નથી. ટ્રમ્પે યુક્રેન નાટોનું સભ્ય નહીં બને અને જીતેલા પ્રદેશ રશિયા પાસે રહેશે એવા બે મોટા કન્સેશન આપ્યા તો પણ પુતિન માન્યા નથી અને હવે પસ્તાઈ રહ્યા છે. પુતિન તો અણુયુદ્ધના મોડમાં જ છે. એ હવે દિન-રાત અણુયુદ્ધની તૈયારી કરી રહ્યા છે. રશિયાએ તાજેતરમાં અણુ ઊર્જાથી ચાલતું મિસાઈલ તેમ જ સમુદ્રમાં સુનામી ઊભી કરે એવી સિસ્ટમનું પરીક્ષણ કર્યું હતું. રશિયાએ બ્યુરેવેસ્ટનિક અને પોસીડોન જેવી સિસ્ટમ્સ તપાસી હતી એટલે પણ ટ્રમ્પ ક્રોધિત થયા હતા. ચીનના પરમાણુ હથિયારોની સંખ્યા ઝડપથી વધી રહી છે વર્તમાનમાં ૬૦૦થી વધુ, અને ૨૦૩૦ સુધીમાં ૧૦૦૦નું અનુમાન કરવામાં આવે. છે. જો અમેરિકા ખતરનાક હથિયારનું પરીક્ષણ કરશે તો એનો ફાયદો ચીનને થશે. ચીન પાસે ઘણા કાતિલ હથિયારો છે. એ પણ તેનું પરીક્ષણ ચાલુ કરી દેશે. ચીન પાસે હાઈડ્રોજન બૉમ્બ પણ છે. ચીન (કોમ્પ્રિહેન્સિવ ન્યુક્લિયર-ટેસ્ટ-બન ટ્રીટી)ના મોરેટોરિયમને તોડશે તો મોટી શસ્ત્ર દોટ શરૂ થઈ જશે. અત્યારે પરીક્ષણો મુખ્યત્વે 'નોન-ક્રિટિકલ' અથવા 'સિસ્ટમ ટેસ્ટ્સ' છે, જેમાં વિસ્ફોટ કરાતો નથી. પરંતુ હથિયારોના ભાગ (જેમ કે મિસાઇલો અને વોરહેડ્સ)ની ચકાસણી



ચોંકાવનારી વાત કરી હતી કે ઉત્તર કોરિયા અને પાકિસ્તાન પણ અણુ શસ્ત્રોનું પરીક્ષણ કરે છે. હવે નોંધ લેવા જેવી વાત છે કે બ્રોડકાસ્ટરે પ્રસારિત કરેલા ૬૦ મિનિટના ઈન્ટરવ્યૂમાં પાકિસ્તાનનો ઉલ્લેખ નથી. એ મુલાકાત ઍડિટ સંપાદિત કરવામાં આવી હતી, પણ ટ્રમ્પે આખી મુલાકાત તેમના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં મૂકી હતી. આ વધારાની બાર મિનિટની મુલાકાતમાં ટ્રમ્પ સ્પષ્ટ રીતે કહે છે કે પાકિસ્તાન પણ એટોમિક વેપનનું ટેસ્ટિંગ કરે છે. ટ્રમ્પ કહે છે એમ ૩૩ વર્ષ પછી અમેરિકા સિસ્ટમ નહીં, પરંતુ હથિયારનું પરીક્ષણ કરશે તો અણુ વાવાઝોડું આવશે.

ટ્રમ્પની આવી જાહેરાતથી એટોમિક એક્સપર્ટ પણ અવઢવમાં મુકાયા છે. નિષ્ણાતો એવી શંકા વ્યક્ત કરી રહ્યા છે કે ટ્રમ્પ કદાચ અણુ હથિયારો નહીં પરંતુ મિસાઈલ સિસ્ટમ કે ડિલિવરી સિસ્ટમની વાત કરી રહ્યા છે. ટ્રમ્પ કહે છે કે અમેરિકા સૌથી વધારે એટોમિક બૉમ્બ ધરાવે છે, પરંતુ હકીકત એ છે કે રશિયા પાસે અમેરિકા કરતાં વધુ એટોમિક વેપન છે. ટ્રમ્પ કહે છે કે રશિયા- ચીન અમુક હથિયારનું પરીક્ષણ કરે છે. હવે એક્સપર્ટ કહે છે કે ચીન-પાકિસ્તાન અને ભારત સહિત અનેક દેશોએ ૧૯૯૨-૧૯૯૬માં એટોમિક વેપનની ટેસ્ટ બંધ કરી દીધી છે. મહત્ત્વની વાત એ છે કે કોઈ પણ દેશ અણુ પરીક્ષણ કરે તો 'વોચડોગ' એના ઈફેક્ટના આધારે તે પકડી શકે. અમેરિકાએ સીટીબીટીને સેનેટમાં બહાલ કરી નથી. ટ્રમ્પની મુલાકાતે જે મોટું કન્ફ્યુઝન ઊભું કર્યું છે એ શું ટ્રમ્પે હિમાલય જે વડી મોટી ભૂલ કરી છે કે શું આ મિસ કોમ્યુનિકેશન છે?.

જો ટ્રમ્પે બાફ્યું હોય તો તે સુધારો કરી શક્યા હોત. આનું કારણ સ્પષ્ટ એ છે કે તેમણે પહેલા જાહેરાત પોસ્ટ મૂકીને કરી હતી. તેના થોડા દિવસો બાદ ટ્રમ્પે આપેલી મુલાકાતમાં આ વાત ફરી છાતી ઠોકીને દોહરાવી હતી. અમે વારંવાર લખીએ છીએ તેમ 'ટ્રમ્પની આ મેડનેસમાં મેથડ છે'. ટ્રમ્પની એ જાહેરાત કરવા પાછળ કોઈ મોટો પ્લાન લાગે છે. કદાચ એ રશિયા અને ચીનને ડરાવવા માગે છે. ટ્રમ્પે રશિયાની તેલની બે મોટી કંપની પર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો છે. આને લીધે ભારત અને ચીને રશિયા પાસેથી તેલની આયાત બંધ કરવી પડશે. આ પગલાએ રશિયન થાય છે. જો વિસ્ફોટક પરીક્ષણ થાય તો, તે પર્યાવરણીય અને આરોગ્ય જોખમો વધારશે, આને લીધે રેડિયેશન બહાર આવશે અને કૅન્સર તથા બીજી બીમારીઓ ફેલાશે. હિરોશીમા અને નાગાસાકીમાં કેવા ભયંકર પરિણામો આવ્યા એ બધા જાણે છે. આની માઠી અસર ભાવિ પેઢી પર પણ થશે.

જો ટ્રમ્પને પેન્ટાગોને બ્રીફિંગમાં આવી ખતરનાક વાતો કહી હોય અને એ આધારે ટ્રમ્પ ઘટસ્ફોટ કરતા હોય તો ભારત માટે આ સૌથી જોખમી વાત છે. બધા જાણે છે કે પાકિસ્તાને કઈ રીતે ટેક્નોલોજી ચોરી કરીને એટમ બૉમ્બ બનાવ્યો છે. તેને ચીને મદદ કરી છે એ પણ બધાને સુવિદિત છે. ચીન કોઈને મદદ કરવી હોય તો સીધી મદદ કરતું નથી. એ તેના પીઠ્ઠું ઉત્તર કોરિયાને આગળ કરે છે. ઈરાન અને પાકિસ્તાન પાસે રહેલા મિસાઈલો તેમના પોતાના નથી, પરંતુ કોરિયાના છે. જો હવે ટ્રમ્પ કહે છે એમ પાકિસ્તાન, કોરિયા અને ચીન છુપી રીતે હથિયારનું ટેસ્ટિંગ કરે છે તો ભારતના અસ્તિત્ત્વ સામે મોટો ખતરો ઊભો થાય છે. પાકિસ્તાને હાલમાં બંધારણમાં મોટો ફેરફાર કરીને એટમ બૉમ્બની કમાન્ડ સિસ્ટમનું બટન લશ્કરના વડા અસીફ મુનિરને સોંપી દીધું છે.

આ મુનિરમિયાંની વિચારસરણી જેહાદી છે એટલે ભારતે સાવચેત રહેવું પડશે. ભારતની 'નો ફર્સ્ટ યુઝ (પહેલા ઉપયોગ ન કરવાની નીતિ)' પૉલિસી છે. જ્યારે બીજી બાજુ મુનિર વારંવાર અણુ યુદ્ધ કરવાની ધમકી આપે છે. પાકિસ્તાન હાલમાં ચીન કરતાં અમેરિકાના ખોળામાં વધુ બેસેલું છે. કદાચ ભરતને ડરાવવા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને માટે મુસીબતો વધારવા ટ્રમ્પે પાકિસ્તાનનું પપલુ ફેક્યું હોય તો નવાઈ નહીં. ભારત સામે પરંપરાગત યુદ્ધમાં તો પાકિસ્તાન ટકી શકે એમ નથી. આથી તેનો બધો ભરોસો એટેમ વોર પર છે. ભારત તો અણુ વેપન ડેટરન્ટ (તારણ) તરીકે ઉપયોગ કરે છે. ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ કહે છે કે અમે પાકિસ્તાનના અટેમ ટેસ્ટિંગના અહેવાલ વાંચ્યા છે. અમે બધી રીતે તૈયાર છીએ. પાકિસ્તાન કદાચ ભારત પર પહેલો અણુ હુમલો કરી શકે, પરંતુ ત્યાર બાદ ભારતના પ્રતિકારમાં પાકિસ્તાનનો સંહાર અને વિનાશ થઈ જાય એ પાક્કું! ■

આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## ૧૭ વર્ષની કાનૂની લડાઈ બાદ અંતુલે જાહેર થયા નિર્દોષ!

કહેવા માટે કહી શકાય કે બેરિસ્ટ અબ્દુલ રહેમાન અંતુલેની રાજકીય કારકિર્દીને સિમેન્ટ કૌભાંડને લીધે ગ્રહણ લાગી ગયું. કબૂલ કે કલંકિત થયા ને મુખ્ય પ્રધાનની ગાદીય છોડવી પડી પરંતુ ભારતીય રાજકારણની નિર્લજ્જતા જુઓ કે અંતુલેની પોલિટીકલ કેરિઅર પર ફુલસ્ટોપ નહોતું મુકાયું.


સિમેન્ટ પરના સરકારી નિયંત્રણના કાયદાનો ભ્રષ્ટાચાર થકી છેદ ઉડાડવાનું પર્દાફાશ થયું અને અદાલતના ચુકાદાને પરિણામે અંતુલેએ ચીફ મિનિસ્ટરશિપ છોડવી પડી. મોટાભાગના રાજકારણીના ખેલનો આ સાથે અંત આવી જાય. આવી જ જવો જોઈએ. અંતુલેએ ગાદી છોડયા બાદ અદાલતના ચુકાદાને પડકાર્યો હતો. અંતે સુપ્રીમ કોર્ટમાંથી અંતુલેએ ક્લિનચીટ પણ મેળવી હતી.

આ રાજકીય વનવાસને કારણે તેઓ જાહેર જીવનમાં ભૂલાઈ ગયા હતા. કહો કે પ્રજાની નજરમાંથીય ઉતરી ચુકયા હતા, પરંતુ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ તેઓ ફરી સક્રિય થયા હતા. એ મોવડીઓની મીઠી નજર કે દયાભાવ વગર શક્ય બને ખરું?

૧૯૮૫માં તેઓ મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા હતા. પ્રજાની સ્મૃતિ બહુ બટકણીને તકલાદી હોય છે એનો આ એક વધુ પુરાવો. ૧૯૮૯માં તેઓ નવમી લોકસભામાં સંસદસભ્ય તરીકેય જીતીને પહોંચ્યા હતા. ૧૯૯૧માં સંસદમાં ફરીથી ચૂંટાઈ આવ્યા. આ વખતે તેમને ભાગે માત્ર સાંસદ તરીકે લોકસભાની પાટલી ગરમ કરવાનું ન આવ્યું.

૧૯૯૫ના ૧૯૯૬ના મે સુધી તેમને કેન્દ્રીય પ્રધાન તરીકેની જવાબદારી સોંપાઈ હતી. અંતુલે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ ખાતાના કેબિનેટ પ્રધાન બનાવાયા હતા. એટલું જ નહીં ૧૯૯૬ના ફેબ્રુઆરીથી મે મહિના વચ્ચે તેમને જળ સંસાધન ખાતાનો વધારાનો ચાર્જ પણ સોંપાયો હતો.

જાણે સિમેન્ટ કૌભાંડની અસર સાવ ભૂલાઈ ગઈ હોય એમ એ. આર. અંતુલે ૧૯૯૬માં ફરી લોકસભામાં ચૂંટાઈ આવ્યા હતા. ૨૦૦૪માં પણ ચૌદમી લોકસભામાં ચૂંટાઈ આવ્યા હતા. તેમ જ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહની સરકારમાં લઘુમતી બાબતોના મંત્રાલયનો અખત્યાર સોંપાયો હતો.



જોકે રાજકીય કારકિર્દી લંબાવા છતાં લગભગ ૩૦ કરોડના સિમેન્ટ કૌભાંડનો ડાઘ અંતુલેના નામ સાથે કાયમ જોડાયેલો રહ્યો. ઈંદિરા ગાંધીના આ ખાસ વિશ્વાસુએ કટોકટીમાં મેડમજીને દિલથી સાથ આપ્યો હતો. શરદ પવારની પુલોદ (પુરોગામી લોકશાહી દળ)ની સરકાર પદભ્રષ્ટ કરાયા બાદ નવી કૉંગ્રેસી સરકારની ધૂરા અંતુલેના હાથમાં સોંપાઈ હતી. તેઓ ઝડપભેર કામ કરવા માટે જાણીતા થવા લાગ્યા હતા. એવામાં સિમેન્ટ કૌભાંડની બ્રેક લાગી ગઈ. ગાદી છોડયા બાદ ૧૭-૧૭ વર્ષની લડાઈ બાદ તેઓ નિર્દોષ હોવાનું પ્રમાણપત્ર મેળવીને જ જંપ્યા પરંતુ કારદિર્કીના પાછલા તબક્કામાં અગાઉ જેવા જોમ-જોશ નહોતા.

૨૦૧૪ની બીજી ડિસેમ્બરે અવસાન પામેલા અંતુલે મહારાષ્ટ્રનો વગદાર મુસ્લિમ ચહેરો હતા અને આજ સુધીના એક માત્ર મુસલમાન મુખ્ય પ્રધાન પણ ખરા જ. કૉંગ્રેસની એ વખતના રાજકીય વ્યૂહમાં એક લઘુમતી અને શિક્ષિત ચહેરા તરીકે તેમનું આગવું સ્થાન અને મહત્ત્વ હતું.

મહારાષ્ટ્રના કૌભાંડમાં સિમેન્ટ સ્કૅમ અને અંતુલે ભાગ્યે જ ભૂલાશે. (સંપૂર્ણ)■

સ્મૃતિ વિશેષ
નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# 'ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીયે ને ગમતાનો કરીએ ગુલાલ...'

## આવતીકાલે ૧૩ નવેમ્બર કવિશ્રી 'સાંઈ' મકરન્દ દવેનો જન્મદિવસ...એ અવસરે એમની શબ્દસાધનાને વંદન

સુસમૃદ્ધ પરંપરાના એક મનીષિ વિચારક-ચિંતક અને નંદિગ્રામના દ્દષ્ટા એટલે મરમી કવિશ્રી મકરન્દ દવે (જન્મ : ૧૩-૧૧-૧૯૨૨ વિદાય : : ૩૧-૦૧-૨૦૦૫) ને ગુજરાત બહુધા એક કવિ તરીકે જ ઓળખે છે, પરંતુ વૈદિક અને પૌરાણિક સાહિત્યમાં જે સર્વ માનવ અને સદાકાળ માટે ચૈતન્યવિકાસની જે ઊજળી રેખા અંક્તિ છે એને નવેસરથી મૂલવવાનો પ્રયાસ એમણે કર્યો છે. સમગ્ર જગતમાં વ્યાપ્ત વિધવિધ ધર્મોની અધ્યાત્મસાધના પરંપરાઓ, પ્રાચીન સાધનામાર્ગો અને યોગસાધનાઓનું માર્મિક રહસ્યદર્શન અને પુરાણકથાઓના રહસ્યાત્મક પાસાંઓનું સર્વકાલીન તાત્ત્વિક અર્થઘટન એમણે કર્યું છે. એ ઉપરાંત લોકધર્મી સંતો-ભજનિકોની વાણીનાં કુળ અને મૂળ તપાસનારા; 'વિષ્ણુસહસ્રનામ', 'લલિતા સહસ્રનામ', 'ગરૂડપુરાણ', 'અશ્વમેધયજ્ઞ', 'નરસિંહની રસોપાસના'માં આંતર- પ્રવેશ કરાવનારા એવા આ એક સિદ્ધયોગી ચિંતકને સાહિત્ય ક્ષેત્રના બહુ ઓછા લોકો જાણે છે.

કવિ, ચરિત્રકાર, નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર, અનુવાદક, વિવેચક, વિચારક અને અનેકવિધ સાધનાઓના જાણકાર મકરન્દ દવેનો જન્મ ગોંડલમાં (પિતા : વજેશંકર દવે, માતા : વ્રજકુંવરબા.) પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ગોંડલમાં. રાજકોટમાં આટર્સ કોલેજમાં દાખલ થયા પછી ૧૯૪૨ની લડત માટે ઈન્ટર આટર્સથી અભ્યાસ છોડ્યો. 'કુમાર','ઊર્મિનવરચના','જયહિન્દ' વગેરે સાથે સંલગ્ન. સાહિત્યિક



પત્રકાર તરીકેની કામગીરી. કુન્દનિકા કાપડિયા સાથે જોડાઈને 'નંદિગ્રામ' નામે નવતર જીવનશૈલીનો પ્રયોગ કરતી સંસ્થાના એ સર્જક્ એમના દ્વારા ગીત, ગઝલ, દૂહા, પદ, છંદ, ભજન, લોકઢાળ, લગ્નગીતો, લોકગીતો, ચારણી છંદો, અછાંદસ, વ્રજભાષાનાં પદો, સોનેટ, દીર્ઘકાવ્યો, મુક્તકો, બાળકાવ્યો, ગીતનાટિકા, સંગીત રૂપક, નાટક, નવલકથા, નિબંધ, વિવેચન, ચિંતનાત્મક ગદ્ય, સાધનાત્મક-રહસ્યાત્મક સાહિત્ય એમ અનેકવિધ સ્વરૂપો અને પ્રકારોમાં સાહિત્યનું સર્જન થયેલું છે.

મકરન્દભાઈ કોઈ એક જ સાધનામાર્ગના પ્રવાસી નહોતા. જ્ઞાનમાર્ગના વેદાન્તી તત્વચિંતન, ભક્તિમાર્ગનો પ્રપત્તિભાવ એટલે કે સંપૂર્ણ શરણાગતિ, તંત્ર તથા યોગમાર્ગની તમામ ગૂઢ ઉપાસનાવિધિઓ અને કર્મકાંડ તથા કર્મમાર્ગ કે સેવાનાં તમામ ક્ષેત્રોમાં તેઓ મરમી-જાણકાર હતા એટલે એમની નજીક આવનારા તમામ પ્રકૃતિ, ધર્મ- સંપ્રદાય, સાધના-ઉપાસના કે મનુષ્ય જીવતરના દરેક ક્ષેત્રના મનુષ્યોને તેઓ સંપૂર્ણ માર્ગદર્શન આપી શક્તા હતા.

કોઈ પણ મહાપુરુષનાં વ્યક્તિત્વનાં અનેક પાસાં હોય છે. એમના સંપર્કમાં આવેલ દરેક વ્યક્તિને આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ એમની સાથે વિવિધ પ્રકારનો નાતો બંધાયો હોય અને પોતપોતાના જન્મજન્માંતરના સંસ્કારો અને સંબંધોને કારણે જુદો જુદો અનુભવ થાય.

પોતાના અત્યંત ગાઢ સ્નેહી મિત્ર એવા ગઝલકાર અમૃત 'ઘાયલ'ના ગઝલસંગ્રહ 'શૂળ અને શમણા'થી પ્રસ્તાવના લેખનની શરૂ થયેલી આ કલમયાત્રા છેક ૨૫ ડિસે.૨૦૦૪ સુધી એટલે કે મકરન્દભાઈની ૮૨ વર્ષની વય સુધી ભલે છૂટકછૂટક પણ અવિરતપણે ચાલતી રહી છે.

મકરન્દભાઈએ પોતાના જીવનકાળ દરમિયાન અનેક કવિ, સાહિત્યકાર, સમાજસેવક, સાધક કે જીવનનાં વિધવિધ ક્ષેત્રોમાં કાર્યરત અને સાહિત્યનું સર્જન-પ્રકાશન કરનારી વ્યક્તિઓનાં પુસ્તકો માટે આવકા અને પ્રસ્તાવના રૂપે લેખન કર્યું છે.

એ જ રીતે , કઈંક નવોદિતોની સૂપ્ત-ગુપ્ત ચેતનાઓને જગાડવાનું કાર્ય મકરન્દભાઈએ કરેલું. એમની સામે આશા અને ઉમંગ લઈને આવનારો કોઈ સર્જક ક્યારેય નિરાશ થઈને પાછો નથી વળ્યો. સાહિત્યક્ષેત્રના લગભગ તમામ સ્વરૂપ-પ્રકારોના પુસ્તકોમાં એમના દ્વારા પ્રસ્તાવના-આવકાર- વિવેચના- આશીર્વચનો અપાતાં રહ્યાં છે. વૈદિક ઋષિઓનાં સૂક્તોથી શરૂ કરીને પુરાણોના સંદર્ભો, સિદ્ધ-નાથોની વાણી, નિર્ગુણી સંતોની રહસ્યવાણી, ભક્તોની પ્રેમવાણી, બંગાળી બાઉલવાણી તથા રવીન્દ્રવાણી, ઉર્દૂ-ફારસી ગઝલ શાયરી, સૂફી વાણી અને વિદેશી - અંગ્રેજી કે અન્ય ભાષાના કવિઓની વાણી સુધી એમના દ્વારા લખાયેલ પ્રસ્તાવના-લખાણો વિસ્તરેલાં છે.

આમાંથી ચુનંદા લેખોના સંગ્રહરૂપે એક પુસ્તક :

'શબદ હમારા ખરતર ખાંડા' ટૂંક સમયમાં પ્રગટ થઈ રહ્યું છે.

આવા ગુરુવંદનાના કાર્યમાં પ્રેરક અને પ્રોત્સાહક એવાં નંદિગ્રામ ટ્રસ્ટનાં અધ્યક્ષા ડો. અમીબહેન તથા ડો. મહેશભાઈ પરીખ, મુ. વિમલભાઈ દવે સહિત નંદિગ્રામના સૌ ટ્રસ્ટીજનોને આ પુસ્તક અર્પણ કરવામાં આવ્યું છે.■

સિક્કાની ત્રીજી બાજુ
_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# પહેલાં જેવી મજા હવે નથી રહી...

## અગાઉ સામસામે મળતા લોકો પૂછતા, કેમ છો? તો ઉત્તર મળતો, મજામાં. હવે કહે છે, ક્યાં મજા છે? ધંધો મંદો ચાલે છે. દરેકને પોતાની પરિસ્થિતિ દુઃખદાયક લાગે છે અને બીજાની વધુ સુખદાયક. લાગે છે...આવું કેમ?

આજથી બે એક દાયકા પહેલાં લોકો એકબીજાને લગ્ન પ્રસંગે, મરણ પ્રસંગે મળતા કે એકબીજાના ઘરે બેસવા જતા ત્યારે પહેલો પ્રશ્ન પૂછતા, કેમ છો?

આજે એ જ પ્રશ્નના ઉત્તર-ઉત્તરમાં અંતર આવી ગયું છે. પહેલાં ઉત્તર મળતો, મજામાં.

આજે કહે છે, ક્યાં મજા છે? આ વખતે વરસાદ કેવો પડ્યો! જો ઉનાળાની ઋતુ હશે તો કહેશે, ગરમી બહુ પડે છે. શિયાળાની ઋતુ હશે તો કહેશે, શિયાળા જેવું જ નથી લાગતું.

દરેક ઋતુમાં એમને ફરિયાદ હોય છે. આવા લોકો એ વિચારતા નથી કે ચોમાસામાં જે વરસાદથી કંટાળી જાય છે તે જ વરસાદની એ જ લોકો ઉનાળામાં કાગડોળે રાહ જોતા હોય છે. ઉનાળામાં જે ગરમીથી કંટાળી જાય છે તે ગરમી ન પડે તો વરસાદ કેવી રીતે આવે?

પહેલાં આપણને નકારાત્મકતા વિચારવાનો સમય જ નહોતો મળતો. દિનચર્યા જ એવી હતી. નકારાત્મકતા વધારવામાં મુખ્યત્વે ત્રણ પરિબળ આજે મોટો ભાગ ભજવે છે, જેમકે મીડિયા, સોશ્યલ મીડિયા અને મનોરંજન જગત- ખાસ કરીને ટીવી અને ઑટીટી. મીડિયામાં અગાઉ પણ કૂતરું માણસને કરડે તે સમાચાર નહોતા બનતા, માણસ કૂતરાને કરડે તે સમાચાર બનતા હતા, પરંતુ પહેલાં પ્રિન્ટ મીડિયા જ હતું અને તેનાં પણ આઠેક પાનાં જ વધુમાં વધુ હતાં. (અહીં બધાં પ્રિન્ટ મીડિયાની વાત નથી. સરેરાશ વાત છે.) આજે પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક,



માછલી પકડતા રાહુલ ગાંધી

ડિજિટલ તેમ જ સોશ્યલ મીડિયાનો રાફડો ફાટ્યો છે. વિચાર કરો, નકારાત્મકતાનું પ્રમાણ કેટલા ગણું વધી ગયું?

ઉદાહરણ તરીકે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ લપસીને પડી જાય એ વારંવાર દર્શાવવાના સમાચાર બને છે... રાહુલ ગાંધી તળાવમાં માછલી પકડવા પડે તે સમાચાર બને છે.. શિક્ષણ પ્રધાન પ્રદ્યુમ્ન વાજા ફંગલ ઇન્ફેક્શનના કારણે વોટરપ્રૂફ બૂટ પહેરે તો પણ જાણ્યા કર્યા વગર નેગેટિવ સમાચાર બને છે. જે પોતે વન વિસ્તારમાંથી આવે છે તેવા નવા આદિ જાતિ પ્રધાન નરેશ પટેલે ખેડૂતોને પાકની નુકસાનીનો અંદાજ લગાવવા તાપી જિલ્લામાં ગયા હતા ત્યારે ખેડૂત સાથે સહાનુભૂતિ દર્શાવતા કહ્યું કે પાકમાંથી વાસ આવે છે. નુકસાન થયું છે, પરંતુ નકારાત્મક વલણ જ ધરાવતા ન્યૂઝ ટ્રેડરોએ તેને ઊંધા અર્થમાં દર્શાવ્યું અને કહ્યું કે ખેડૂતોની મજાક ઉડાવી.

વાતાવરણના પ્રભાવના કારણે ઘણા લોકોને બધું નકારાત્મક જ લાગે છે. કોઈ તમારી સામે જુએ તો પણ એમ લાગે કે જો મારી સામે 'કતરાઈને જોયું'. ન જુએ તો એમ થાય કે 'મારી અવગણના કરી'!

ચાર મિત્ર વાત કરી રહ્યા હતા. તેમની વાતચીત પરથી લાગતું હતું કે અત્યંત ગાઢ મિત્રો છે, પરંતુ એક મિત્ર ગયો એટલે ત્રણ મિત્રમાંથી એક મિત્રએ તેના વિશે નકારાત્મક વાત કરવાની શરૂ કરી. 'આમ તો પંકજ સારો, પણ લાસડિયો (કામમાં ધાંધિયા કરનાર) બહુ.' એટલે બીજાએ સુર પૂરાવ્યો, હા, મેં પણ તેને એક કામ ચીંધ્યું હતું, તે તેણે સમયસર કર્યું નહીં. ત્રીજો બોલ્યો, મને પણ એવો જ અનુભવ હતો. દર વખતે પંકજ આ ત્રણેય મિત્રોનાં કામ કરી આપતો, પણ આ વખતે તેનાં મમ્મી બીમાર હોવાથી તે સમયસર ન કરી શક્યો અને બીજા ત્રણ મિત્રોએ કંઈ જાણ્યા વગર જ પોતાના મિત્ર પર કામમાં થાંથો હોવાનો આક્ષેપ કરી દીધો.

અગાઉ એમ મનાતું હતું કે ચાર ચોટલા મળે એટલે પંચાત શરૂ થાય. હવે એવું રહ્યું નથી. પુરુષો પણ પંચાત કરે છે. આ પંચાતમાં અદાણી-અંબાણીથી માંડીને સૂર્યકુમાર યાદવ, જેમિમા રોડ્રિક્સ અને વડા પ્રધાન મોદી પણ આવી જાય. પહેલાં પાનના ગલ્લે કેટલાક લોકો આવી ફાલતુ ચર્ચા કરતા, હવે તો લગ્ન પ્રસંગે પણ થાય અને બેસણામાંથી બહાર નીકળીને પણ થાય. દરેક વ્યક્તિને લાગે છે કે પોતે જ ઍક્સ્પર્ટ છે. અને પોતાનો જ મત સાચો.

ગોસિપિંગ તો ઠીક, પરંતુ નકારાત્મકતાના કારણે જ આજે લાઇફ કોચિંગ, મોટિવેશનલ સ્પીકર વગેરેની હાટડીઓ ધમધમે છે. ઈશ્વરનો આભાર માનવો જોઈએ કે, આપણી પાસે બે હાથ, બે પગ, વિચારવા માટે મગજ, સ્વાદ લઈને ખાવા માટે દાંત, જીભ, લાળ ગ્રંથિ, પચાવવા માટે હોજરી, સાંભળવા માટે કાન છે, છતાં દરેકને અસંતોષ છે. સોશ્યલ મીડિયા અને ષડયંત્રોવાળાં સાસ-વહુનાં ધારાવાહિકો આ અસંતોષને જન્માવે છે અને ભડકાવે છે. 'ઉસ કી સાડી મેરી સાડી સે સફેદ કૈસે...' એ પહેલાં સ્ત્રીનો સ્વભાવ હતો પણ હવે પુરુષનેય થાય છે કે 'પેલાએ ફલાણી ગાડી લીધી, મારી પાસે એવી ગાડી ક્યારે આવશે?'

સારું વેતન અને રજા વગેરેના સારા લાભ છતાં સરકારી કર્મચારી પ્રસન્ન નથી અને સરકારી કર્મચારી કરતાં સારો પગાર, ગ્રોથ મેળવતો ખાનગી કર્મચારી વિચારે છે કે મારી કરતાં તો સરકારી કર્મચારી પ્રસન્ન છે. વેપારીને લાગે છે કે નોકરિયાત ખુશ છે, જ્યારે જોઈએ ત્યારે રજા મૂકી ફરવા જઈ શકે છે અને નોકરિયાતને લાગે છે કે વેપારીને સારું, કોઈ બોસ તો નહીં.

મોટા ભાગના લોકો 'આનંદ' ફિલ્મના ચંદ્રલાલ (આસિત સેન) જેવા હોય છે. તેમને કોઈ બીમારી ન હોય તોય દવા જોઈએ. અને અમુક આનંદ (રાજેશ ખન્ના) જેવા હોય છે જે ગંભીર બીમારીમાં પણ જીવન ખરેખર 'જીવી જાય'.

આજે આવા આનંદની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. ■

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# 'સરકારી ઓફિસર' ઉર્ફ સરકારી બાબુ ઉર્ફે સરકારી દામાદ



સરકારી ઓફિસર સાથે નૌકાવિહાર કરવા કરતાં મરવું સારું કારણ કે જો નૌકામાં કાણું પડે તો એ ઓફિસર તમારી પાસે ખુલાસો માંગશે! જો હોડી હાલક-ડોલક થતી હશે તો એ તમને લાલ આંખે ઠપકો આપશે ને જ્યારે હોડી ધીમેધીમે સ્થિર વહેતી હશે ત્યારે તમારો આભાર નહીં માને પણ એ માટે ખુદને 'બાહોશ બાબુ' કે 'અદ્‌ભુત અધિકારી' ગણાવશે, જેના સુંદર વહીવટમાં હોડી તરી રહી છે!

ચાંદની રાત, હવાની ઠંડી લહેરખીઓ, જેમાં રોમાંસ ખીલે ને કવિતા સૂઝે પણ સાથે એક સરકારી ઓફિસર હોડીમાં હોય તો આવા મદમસ્ત વાતાવરણમાંયે ત્રસ્ત બાબુ કોઇ ફાઇલ વિશે લપ શરૂ કરશે કે 'યાર, કોઇ ઉપરી ઓફિસર પાસે ફાઇલ ગઇ છે, જેમાં મેં કોઇ નોંધ ટપકાવી છે ને જે હવે કેબિનેટ સામે રજૂ થવાની છે શું થશે?'...ચાંદની રાતે એને એની ચિંતા છે... બોલો!

ત્યારે થાય છે હોડીમાંથી કૂદી પડીએ, કારણ કે દુનિયાની જંજાળમાંથી છુટવા તમે હોડીમાં બેઠેલા, પણ ભૂલ તમારી કે કોઇ નહીં ને બોરિંગ સરકારી ઓફિસર સાથે હોડીમાં બેઠા જ કેમ? કારણ કે સરકારી ઓફિસર, હોડીમાં, હોજમાં, જાજરુમાં...બધે જ એ 24x7 ઓફિસમાં જેટલો ઓફિસર હોય એટલો જ હોડીયેમાં હોય! એ બાળોતિયામાંથી બોરિંગ જ હોય ને સૌથી મોટી બોરિંગ વાત એ કે ઓફિસરને એની ખબર જ ન હોય કે પોતે બોરિંગ છે!

તમને થશે કે ઓફિસર જમાઇ કે બાબુ આખરે કઈ માટીનો બનેલો છે?

વેલ, માટી તો દેશી છે, ફક્ત ઢાંચો વિદેશી છે, જેમાં ઓફિસર ઢળીને તૈયાર થાય છે કે પછી પૈદાઇશી સરકારી બાબુ બનવા જ સર્જાયો હોય ને? અરે, રિટાયર્ડ થયા પછીયે સ્વભાવ સરકારી દામાદ જેવો જ રહે, જે પછીથી ઘરનાં લોકોને નડે. નિવૃત્ત ઓફિસરને પત્ની પણ 'વણઉકેલાયેલી અધૂરી ફાઇલ' જેવી અટપટી લાગે ને દીકરો વહુ 'કોમ્પલિકેટેડ કેસ' લાગે છે છતાંયે પાછો એને ના તો સસ્પેન્ડ કરી શકાય છે કે ના તો એનું પ્રમોશન રોકી શકાય!

સરકારી ઓફિસરો પોતાની ઓફિસ બરોબર ચલાવી શકતા નથી એ ઘરને સરકારી ઓફિસની જેમ ચલાવવા જાય. જ્યાં સુધી ૩૪ શાકવાળાઓ પાસેથી મૌખિક ટેંડર ના લે, ત્યાં સુધી પા-કિલો શાક પણ ખરીદે નહીં! જ્યાં સુધી વાઇફને લેખિતમાં મંજૂરી ન આપે ત્યાં સુધી બેડરૂમમાં ચુંબન પણ ના આપે!

વર્ષો વીતે રાખે, ઓફિસરો આવે ને જાય છે. ઓફિસગીરી એક આત્મા છે ને એ આત્મા અમર છે. એક ઝાડમાંથી ટેબલ ને ખુરશીઓ બને. એમાંથી જ કાગળના કારખાનામાં સરકારી ફાઇલો બનતી રહે. થાય છે કે જ્યારે ભોજપત્ર પર લખાણ થતું હતું ત્યારે ફાઇલો કેવી હશે? જો કે હવે કાગળની કે ઓફિસરોની કોઈ અછત નથી, પણ જેમજેમ કાગળો વધશે તેમતેમ નવાનવા વિભાગો બનશે ને નવાનવા ઓફિસરો ખુરશી પર એવા જડાઈ જશે જાણે કૂંડામાંના છોડ! જે લહેરાતો રહે, ખીલતો રહે પણ એના મૂળિયાં જલ્દીથી હલી કે ઊખડી નહીં શકે. દેશનો વિકાસ થાય કે ન થાય, ઓફિસરોનો વિકાસ સતત થશે જ.

સરકારી ઓફિસરની ટ્રાન્સફરનું દ્રશ્ય બહુ મનોરંજક હોય છે. એક તરફ, આપણે દુઃખી છીએ કે 'હાશ વર્મા સાહેબ આપણને છોડીને જઈ રહ્યા છે' ને બીજી તરફ, આપણે ખુશ છીએ કે 'હાશ, શર્મા સાહેબ આપણી સાથે જોડાઈ રહ્યા છે!' વિદાય ભાષણ આપનાર કન્ફયુઝ્ડ હોય કે નવા ઓફિસરને મસ્કો લગાવું? કે વિદાય લેનાર માટે અફસોસનું વર્ણન કરું? ને બેઉને મિક્સ કરવાના એ માઇક પર ફાંફાં મારે.

નવો ઓફિસર એટલે અહીંયાંનું ટેબલ ત્યાં ને ત્યાંનું ટેબલ અહીયાં. બસ નવા ઓફિસરને લીધે ડેકોરેશનમાંથી જૂના ઓફિસરના પ્યારા 'કેક્ટસ' જાય ભાડમાં! શરૂશરૂમાં 'સમય પાલન' મસ્ટ! ૧૦.૩૦ એટલે ૧૦.૩૦. નવો સરકારી બાબુ આવે એટલે તૂટેલી કાર તરત રિપેર. ૧૨ મહિના બધું બરાબર ચાલે પછી હતું એમનું એમ. પછી સિનિયર ને જુનિયર સરકારી બાબુ વચ્ચે ખીચડી રંધાઇ જાય એટલે સુધરેલા તંત્રની ગાડી પાછી બગડવા માંડે.

જોકે કોઇ સરકારી ઓફિસર સાથે દોસ્તી ક્યારેય ન થાય. મિત્રની જેમ તમે ઓફિસર સાથે ચાલી શકો નહીં, પણ ધરાર એની પાછળ ચાલવું પડે. કહેવત છે કે ઓફિસરની સામે ને ઘોડાની પાછળ ચાલવું નહીં. ગમે ત્યારે લાત પડે! જૂના જમાનામાં ઓફિસરો ઘોડે ચઢી રાઉંડ પર નીકળતાં ત્યારે બિચારી પ્રજા બેઉની લાત ખાતી હશેને?

નેતાઓ આખા દેશને એકસાથે ઠપકો આપે ને ઓફિસરો દરેકને વ્યક્તિગત રીતે બોલાવીને ઠપકો આપે. આપણે ઠપકો ખાવા જન્મેલ પ્રજા છીએં, ઠપકો આપનારાઓની નીચે દબાઈને જીવીએ છીએ. આપણે તો ફાઇલ છીએં ને રિબનથી એટલે કે સરકારી ઓફિસરોથી બંધાયેલા છીએં. પોલીસ ને સરકારી બાબુ હંમેશાં સતત બધે ડ્યૂટી પર જ હોય. ઓફિસર જો આ તરફ જતો હોય તો તો તમે બીજી બાજુ વળી જાઓ, એમાં જ તમારી ભલાઈ છે.


શું સમજ્યા?


સાબુ ને બાબુમાં ગમે ત્યારે લપસી શકો! ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સિદ્ધાર્થની નદી : પ્રકૃતિની સુંદરતા ને જીવનનાં વહેણનું પ્રતીક

પ્રકૃતિની સુંદરતા માનવીને શાંતિ-પ્રેરણા અને આત્મશોધ માટેનું એકમાત્ર શરણ છે. સવારના પ્રથમ કિરણમાં ફૂલોની પાંખડીઓ પર પડતા ઝાકળના બિંદુઓથી લઈને સાંજના લાલ આકાશમાં વસતા તારાઓ સુધી પ્રકૃતિનું દરેક તત્ત્વ જીવનનાં રહસ્યોને ઉજાગર કરે છે. પ્રકૃતિ માત્ર આંખોને આનંદ આપતી નથી, પરંતુ આત્માને પણ પોષણ આપે છે. પ્રકૃતિની સુંદરતા માનવીને પ્રેરણા આપે છે કે પોતાના જીવનને પ્રકૃતિ જેવું અનંત, વહેતું અને પ્રેમમય બનાવે.




પ્રકૃતિની સુંદરતાના પ્રતીક પહાડો અને સમુદ્ર જેવા પ્રકૃતિનાં મહાન ઘટકોમાંથી જ્યારે આપણે નદી તરફ વળીએ તો તેની સુંદરતા અનેકગણી વધી જાય છે. નદી, જે પહાડોમાંથી ઉદ્‌ગમ પામે છે અને સમુદ્રમાં વિલીન થાય છે, પ્રકૃતિના આ બે મહાન તત્ત્વોને માનવજીવન સાથે જોડે છે. પહાડોમાંથી વહેતી નદીની ઝરણાવાળી તાજગી અને સમુદ્ર તરફ જતી તેની શાંતિ જીવનના વિવિધ તબક્કાઓને પ્રતીક કરે છે. વિશ્વભરમાં નદીઓના સુંદર પ્રવાહો પર અનેક કથાઓ અને સિનેમાઓ બની છે.

નિકોલસ સ્પાર્કની નવલકથા આધારિત ક્લાસિક સિનેમા 'ધ નોટબૂક'માં નોહ અને એલી નામના યુવાન પ્રેમીઓ છે. એ બન્ને નદીના કિનારે નૌકામાં બેસીને પક્ષીઓ જુએ છે, વરસાદમાં નાચે છે. વર્ષો પછી, એલીને ડિમેન્શિયા થાય છે અને નોહ તેને નદીની વાર્તા વાંચીને યાદ અપાવે છે. નદીનું શાંત પાણી, હંસોનું ઝુંડ, સૂર્યાસ્તના દર્શન પ્રેમ, મધુર યાદો અને શાંતિના અદ્‌ભુત સ્વરૂપ દર્શાવ્યા છે. નદીના કિનારે જ નોહે એલી માટે ઘર બનાવ્યું છે જે તેમના શાશ્વત પ્રેમનું ઘર છે.

ભારતીય અધ્યાત્મ અને પ્રકૃતિને ધ્યાનમાં રાખીને હર્મન હેઝ નામના લેખકે 'સિદ્ધાર્થ' નામની કથા લખી હતી, આ કથા પરથી શશી કપૂર અને સિમ્મી ગ્રેવાલ અભિનીત સિદ્ધાર્થ ફિલ્મ પણ બની હતી. સિદ્ધાર્થમાં વિશ્વનું અનુપમ સૌંદર્ય, અધ્યાત્મ અને માનવજીવનનાં રહસ્યોને નદીના માધ્યમથી લખવામાં આવ્યા છે. સિદ્ધાર્થ એક બ્રાહ્મણનો પુત્ર છે જે ગૌતમ બુદ્ધના યુગના પ્રાચીન ભારતમાં રહે છે. સિદ્ધાર્થને જીવનના રહસ્યો જાણવા છે અને વર્તમાન જીવનમાં અંદરથી અસંતોષ છે.

સિદ્ધાર્થ તેના મિત્ર ગોવિંદ સાથે ઘર છોડે છે અને બૌદ્ધ શ્રમણો સાથે જોડાઈ જાય છે. આ યાત્રામાં ભૂખ, તપ અને ધ્યાનથી આત્માને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ સિદ્ધાર્થને લાગે છે કે આ માર્ગમાં કોઈ કચાશ છે. આ માર્ગ તે તેમને જ્ઞાન આપી શકે છે પરંતુ શાંતિ નહીં. સિદ્ધાર્થ માને છે કે ભગવાન બુદ્ધના ઉપદેશો સુંદર છે પરંતુ જ્ઞાન કોઈ પાસેથી મેળવી શકાતું નથી પણ તે પોતે અનુભવેલા અનુભવથી મળે છે. તે અલગ થાય છે અને એક નદી પાર કરીને શહેરમાં પહોંચે છે. અહીં તે કમલા નામની સુંદર વેશ્યાને મળે છે, જે તેને પ્રેમ અને કામુકતા શીખવે છે, પરંતુ તે માટે તેને ધન જોઈએ, તેથી તે વેપારી પાસે કામ કરે છે અને ધનવાન બને છે. તે જુગાર, દારૂ અને ભોગમાં ડૂબી જાય છે, પરંતુ અંતે તેને જીવનમાં રહેલું ખાલીપણું દેખાવા લાગે છે. તે નદીકિનારા પર આવે છે અને કોઈક અનુભૂતિ થાય છે. સિદ્ધાર્થ એક નાવચાલક વસુદેવ સાથે રહે છે અને નદી પાસેથી જીવનના બોધ પ્રાપ્ત કરે છે. પ્રેમિકા કમલા તેને તેમના પુત્રને સોંપે છે, પરંતુ પુત્ર ભાગી જાય છે. અંતે, વૃદ્ધ થયેલા સિદ્ધાર્થને ગોવિંદ મળે છે અને તેને જ્ઞાનનો અનુભવ કરાવે છે.

કથાના અંતમાં ગોવિંદ નદીમાં નાવ ચલાવતા સિદ્ધાર્થને મળે છે અને જ્ઞાનની શોધમાં ભટકી રહેલા મિત્રને પોતાના નદીકિનારાના અનુભવમાંથી સિદ્ધાર્થ જીવનના વાસ્તવિક બોધ શીખવે છે. સિદ્ધાર્થ માને છે કે નદી જીવનની જેમ ક્યારેય સ્થિર હોતી નથી. આમ છતાં નદીના ઉદગમ, મધ્ય ભાગ અને સમુદ્રમાં ભળી જાય છે એ એક જ તત્ત્વમાં સમાયેલું જીવન છે. જીવનના બધા તબક્કાઓમાં સમય એક સરખો જ હોય છે. સિદ્ધાર્થ નદીકિનારાની પ્રકૃતિ વિષે કહે છે કે નદીમાં જીવનના તમામ વિરોધાભાસી તત્ત્વો એક થાય છે. નદીમાં હાસ્ય અને રુદન, આનંદ અને દુઃખના અવાજો વિલીન થઇ થાય છે. સિદ્ધાર્થ સમજાવે છે કે જીવનમાં સુખ-દુઃખ હોય કે પાપ-પુણ્ય એક જ છે. પ્રકૃતિમાં તમામ વિરોધાભાસ એકબીજા સાથે પરસ્પર જોડાયેલા છે. સરવાળે નદી બોલતી નથી, પરંતુ અવાજથી શીખવે છે.

સિદ્ધાર્થને લાગે છે કે જ્ઞાન બહારથી નહીં, અંદરથી આવે છે. સોશ્યલ મીડિયા અને ભવિષ્યમાં એઆઈ માણસને જ્ઞાન આપી શકશે પણ જીવનને સમજવા અનુભવ જાતે લેવો પડે. મોટિવેશન સ્પીચ ઉત્સાહ આપી શકે પરંતુ સંસારની નદીમાં તો જાતે જ ઊતરવું પડે. સરવાળે સ્ક્રીન પર વાંચવા કરતાં જીવનને અનુભવવું વધારે મહત્ત્વનું છે. સિદ્ધાર્થ સમજાવે છે કે નદીની જેમ વહેતા રહેવું એટલે કે માણસે ભ્રમણાઓમાંથી બહાર નીકળીને વર્તમાનમાં જીવતા શીખવું જોઈએ. સિદ્ધાર્થને નદીકિનારાનું સત્ય સમજાવે છે કે ધીરજથી નદીને સાંભળવાની કળા શીખવી જોઈએ. તે માને છે કે ધ્યેય પર અધિકાર જમાવવાથી નહીં પરંતુ તેમાંથી મુક્ત થઈને જ જ્ઞાન મળે છે.

સિદ્ધાર્થ અદ્‌ભુત વાત કરે છે કે દરેક સત્યને તેનો વિરોધી સત્ય પણ હોય છે. આપણે જે જજમેન્ટલ થવાની વૃત્તિ ધરાવીએ છીએ એ તરફ સિદ્ધાર્થ ચેતવણી આપતા સમજાવે છે કે પાસે પડેલો પથ્થર હજારો વર્ષથી એક જ સ્વરૂપમાં છે, અચાનક તેનો ઉપયોગ બદલાયો અને તેનો ભૂકો કરીને ખેતરમાં નાખવામાં આવ્યો. એ અનાજનું ઘટક બની શકે છે. સરવાળે આ જગતમાં સત્ય પણ કાયમી નથી. બધું એકબીજા સાથે પરસ્પર જોડાયેલું છે અને અનંત ચક્રમાં વહે છે. એકતા, વિરોધાભાસ અને ચક્રાકાર અસ્તિત્વના પુરાવાના વિષયો છે. સંસાર અને નિર્વાણ, પાપ અને મુક્તિ, દુઃખ અને આનંદ એક જ છે. વિશ્વમાં કોઈ પણ વસ્તુ પૂરેપૂરી પાપી કે પૂરેપૂરી પવિત્ર નથી, આ સમયની માયા છે જે આવા માનવજીવનમાં ભેદ પેદા કરે છે.

સિદ્ધાર્થના લેખક હર્મન હેઝને સાહિત્ય માટે નોબેલ પુરસ્કાર પણ મળ્યો હતો. મિશનરી જીવનમાંથી પૂર્વીય ફિલસૂફી જેવી કે બુદ્ધિઝમ, હિંદુઇઝમ અને તાઓઇઝમ તરફ વળ્યા. ૧૯૧૯માં પ્રથમ વિશ્વયુદ્ધ પછી તેઓને જીવનની અર્થહીનતા લાગતા અને આ પુસ્તક તેમની આંતરિક શાંતિની શોધ છે. સિદ્ધાર્થ નવલકથા તેમના અનુભવોનું પરિણામ છે. આ પુસ્તક ૧૯૨૨માં લખવામાં આવ્યું હતું પણ સિત્તેરના દાયકામાં અમેરિકામાં હિપ્પી કલ્ચર પ્રચલિત થતાં આ પુસ્તકની લોકપ્રિયતા ચરમસીમા પર પહોંચી હતી.

***ધ એન્ડ : તું મરવા માટે વારંવાર તૈયાર થઇ જાય છે. હે કાયર, જીવવા માટે તૈયાર થતો નથી.*** *(હર્મન હેઝ)* ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પેટ કરાવે વેઠ



પેટનો ખાડો પૂરવા માણસ કોઈ પણ હદે જઈ શકે છે એવા અસંખ્ય ઉદાહરણ જાણ્યા હશે- સાંભળ્યા હશે. બે ટંકના રોટલા ભેગા થવા માણસ કોઈ પણ કામ કરવા તૈયાર થઈ જતો હોય છે. ૩૮ વર્ષની જાપાનીઝ વ્યક્તિ ‘પેટ કરાવે વેઠ’નું એકવીસમી સદીનું અનન્ય ઉદાહરણ છે. ટાકુયા હિગાશિમોટો નામના શખ્સ બેકાર હતા. નોકરી નહોતી એટલે આવક પણ નહોતી. નિષ્ક્રિય મન શેતાનનું ઘર હોય છે એ કહેવત અનુસાર શ્રીમાનનું મગજ એવી અવળું દોડ્યું કે બે વર્ષ સુધી પેટપૂજાનો પ્રબંધ થઈ ગયો. આજકાલ ઓનલાઇન ફૂડ ડિલિવરી માટે ઍપના ઉપયોગનું ચલણ ખાસ્સું વધી ગયું છે. આ વ્યક્તિએ ભોજનનો ઓર્ડર આપતી વખતે કોન્ટેક્ટલેસ ડિલિવરીનો વિકલ્પ પસંદ કર્યો. આ પ્રકારની ડિલિવરીમાં માલ વ્યક્તિને હાથોહાથ નથી આપવામાં આવતો, પણ કોઈ નક્કી કરેલી જગ્યાએ વસ્તુ મોકલી દેવામાં આવે છે અને પછી ઓર્ડર આપનારી વ્યક્તિને એસએમએસ કે ઍપ અથવા ઈ મેઈલથી જાણ કરવામાં આવે છે. ટાકુયા ભાઈએ જુદા જુદા ૧૨૪ નકલી એકાઉન્ટ ખોલ્યા હતા અને દરેક વખતે ફૂડ પૅકેટ મળ્યા હોવા છતાં ડિલિવરી મળી જ નથી એવો દાવો કરી પેટપૂજા કરી લેતો હતો અને રિફંડ પોલિસીનો ગેરલાભ લઈ ચૂકવેલા પૈસા પાછા મેળવતો હતો. ‘આમ કે આમ ગુટલિયોંકે ભી દામ’ કહેવતનું કેવું અવળું ઉદાહરણ.

## ૧૧૦૦ સ્ક્વેર ફૂટમાં ૧૧૧૦૦૦ કરોળિયાની કોલોની



અજબ દુનિયાની ગજબ ઘટનામાં કરોળિયાની કમાલની કહાણી જાણી હેરત પામી જશો. બે યુરોપિયન દેશ ગ્રીસ અને અલ્બેનિયાની સરહદ પર પ્રાણી જીવ પર સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિકોને દલ્લો હાથ લાગ્યો છે. કરતા જાળ કરોળિયોની એકવીસમી સદીની કથામાં બે પ્રજાતિના સ્પાઈડરના વિશિષ્ટ સહજીવનની આશ્ચર્યચકિત કરી દેતી સ્ટોરી જાણવા મળી છે. સાયન્ટિફિક જર્નલના અહેવાલ અનુસાર ગંધકની ગુફા (સલ્ફર કેવ)માં ૧૧૦૦ ચોરસ ફૂટમાં અંદાજે એક લાખ અગિયાર હજાર કરોળિયા રહેતા હોવાની જાણકારી આપવામાં આવી છે. આંકડા કરતાં વધુ અદ્ભુત વાત તો એ છે કે આ બંને પ્રજાતિને એકબીજા સાથે બાપે માર્યા વેર છે. એ શિકારી છે અને બીજી જાતિ ખુદ શિકાર છે. સિંહ ને હરણ એક ઘરમાં સાથે રહે એ કલ્પના પણ ન કરી શકાય, પણ યુરોપમાં અસંભવ સંભવ બન્યું છે. કુદરતની આ કમાલનું કારણ જાણવાના પ્રયાસમાં એવું તારણ નીકળ્યું છે કે ગુફામાં પ્રકાશના અભાવના કારણે શિકારી કરોળિયાનું ધ્યાન શિકાર કરવાના કરોળિયા પર નથી પડ્યું અને નોળિયો - સાપ સહવાસ શક્ય બન્યો છે. વૈજ્ઞાનિકો અને નિસર્ગ પ્રેમીઓ માટે ઘી- કેળાં સાબિત થયેલું આ સંશોધન હોરર ફિલ્મ માટે નિમિત્ત બનશે એવી ગણતરી મુકાઈ રહી છે.

## લગ્નના સૂટને જ હોર્ડિંગ બનાવી ખર્ચ કાઢી લીધો




‘સૌથી ઠંડાગાર પ્રદેશમાં વસતા એસ્કિમોને રેફ્રિજરેટર વેચી આવે એ કમાલનો સેલ્સમેન કહેવાય’ એવી વ્યાખ્યા અગાઉ પ્રચલિત હતી.

ડેગોબેક રેનોફ નામના ફ્રેન્ચ સેલ્સમેનએ જાતને જ પ્રોડક્ટ બનાવી ધામધૂમથી મેરેજ કરવાની વાગ્દત્તાની મનોકામના પૂરી કરી. વાત એમ હતી કે ભાઈ સાહેબ આર્થિક રીતે ભાંગી પડ્યા હતા પણ મેરેજના ખર્ચને પહોંચી વળવા સોશ્યલ મીડિયા પર તેણે જાહેર કરી દીધું કે રંગેચંગે લગ્ન સંપન્ન કરવા પોતે જ ‘હ્યુમન બિલબોર્ડ’ યાને કે માનવ હોર્ડિંગ બની જશે. જો કોઈ કંપની પોતાની પ્રોડક્ટ કે સર્વિસનું પ્રમોશન કરવા માગતી હોય તો લગ્ન માટે ખાસ સીવડાવેલા નવાનક્કોર સૂટ પર નિશ્ચિત જગ્યા પર પૈસા ચૂકવી એડવર્ટાઈઝમેન્ટ મૂકી શકશે. આ પોસ્ટ વાયરલ થઈ અને એના મેરેજ સૂટ પર વિવિધ વિજ્ઞાપન લાગ્યા જેના માટે વરરાજાને દસ હજાર ડૉલર (આશરે ૮ લાખ ૮૦ હજાર રૂપિયા) મળ્યા.

લગ્નના દિવસે રેનોફના સૂટ પર ૨૬ જેટલાં સ્ટાર્ટઅપની જાહેરાત દેખાઈ રહી હતી, જેની હાજરીને કારણે સપનું સાકાર થઈ શક્યું હતું. જોકે, વિવિધ બ્રાન્ડના નામ સાથે તાત્કાલિક સૂટ સીવડાવવા માટે ભાઈસાહેબે ૫૨૦૦ ડૉલર ચૂકવવા પડ્યા હતા અને ૨૫૦૦ ડૉલરનો ટેક્સ ભરવો પડ્યો હતો. વાત અહીં પૂરી નથી થતી. લગ્ન ખર્ચ માટે એડવર્ટાઈઝમેન્ટ મેળવવાના સેલ્સમેનના સફળ આઈડિયાથી પ્રભાવિત થઈ ન્યૂયોર્કની એક સ્ટાર્ટઅપ કંપનીએ એને સારા પગારની નોકરીએ રાખી લીધો. આને કહેવાય એક આઈડિયા જો બદલ દે દુનિયા.

## છૂટાછેડાના કેસમાં બિલાડીની બોલબાલા



જીવનમાં માણસ માણસ માટે અભાવ વધી રહ્યો છે અને મનુષ્યને પાળેલા પ્રાણી માટે પ્રભાવ કેવો અને કેટલી હદે વધી કઈ દિશામાં આગળ વધી રહ્યો છે એ સમજવા એશિયા અને યુરોપ એમ બે દેશમાં વસેલા ટર્કી અથવા તુર્કી એનો આ કિસ્સો જરૂર જાણવો જોઈએ.

દેશના સૌથી મોટા શહેર ઈસ્તંબુલના યુગલના વૈવાહિક જીવનમાં મોટી તિરાડ પડી અને છેડાછેડી બાંધીને એક થયેલા બે હૈયા વિખૂટા પડી છૂટાછેડા લેવા સુધી વાત પહોંચી ગઈ. મતભેદ અને એને પગલે મનભેદ હોવાથી સંસાર ટકાવી રાખવામાં કોઈ સાર નથી એનો એહસાસ થતા બંને પક્ષે અપક્ષ થવાનો નિર્ણય લેવામાં આવ્યો. અહીં સુધી તો સમજ્યા, પણ અચરજ પમાડનારી વાત હવે આવે છે. ડિવોર્સની કંડિશન્સમાં એકબીજા પાસેથી આર્થિક જરૂરિયાત કે ભરણપોષણની માગણીનો આગ્રહ નહોતો રાખવામાં આવ્યો. બલ્કે એક એવી શરત મૂકવામાં આવી જે જાણી અનેક લોકોની આંખો આશ્ચર્યથી ફાટી ગઈ. છૂટાછેડાના કાગળિયામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે સહજીવન દરમિયાન પાળેલી બંને બિલાડીનો કબજો પત્નીને સોંપી દેવો અને ૧૦ વર્ષ સુધી બિલાડીઓના ભરણપોષણ માટે એક્સ હસબન્ડે દર ત્રણ મહિને ૧૦ હજાર લિરા (આશરે ૨૧ હજાર રૂપિયા) ભૂતપૂર્વ પત્નીને ચૂકવી દેવાના. દર વર્ષે ફુગાવાના દરને હિસાબે આ રકમમાં વધારો કરવામાં આવશે એવો ખુલાસો પણ કરવામાં આવ્યો છે. આ અભૂતપૂર્વ કરાર ભવિષ્યમાં ડિવોર્સના પગલે પાળેલાં પ્રાણીઓ સંદર્ભે એક અનોખી મિસાલ બની રહેશે એવું માનવામાં આવી રહ્યું છે. છૂટા થયા પછી જો પતિને અહાંગળો લાગે તો બિલાડીને મળવાની છૂટ છે કે નહીં એની કોઈ સ્પષ્ટતા નથી કરવામાં આવી.

## લ્યો કરો વાત!

*માલેતુજાર લોકો પોતાની ઈચ્છા કે અહમ સંતોષવા મોટા પૈસા ખર્ચી ધામધૂમથી લગ્ન કરે એ એમની મુન્સફીનો સવાલ છે. જોકે, એવા અનેક વિવાહ સંપન્ન થતાં હોય છે જેમાં ખેંચાઈને - દેવું કરી લગ્ન લેતા હોય છે. મધ્ય પ્રદેશના ભોપાલ શહેરમાં સાદાઈથી અગ્નિની સાક્ષીએ અને વૈદિક પરંપરા અનુસાર મંત્રોચ્ચાર સાથે સાત ફેરા ફરી લગ્ન લેવામાં આવી રહ્યા હોવાની વાત રાહત આપનારી છે. આ લગ્ન પ્રસંગે નથી કોઈ ડીજે હોતા કે ન કોઈ બેન્ડ - બાજા બારાત કે લગ્ન મંડપની ભવ્ય સજાવટ પણ નથી હોતી. દહેજના દૂષણને પણ ડામી દેવામાં આવ્યું છે. નથી કોઈ કરિયાવર કરવામાં આવતો કે નથી કોઈ વ્યવહારનો આગ્રહ રાખવામાં આવતો. સીમિત મહેમાન, સાદું પૌષ્ટિક ભોજન અને પ્લાસ્ટિક કે થર્મોકોલનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળી પર્યાવરણની પણ દરકાર કરવામાં આવી છે. આને કહેવાય બરબાદી વગરની શાદી... !*

# સટાક સવાલ... ફટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**શહેરને દુલ્હનની જેમ સજાવાય ત્યારે દુલ્હો ક્યાં જતો હશે?**
* બીજે ક્યાં? ગામડે...

**પરસેવે ન્હાય એ જગ પર રાજ કરે પણ, ના ન્હાય તો?**
* પારકી નોકરી કરે ને પરસેવો પાડે!

**પતિ કમાય તોય પત્નીને ગૃહ લક્ષ્મી કેમ કહેવાય?**
* પત્નીના હાથમાં પગાર જાય એટલે...

**જાહેર જીવન અને ખાનગી જીવન વચ્ચે શું તફાવત?**
* પત્ની સાથે ફરો તો જાહેર જીવન અને પ્રેમિકા સાથે થિયેટરમાં જાવ એ ખાનગી જીવન...

**લગ્નમાં કયા વારની બોલબાલા હોય?**
* જમણવારની... !

**યોગ ભગાડે રોગ... પણ, ક્યાં સુધી ભગાડે?**
* ડોક્ટરને બોલાવો જ પડે ત્યાં સુધી...

**પાર્થ ચઢાવે બાણની મોડર્ન વ્યાખ્યા શું?**
* પાર્થ ફટકાર કોર્ટમાં પિટિશન...!

**‘કામ સિવાય બેસવું નહીં’ લખ્યું હોય ત્યાં ઊભા રહેવાય?**
* ફી હો તો ત્યાં સૂઈ પણ જવાય...!

**સુરતમાં ગંદકી ના હોય તો કેવું લાગે?**
* ખૂબસૂરત...!

**સાડીનાં સેલ ના યોજાય તો?**
* તો પત્નીઓને મૂંઝા- વા ઊપડે...

**મંદિરમાં પૂજારી ના હોય તો?**
* દુર્લભ પ્રભુના દર્શન સુલભ થઈ જાય...

**મણી કેટલાં પ્રકારના હોય?**
* પારસમણી-ચિંતામણી અને અળખામણી!

**શિક્ષકની ભૂલ કોણ શોધે?**
* કોચિંગ ક્લાસનો શિક્ષક...

**વાલિયો લૂંટારો આજના યુગમાં જન્મ્યો હોત તો?**
* એનો ધંધો ન ચાલત...એની પહેલાં નેતા નામના લૂંટારાઓનો ધંધો ધમધોકાર ચાલતો હોત!

## કચ્છી ચોવક___કિશોર વ્યાસ

kishor.vyas@bombaysamachar.com

# જીવનમાં જ્ઞાનનું મહત્ત્વ એ બતાવે છે

ચોવક છેઃ ‘સિજ છાબડ઼ે ઢક્યો ન રે’ એવા જ અર્થવાળી ગુજરાતીમાં પણ કહેવત છેઃ સૂરજ છાબડે ઢાંક્યો ન રહે! ચોવકમાં પહેલો શબ્દ છેઃ ‘સિજ’ જેનો અર્થ થાય છેઃ સૂરજ અને ‘છાબડ઼ે’ એટલે છાબડીએ. ‘ઢક્યો’નો અર્થ થાય છેઃ ઢાંક્યો અને ‘ન રે’ એ બે એકાક્ષરી શબ્દનો અર્થ છેઃ ન રહે. જેમ સૂરજ છાબડીએ ઢાંક્યો ન રહે તેમ ઘણી બાબતો એવી હોય છે જે છુપાવી શકાતી નથી! એવો શબ્દાર્થ છે આ ચોવકનો પણ ગર્ભિત અર્થ ઘણા થઈ શકે છે. જેમ કેઃ શૂરવીર પુરુષ, જ્ઞાની વ્યક્તિ કે સુંદર નારી ઓળખાયા વગર ન રહે!

એક બહુ સરસ ચોવક છેઃ ‘સિકલ ચૂડ઼ેલજી, મિજાજ પરી જો’ સિકલ શબ્દનો અર્થ છેઃ દેખાવ કે ચહેરો ‘ચૂડ઼ેલજી’ એટલે ચૂડેલની. મિજાજનો અર્થ થાય છેઃ મિજાજ, સ્વભાવ કે વર્તણૂક! શબ્દાર્થ સ્પષ્ટ છે કે, દેખાવ ચૂડેલ જેવો અને મિજાજ પરી જેવો! પણ ચોવક જે કહેવા માગે છે તે એ છે કે, દેખાવ અને - હકીકતમાં ઘણો ફેર હોવો! જેમ કે દેખાવે તો રૂપાળાં ‘ત્રુ’ (એક કળવું ફળ) પણ હોય પરંતુ સ્વાદ તેનો ખૂબજ કડવો હોય છે. ગુજરાતીમાં આપણે ઘણીવાર કોઈને કહેતાં હોઈએ કે, રૂપાળું તો ગધેડાંનું બચ્ચું પણ હોય... મતલબ કે રૂપાળા હોવું એ દેખાવ જરૂર છે, પરંતુ સ્વભાવે ગધેડા જેવા ડફોળ હોઈએં તો, એ રૂપની કિંમત શું? ખરું ને?

આજે સારપનો જમાનો નથી આવું આપણે બોલતાં કે સાંભળતાં હોઈએ છીએ. કચ્છીમાં ચોવક પણ એવો જ અર્થ બતાવે છે કે, ‘સાર માંસાઈ જો જમાનું નાંય.’ અહીં ‘સાર’ શબ્દનો અર્થ થાય છેઃ સારાપણું કે સારપ. ‘માંસાઈ’નો અર્થ થાય છેઃ માણસાઈ. ‘જો’ એટલે ‘નો’ ‘જમાનૂં’ નો અર્થ થાય છે. જમાનો અને ‘નાંય’ એટલે નથી. મતલબ કે, સારમાણસાઈનો જમાનો નથી, પરંતુ આટલો જ અર્થ ચોવકનો નથી થતો. જ્યારે કોઈના ગુણ ધ્યાનમાં જ લેવાય ત્યારે આવો નિરાશાવાદી સૂર સાંભળવા મળે છે.

સારપને સમાવી લેતી બીજી પણ એવી ચોવક પ્રચલિત છેઃ ‘સારો સૂડીયેં ચડે’ ‘સારો’ શબ્દનો અર્થ થાય છેઃ સજ્જન.‘સૂડીયેં’ એટલે ફાંસીએ અને ‘ચડ઼ે’નો અર્થ છેઃ ચડે. શબ્દાર્થ છેઃ સજ્જન વ્યક્તિ જ ફાંસીએ ચડે અને ભાવાર્થ છેઃ સારપનો બદલો ખરાબ... મતલબ કે સજ્જનતા દાખવવા જતાં બદનામ થવું પડે તેવી સ્થિતિ.

ગુણ, જ્ઞાન અને સાધનાને પ્રમાણિત કરતી એક ચોવક છેઃ ‘સાધે સે વાધે’ ‘સાધે’ એટલે કે જ સાધના કરે તે અને ‘વાધે’ એટલે આગળ વધે. ભણતરને મહત્ત્વ આપતી આ ચોવકનો સ્પષ્ટ અર્થ છેઃ જે સાધના કરે તે આગળ વધે. સાધવુંનો અર્થ એ છે કે, લક્ષ્યને વેધવું! એટલે જ તે અર્થની બીજી ચોવકમાં કહ્યું છેઃ ‘સામીં વે સે સિધે વે’ ‘સામીં’ એટલે સ્વામી કે ગુરુ, ‘વે સે’ આ પણ એકાક્ષરી બે શબ્દો છે, જેનો અર્થ થાય છેઃ હોય તે. ‘સિધ’ એટલે જ્ઞાની અને જો કોઈ વ્યક્તિ માટે તેનો ઉપયોગ થતો હોય તો તેનો અર્થ થાય છેઃ જાણકાર. શબ્દાર્થ છેઃ જે સ્વામી હોય તે જ્ઞાન સાધક જ હોય. ચોવક જે કહેવા માગે છે તે એટલું જ છે કે, જ્ઞાનનું ખૂબ જ મહત્ત્વ હોય છે.

એક કહેવત છેઃ સમજને માર હોય! એજ વાત ચોવક પણ કહે છેઃ ‘સમજ કે માર આય’ અર્થ સ્પષ્ટ

છે એટલે શબ્દાર્થ ન કરતાં ભાવાર્થ માણીએ. ‘સમજ’ હોવી એ ગુણ છે, જે સફળતા અપાવે છે અને ‘સમજ’ હેવી એ ઘણીવાર દુઃખ પણ પેદા કરાવે છે!

## મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા

feedback@bombaysamachar.com

# કમ્ફર્ટ ઝોનમાં સુરક્ષિત રહી શકાય, પરંતુ મહાનતા હાંસલ ન થાય

માનવીના જીવનમાં આરામ- સુરક્ષાની સાથે સુખની શોધ સતત ચાલતી રહે છે. આ શોધ જ એને એવાં વાતાવરણમાં લઈ જાય છે, જ્યાં એના માટે દરેક વસ્તુ જાણીતી અને પરિચિત હોય. આ વાતાવરણને જ ‘કમ્ફર્ટ ઝોન’ કહેવામાં આવે છે.

કમ્ફર્ટ ઝોન એ એવી સ્થિતિ છે, જેમાં વ્યક્તિને કંઈ નવું કરવાનું કે અજાણ્યા ક્ષેત્રમાં પગ મૂકવાનો ડર લાગે, કારણ કે એને હાલની સ્થિતિમાં આરામ અને સંતોષ લાગે છે, પરંતુ સત્ય એ છે કે, ખરા વિકાસની શરૂઆત કમ્ફર્ટ ઝોનની બહાર થાય છે. જીવનમાં પ્રગતિ- સફળતા ને આત્મવિશ્વાસ મેળવવા માટે વ્યક્તિએ પોતાની સીમાઓ તોડવી જરૂરી બને છે.

**કમ્ફર્ટ ઝોન એટલે શું?**

‘કમ્ફર્ટ ઝોન’ શબ્દ મનોવિજ્ઞાન (Psychology)માં ઉપયોગમાં લેવાય છે. તે એવી માનસિક અવસ્થા દર્શાવે છે, જ્યાં વ્યક્તિ પોતાને સુરક્ષિત માને છે.

અહીં વ્યક્તિને અનિશ્ચિતતા કે નિષ્ફળતાનો ડર નથી, કારણ કે તે માત્ર એ જ કરે છે જેમાં એ પારંગત છે.

ઉદાહરણ તરીકેઃ

કોઈ વિદ્યાર્થી માત્ર સરળ વિષયોનો જ અભ્યાસ કરે છે, મુશ્કેલ વિષયોને ટાળી દે છે. કોઈ કર્મચારી નવી જવાબદારી લેવાની જગ્યાએ એ જ કામ કરે છે, જે વર્ષોથી કરે છે. કોઈ વ્યક્તિ નવી ભાષા કે ટેક્નોલોજી શીખવાનો પ્રયત્ન જ નથી કરતો, કારણ કે એને જટિલ લાગે છે.

આ બધાં ઉદાહરણ કમ્ફર્ટ ઝોનમાં જીવતા લોકોના છે.

**કમ્ફર્ટ ઝોનના પ્રકારઃ** કમ્ફર્ટ ઝોન માત્ર શારીરિક નથી તે માનસિક, ભાવનાત્મક અને સામાજિક પણ હોઈ શકે છે.

* **માનસિક :** વ્યક્તિ વિચારવાની નવી રીત અપનાવતી નથી. જૂનાં મંતવ્યોને જ સાચા માને છે.

* **ભાવનાત્મકઃ** વ્યક્તિ સંબંધોમાં નવા ખુલાસા, વાતચીત કે સહાનુભૂતિ બતાવતી નથી. નકારાત્મક લાગણીથી બચવા માટે એ ઘનિષ્ટ સંબંધો બાંધવાનું ટાળે છે.

* **વ્યવસાયિકઃ** કર્મચારી નવી તક અથવા નવી જવાબદારી સ્વીકારતો નથી. તે પોતાની કારકિર્દીના વિકાસ માટે જોખમ લેતો નથી.

* **સામાજિક :** વ્યક્તિ નવા લોકો સાથે મળવાનું ટાળે છે. એ જ જૂથમાં રહેવું એને સુરક્ષિત લાગે છે.

**કમ્ફર્ટ ઝોનની હકારાત્મક અસરઃ**

કમ્ફર્ટ ઝોનને માત્ર નકારાત્મક રીતે જોવું યોગ્ય નથી. તેની કેટલીક હકારાત્મક લાક્ષણિકતા પણ છેઃ

તે માનસિક શાંતિ અને સ્થિરતા આપે છે.

દૈનિક જીવનમાં સંતુલન જાળવવામાં મદદરૂપ બને છે.

૩) કાર્યક્ષેત્રમાં જો વ્યક્તિ થોડી વાર કમ્ફર્ટ ઝોનમાં રહે તો તે પ્રદર્શન સુધારી શકે છે, કારણ કે એ ક્ષેત્ર એની પારંગતતા ધરાવે છે પરંતુ જો એ સતત આ ઝોનમાં જ રહે તો તે પ્રગતિ રોકી નાખે છે.

**કમ્ફર્ટ ઝોનની નકારાત્મક અસરઃ**

૧) વિકાસ અટકી જાય છેઃ નવી વસ્તુઓ શીખવાના, નવા અનુભવ મેળવવાના અવસર ગુમાવે છે.

૨) ભય અને શંકા વધે છેઃ અજાણ્યા ક્ષેત્રનો ડર વ્યક્તિમાં આત્મવિશ્વાસ ઓછો કરે છે.

૩) સ્થિર જીવનઃ કોઈ ફેરફાર ન આવતા જીવન નિરસ અને એકસરખું બની જાય છે.

૪) અવસર ગુમાવવાની શક્યતાઃ નવી તક આવતી હોવા છતાં વ્યક્તિ તેનો લાભ લઈ શકતી નથી.

૫) આત્મવિશ્વાસમાં ઘટાડોઃ સતત આરામમાં રહેતી વ્યક્તિ પોતાની ક્ષમતાઓ ભૂલી જાય છે.




વિશ્વના દરેક સફળ વ્યક્તિએ પોતાના કમ્ફર્ટ ઝોનની બહાર પગ મૂક્યો છે. એ.પી.જે. અબ્દુલ કલામ વિજ્ઞાનના ક્ષેત્રમાં સતત નવો પડકાર સ્વીકારતા રહ્યા.

મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં અન્યાય સામે લડવાનું સાહસ કર્યું. એડિસનએ હજારો નિષ્ફળતાઓ પછી પણ દીવો શોધ્યો.

આ બધાં ઉદાહરણ દર્શાવે છે કે પ્રગતિ તે લોકોની જ થાય છે, જે કમ્ફર્ટ ઝોનની બહાર નીકળે છે.

**કમ્ફર્ટ ઝોનમાંથી કઈ રીતે બહાર આવી શકાય?**

* **નાના ફેરફારોથી શરૂઆત કરોઃ** દરરોજ કંઈક નવું અજમાવો નવાં પુસ્તકો વાંચો, નવી ભાષા શીખો અથવા નવા લોકો સાથે વાત કરો.

* **ભયનો સામનો કરોઃ** નિષ્ફળતા સ્વીકારો અને એમાંથી શીખો. દરેક ભૂલ અનુભવનું રૂપ ધારણ કરે છે.

* **લક્ષ્ય નક્કી કરોઃ** સ્પષ્ટ અને વાસ્તવિક લક્ષ્ય નક્કી કરો, જે તમને તમારા આરામના વિસ્તારથી બહાર લાવે.

* **પોતાને પડકાર આપોઃ** મહિને એક નવી કુશળતા શીખવાનો સંકલ્પ લો.

* સકારાત્મક વિચારધારા અપનાવોઃ

‘હું કરી શકું છું’ એવો વિચાર સતત મનમાં રાખો.

* પ્રેરણાદાયક લોકો સાથે સમય વિતાવોઃ

જે લોકો સતત શીખતા અને વિકસતા રહે છે, તેમની સાથે રહેવાથી પ્રેરણા મળે છે.

**કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવાના ફાયદાઃ**

* નવા અનુભવોઃ નવો દ્રષ્ટિકોણ અને સમજણ મળે છે.

* **આત્મવિશ્વાસ વધે છેઃ** નવી સિદ્ધિઓથી આત્મવિશ્વાસ મજબૂત બને છે.

* સર્જનાત્મકતા વધે છેઃ નવી રીતો અજમાવતા વિચારશક્તિ વધે છે.

* **જીવન રસપ્રદ બને છેઃ** એકસરખાપણું તૂટે છે.

* અપાર શક્યતાઓ ખુલતી જાય છેઃ વ્યક્તિ પોતાના અંતરના છુપાયેલા ગુણો શોધી શકે છે.

જીવનનો સાચો અર્થ સતત પરિવર્તન અને વિકાસમાં છે. જો વ્યક્તિ કમ્ફર્ટ ઝોનમાં જ રહે તો તે સુરક્ષિત તો રહેશે, પરંતુ કોઈ મહાનતા હાંસલ નહીં કરી શકે. સફળતા અને સંતોષ એ લોકો જ મેળવી શકે છે, જે જોખમ લેવાની હિંમત ધરાવે છે, અજાણ્યા માર્ગે ચાલવા તૈયાર રહે છે અને પોતાના ભય પર વિજય મેળવે છે. જેમ કોઈ વિખ્યાત વિચારકે કહ્યું છેઃ

'Life begins at the end of your comfort zone. અર્થાત્ તમારું સાચું જીવન તમારા કમ્ફર્ટ ઝોનની બહાર શરૂ થાય છે.

**તો સફળ થવા માટે એક નિર્ણય લઈએ :**

આરામ છોડીએ, પ્રયાસ શરૂ કરીએ અને પોતાનાં સપનાઓને સાકાર કરીએ.

# રોહિતે જિમમાં વર્કઆઉટ રોક્યું અને હાથમાં સ્પીકર પકડીને 'આજ મેરે યાર કી શાદી હૈ' ગીતની ધૂન પર નાચવા લાગ્યો!



મુંબઈ: વન-ડે ક્રિકેટમાં ૨૬૪ રનનો વ્યક્તિગત વિશ્વવિક્રમ રચવા ઉપરાંત આ ફૉર્મેટમાં ત્રણ ડબલ સેન્ચુરી ફટકારનાર એકમાત્ર ક્રિકેટર રોહિત શર્મા મેદાન પર હરીફ ટીમના બોલર્સની બોલિંગને ચીંથરેહાલ કરવા માટે જાણીતો છે, પરંતુ કૅપ્ટન તરીકે તેણે સાથીઓની વચ્ચે હંમેશાં વિનમ્રતા જાળવી હતી અને અંગત જીવનમાં પણ તે 'ડાઉન ટૂ અર્થ' તરીકે ઓળખાય છે અને તાજેતરમાં તેણે એક અજાણ્યા યુવાનના લગ્ન વખતે હિન્દી ગીતની ધૂન પર નાચીને નિખાલસ ભાવવાળી મિત્રતાની ઝલક આપી હતી.

વાત એવી છે કે રોહિત એક જિમ્નેશ્યમમાં વર્કઆઉટ કરી રહ્યો હતો ત્યારે નજીકમાં લગ્નના સમારોહ માટેના મેદાનમાં વર-વધૂ વેડિંગ ફોટો-શૂટ કરાવી રહ્યાં હતાં. રોહિતે બારીમાંથી તેમના જોયા પછી વર્કઆઉટ રોકી દીધું અને પછી તેણે તરત જ પોતાના સ્પીકરમાં 'આજ મેરે યાર કી શાદી હૈ' ગીત સેટ કર્યું હતું અને એની પ્રખ્યાત ધૂન પર (હાથમાં સ્પીકર લઈને) નાચવા લાગ્યો હતો. રોહિતે નાચતાં-નાચતાં બારીમાંથી ઇશારાથી વરરાજાને અભિનંદન અને શુભેચ્છા પણ આપ્યા હતા જેની પ્રતિક્રિયામાં વરરાજાએ બે હાથ જોડીને રોહિતનો આભાર માન્યો હતો.

૧૯૭૭માં શત્રુઘ્ન સિંહા અભિનીત 'આદમી સડક કા' નામની હિન્દી ફિલ્મ આવી હતી જેમાં વર્મા મલિક દ્વારા લિખિત અને રવિના સંગીતમાં મહાન ગાયક મોહમ્મદ રફીએ 'આજ મેરે યાર કી શાદી હૈ' ગીત ગાયું હતું જે ખૂબ લોકપ્રિય થયું હતું. ભારતમાં સામાન્ય રીતે દરેક લગ્નપ્રસંગે બૅન્ડ-બાજાવાળા દ્વારા દાયકાઓ જૂના આ ગીતની ધૂન અચૂક વગાડવામાં આવે છે અને યુવાનો એ ધૂન પર નાચે છે. રોહિત શર્મા પણ મૈત્રીભાવ રોકી નહોતો શક્યો અને તેણે જિમ્નેશ્યમમાંથી આ ફેમસ ગીત પર નાચીને સૌને ચોંકાવી દીધા હતા. રોહિતે આ મશહૂર ગીત પર ડાન્સ કરીને દુલ્હાને શુભેચ્છા આપી એ જોઈને દુલ્હન પણ આનંદિત હતી અને તેણે દુલ્હાને કહ્યું, 'યે તો મોમેન્ટ હો ગયા' (આ ક્ષણ તો આપણા માટે યાદગાર બની ગઈ). રોહિતની આ મજાની મસ્તીવાળો ફોટો અને વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે રોહિત હવે માત્ર વન-ડે ફૉર્મેટમાં અને આઇપીએલમાં જ રમે છે અને વર્ષ દરમ્યાન મોટા ભાગનો સમય પરિવાર સાથે માણે છે. ■

# ઈડનમાં ભારતને ફાયદો કે ગેરફાયદો? પિચ ક્યૂરેટર શું કહે છે?

## શુક્રવારથી વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે પ્રથમ ટેસ્ટ

*અમિત શાહ*

કોલકાતા: શુભમન ગિલના સુકાનમાં ભારતની યુવા ટેસ્ટ ટીમ હોમ-પિચ પર પહેલી વાર રેડ-બૉલ ક્રિકેટનું મિશન શરૂ કરે એને ગણતરીના કલાકો બાકી રહ્યા છે અને એમાં પ્રથમ ટેસ્ટ શ્રેણી વિશ્વવિજેતા સાઉથ આફ્રિકા સામે રમાવાની છે જેની પ્રથમ મૅચ શુક્રવાર, ૧૪મી નવેમ્બરે (સવારે ૯.૩૦ વાગ્યાથી) કોલકાતામાં ઐતિહાસિક ઈડન ગાર્ડન્સમાં રમાશે. સામાન્ય રીતે ટેસ્ટ સિરીઝ દરમ્યાન હોમ-ટીમને વધુ લાભ મળતો હોય છે, પરંતુ છેલ્લે ન્યૂ ઝીલૅન્ડ સામેની શ્રેણીમાં પરિણામ સાવ જૂદું હતું એટલે કોચ ગૌતમ ગંભીર તથા કૅપ્ટન ગિલ એ ટ્રેન્ડને બદલી નાખવા તૈયાર છે.



દેશના સૌથી જૂના ટેસ્ટ-મેદાનોમાં ઈડન પણ સામેલ છે. આ ગ્રાઉન્ડની પિચ થોડા વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર બની છે અને આ વખતે આ પિચ હોમ ટીમ માટે થોડી ફેવરેબલ રહેશે. પિચ ક્યૂરેટર સુજન મુખરજીએ મુલાકાતમાં કહ્યું, 'ટી-૨૦ ક્રિકેટના આગમન પછી ટેસ્ટ ક્રિકેટ સામે પડકારો ઊભા થયા છે. પ્રેક્ષકો માટે પાંચ દિવસની મૅચ જોવાનું મુશ્કેલ બની જતું હોય છે. જોકે હું પિચ તૈયાર કરતી વખતે બન્ને ટીમના તેમ જ ક્રાઉડના હિતને ધ્યાનમાં રાખું છું. હેડ કોચ ગંભીર, બૅટિંગ કોચ સિતાંશુ કોટક અને કૅપ્ટન ગિલ પિચથી સંતુષ્ટ છે. જોકે ભારતીય ટીમે ટર્ન અપાવતી પિચની વિનંતી કરી છે. ભારત પાસે જાડેજા, અક્ષર, કુલદીપ, સુંદરના રૂપમાં બહુ સારું સ્પિન-આક્રમણ છે જે મૅચમાં બાજી પલટી નાખવા માટે સક્ષમ છે. ફર્સ્ટ હાફમાં પેસ બોલર્સને ફાયદો થાય એ માટે મેં પિચ પર થોડું ઘાસ રાખ્યું છે. જોકે ન્યૂ ઝીલૅન્ડ સામે હતી એવી ટર્નિંગ પિચ નહીં હોય. મારો દેશ મારા માટે અગ્રક્રમ છે એટલે તેમની જરૂરિયાત મુજબ મેં પિચ બનાવી છે. આપણા બૅટ્સમેનો સારું પર્ફોર્મ કરશે તો ઇડનની પિચ પર તેમને મહેનતના ફળ જરૂર મળશે.' ■

## આઈપીએલનું આગામી ઑક્શન અબુ ધાબીમાં

નવી દિલ્હી: ૨૦૨૬ની આઇપીએલ પહેલાં ખેલાડીઓની હરાજીને લગતો સમારોહ ડિસેમ્બરના મધ્ય ભાગમાં અબુ ધાબીમાં યોજાશે, એવું બીસીસીઆઇના એક અધિકારીએ મંગળવારે પીટીઆઇને જણાવ્યું હતું. આ ઑક્શન સતત ત્રીજી વાર વિદેશમાં યોજાવાનું છે. ૨૦૨૩માં હરાજીનો કાર્યક્રમ દુબઈમાં અને ૨૦૨૪માં જેદ્દાહમાં યોજાયો હતો. ગયા વર્ષે સાઉદી અરેબિયાના જેદ્દાહમાં મેગા ઑક્શન યોજાયા બાદ હવે આ વખતે મિની ઑક્શન યોજાવાનું છે. ■

## પાકિસ્તાનના ફાસ્ટ બોલર નસીમ શાહના ઘર પર અંધાધૂંધ ગોળીબાર!

કરાચી: પાકિસ્તાનના ફાસ્ટ બોલર નસીમ શાહના ઘર પર અંધાધૂંધ ગોળીબાર થયો હોવાના અહેવાલ મળ્યા હતા. આ ઘટના ખૈબર પખ્તૂનખ્વા પ્રાન્તમાં લોઅર દીરમાં માયર વિસ્તારમાં બની હતી અને ઘટના વખતે નસીમના કેટલાક પરિવારજનો ઘરમાં જ હોવાનું એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. અન્ય એક અહેવાલ અનુસાર નસીમ શાહનો પરિવાર ઇસ્લામાબાદમાં રહે છે, પરંતુ લોઅર દીરમાં પૂર્વજોના ઘરમાં નસીમના કેટલાક સંબંધીઓ રહેતા હોવાનું મનાય છે. નસીમના બન્ને ભાઈ પણ ક્રિકેટર છે. હુમલો કર્યા બાદ તેઓ તરત જ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

નસીમ શાહ રાવલપિંડીમાં શ્રીલંકા સામેની વન-ડેમાં રમ્યો હતો. તેણે પોલીસ સાથે ફોન પર ચર્ચા કર્યા બાદ શ્રીલંકા સામેની સિરીઝમાં રમવાનું ચાલુ રાખવાનું નક્કી કર્યું હતું.

આ ઘટના સંબંધમાં પોલીસે પાંચ જણને અટકમાં લીધા હતા. ■

### વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ક્રિકેટરોને બૅટિંગ-લેજન્ડની સલાહ સાથે ચેતવણી

# ૧૯૮૩માં અમને વચન પછી ઈનામ નહોતા મળ્યા, તમને પણ ન મળે તો નિરાશ નહીં થતા: ગાવસકર




મુંબઈ: હરમનપ્રીત કૌરની કેપ્ટન્સીમાં ભારતની મહિલા ક્રિકેટરોએ બીજી નવેમ્બરે નવી મુંબઈમાં પહેલી વાર વર્લ્ડ કપ ટ્રોફી જીતવાની ઐતિહાસિક સફળતા મેળવી ત્યાર પછી આ ચૅમ્પિયન ખેલાડીઓ પર કરોડો રૂપિયાનો વરસાદ વરસવાનો શરૂ થયો છે, પરંતુ બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે તેમને એક વાતથી ખૂબ સાવચેત રહેવાની સલાહ આપી છે.

ભારતીય મહિલા ટીમને આઈસીસી તરફથી કુલ આશરે ૪૦ કરોડ રૂપિયાનું અને બીસીસીઆઈ તરફથી ૫૧ કરોડ રૂપિયાનું ઇનામ મળ્યું છે. મુંબઈની ત્રણ ખેલાડીઓ સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્સ અને રાધા યાદવને મહારાષ્ટ્ર સરકાર તરફથી (દરેકને) ૨.૨૫ કરોડ રૂપિયાનું વિશેષ રોકડ ઈનામ પણ મળ્યું છે. ગાવસકરે એક જાણીતા અંગ્રેજી દૈનિકની કૉલમમાં લખ્યું છે, 'હું આપણા દેશની ક્રિકેટ વર્લ્ડ ચૅમ્પિયન છોકરીઓને ચેતવી દેવા માગું છું કે વર્લ્ડ કપ જીત્યા પછી તમને કોઈએ ઇનામ આપવાનું વચન આપ્યું હોય, પરંતુ એ ઇનામ તમને ન મળે તો નિરાશ નહીં થતા. કેટલાક એડવર્ટાઇઝરો તથા બ્રેન્ડસના માલિકો અને અમુક વર્ગની વ્યક્તિઓ વિજેતાઓને સફળતા બદલ અભિનંદન આપવાના નામે પોતાના માટે પબ્લિસિટી કરી લેતા હોય છે.'

### ૧૯૮૩નું ઉદાહરણ આપ્યું

ગાવસકરે ૧૯૮૩ વર્લ્ડ કપના સંદર્ભમાં લખ્યું કે 'ભારતીય ટીમને ત્યારે ઇંગ્લૅન્ડમાં જે સફળતા મળી હતી એને ભારતના મીડિયામાં બહુ સારું કવરેજ મળ્યું હતું તેમ જ ચૅમ્પિયન ટીમના ખેલાડીઓને ઘણાં વચનો પણ મળ્યાં હતાં જેમાંના મોટાભાગનાં વચનો ક્યારેય પાળવામાં નહોતાં આવ્યાં.'

### અમુક લોકો પબ્લિસિટી માટે...

ગાવસકરે એવું પણ લખ્યું છે કે '૧૯૮૩માં મીડિયાએ અમારી ટીમની સફળતાને જે કવરેજ આપ્યું હતું એને પગલે અમને જે લોકો તરફથી વચનો મળ્યાં હતાં એ માટે મીડિયા જવાબદાર ન કહેવાય કારણકે ખુદ મીડિયાને વિચાર નહીં આવ્યો હોય કે પબ્લિસિટીના ભૂખ્યા અમુક બેશરમ લોકો એનો દુરુપયોગ કરી રહ્યા છે. હું વર્લ્ડ ચૅમ્પિયન છોકરીઓને કહેવા માગું છું કે આવા પ્રકારના બેશરમ લોકો તમારી જીતનો ઉપયોગ પોતાને પ્રમોટ કરવા માટે કરે તો દુ:ખી કે હતાશ નહીં થતા. ૧૯૮૩ની ચૅમ્પિયન ટીમના ખેલાડીઓ પાસેથી જ તમને જાણવા મળશે કે ભારતીય ક્રિકેટ ચાહકનો પ્રેમ જ આપણી ખરી સંપત્તિ કહેવાય. જબરદસ્ત સફળતા માટે તમને ફરી એકવાર અભિનંદન.' ■

# રણજી ટ્રોફી: દિલ્હી ૬૫ વર્ષમાં પહેલી વાર જમ્મુ-કાશ્મીર સામે પરાજિત

નવી દિલ્હી: પાટનગર દિલ્હીમાં એક તરફ સોમવારે લાલ કિલ્લા નજીક જીવલેણ હુમલો કરનારાઓની કડી છેક કાશ્મીર સુધી હોવાની શંકા બદલ તપાસ થઈ રહી છે ત્યારે બીજી બાજુ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હીની ટીમે રણજી ટ્રોફીના મુકાબલામાં મંગળવારના ચોથા દિવસે જમ્મુ-કાશ્મીરની ટીમ સામે ૬૫ વર્ષમાં પહેલી વાર પરાજય જોવો પડ્યો હતો. ૧૯૬૦થી અત્યાર સુધીમાં દિલ્હી અને જમ્મુ-કાશ્મીર વચ્ચે ૪૩ રણજી મૅચ રમાઈ છે. એમાંથી ૩૭ મૅચમાં દિલ્હીની આઉટરાઇટ વિન જોવા મળી છે. બીજી રીતે કહીએ તો દિલ્હીને એના ગઢ (કિલ્લા)માં જ જમ્મુ-કાશ્મીરની ટીમે પરાજિત કરી છે. આયુષ બદોનીના સુકાનમાં દિલ્હીએ પ્રથમ દાવમાં ૨૧૧ રન કર્યા બાદ પારસ ડોગરાની કૅપ્ટન્સીમાં જમ્મુ-કાશ્મીરે ૩૧૦ રન કરીને ૯૯ રનની સરસાઈ લીધી હતી. બીજા દાવમાં દિલ્હીની ટીમે ૨૭૭ રન બનાવ્યા ત્યાર બાદ જમ્મુ-કાશ્મીરે બીજા દાવમાં ઓપનર કામરાન ઇકબાલના અણનમ ૧૩૩ રનની મદદથી ત્રણ વિકેટે બનેલા ૧૭૯ રનના સ્કોર સાથે લક્ષ્યાંક મેળવી લીધો હતો. ■

## ગુજરાત જીત્યું, સૌરાષ્ટ્ર ઉપરાંત બરોડાની મૅચ પણ ડ્રૉ

નડિયાદ: ગુજરાતે અહીં રણજી ટ્રોફીની સર્વિસીઝ સામેની મૅચમાં મંગળવારે અંતિમ દિવસે ૧૧૮ રનનો લક્ષ્યાંક ચાર વિકેટના ભોગે મેળવીને છ પૉઇન્ટ મેળવ્યા હતા. સ્પિન ઑલરાઉન્ડર વિશાલ જયસ્વાલ (કુલ આઠ વિકેટ, એક રનઆઉટ તથા એક કૅચ અને બીજા દાવમાં ૩૧ રન) મૅન ઑફ ધ મૅચ બન્યો હતો. સર્વિસીઝની ટીમને બીજા દાવમાં માત્ર ૧૨૫ રનમાં આઉટ કરાવવામાં વિશાલ (૫૯ રનમાં છ વિકેટ)નું સૌથી મોટું યોગદાન હતું. બીજા લેફ્ટ-આર્મ સ્પિનર સિદ્ધાર્થ દેસાઈએ મૅચમાં કુલ નવ વિકેટ લીધી હતી. દરમ્યાન, મંગલપુરમમાં સૌરાષ્ટ્રએ બીજા દાવમાં ચિરાગ જાનીના ૧૫૨ રનની મદદથી ૮/૪૦૨ના સ્કોર પર દાવ ડિક્લેર કરીને કેરળને ૩૩૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો અને કેરળ ૩/૧૫૪ના સ્કોર સાથે પરાજયથી બચી ગયું હતું અને મૅચ ડ્રૉ થઈ હતી. જોકે પ્રથમ દાવમાં સરસાઈ કેરળે લીધી હોવાથી એના ભાગે ત્રણ પૉઇન્ટ આવ્યા હતા અને સૌરાષ્ટ્રને એક પૉઇન્ટ મળ્યો હતો. વડોદરામાં ઝારખંડ સામે બરોડાની મૅચ ડ્રૉમાં ગઈ હતી. ઝારખંડને સરસાઈ લેવા બદલ ત્રણ પૉઇન્ટ મળ્યા હતા, જ્યારે બરોડાને ભાગે એક જ પૉઇન્ટ આવ્યો હતો. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| DOZE | વિનમ્ર |
| DODGE | ઝોકું |
| DOSE | સિદ્ધાંત |
| DOGMA | માત્રા |
| DOCILE | દાવપેચ |

### ઓળખાણ પડી?



અત્યંત ઠંડા વાતાવરણમાં રહેતું અને 'સ્નો શીપ' તરીકે ઓળખાતું આ પ્રાણી મુખ્યત્વે કયા દેશમાં વધારે જોવા મળે છે એ ખબર છે?

અ) જાપાન, બ) રશિયા ક) ચેક રિપબ્લિક ડ) અફઘાનિસ્તાન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | શુ | ૨ પા | ૩ લ | ન | | ૪ વિ | ૫ ત | ૬ ર | ણ |
| ડ | | ૭ ર | જા | | ૮ રો | | ૯ ક | દ | |
| ૧૦ છં | ૧૧ ટ | કા | વ | | ૧૨ જ | ૧૩ ર | સી | | ૧૪ એ |
| ૧૫ દ | ન | | | ૧૬ લ | ગા | તા | ર | | ક |
| | ૧૭ ટ | ૧૮ પ | કું | | ૧૯ ર | ળુ | | ૨૦ દા | મ |
| ૨૧ મ | ન | ખા | | ૨૨ દા | | | ૨૩ પા | દ | |
| હ | | ૨૪ લ | ૨૫ ખ | ન | ૨૬ વી | | મ | | ૨૭ ક |
| ત્વ | | ૨૮ ચી | ટ | | ૨૯ રા | ૩૦ જ | ર | ૩૧ મ | ત |
| ૩૨ પૂ | ર | | ૩૩ પ | રા | જિ | ત | | ૩૪ મ | ર |
| ર્ણ | | ૩૫ ત | ટ | | ત | | ૩૬ દા | ત | ણ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | | ૫ | ૬ | |
| ૭ | | ૮ | | | | ૯ | | | |
| | | ૧૦ | | | ૧૧ | | ૧૨ | | ૧૩ |
| ૧૪ | | | | ૧૫ | | ૧૬ | | | |
| ૧૭ | ૧૮ | | ૧૯ | | | | ૨૦ | | |
| | ૨૧ | ૨૨ | | | | ૨૩ | | | |
| ૨૪ | | ૨૫ | | | ૨૬ | | | ૨૭ | |
| ૨૮ | ૨૯ | | | ૩૦ | | | | ૩૧ | ૩૨ |
| | ૩૩ | | | | | | | ૩૪ | |
| ૩૫ | | | ૩૬ | | | | ૩૭ | | |

**આડી ચાવી**

૧. દોસ્ત, ભાઇબંધ (૨)
૩. શાકભાજી (૩)
૫. ગાય-ભેંસને અહીં બાંધો (૩)
૭. નાળિયેરમાંથી નીકળે (૩)
૧૦. બદમાશ, લૂંટારા (૨)
૧૧. થાપ આપવી તે (૩)
૧૬. માથું (૨)
૧૭. તલવારથી રક્ષણ કરે (૨)
૧૯. રકાબી (૩)
૨૦. દારૂની અસર --- પર થાય (૩)
૨૧. યુક્તિ (૪)
૨૫. --- એટલે વરસાદની ઝીણી છાંટ (૨,૨)
૨૬. લાડુ ઉપર ભભરાવાય (૪)
૨૮. ધ્યાન (૩)
૩૦. નિરાંત, આરામ (૩)
૩૧. દીકરો (૨)
૩૩. પૈસો, નાણું, સોનું (૨)
૩૪. ઝેર (૨)
૩૫. અંગૂઠાથી ટચલી આંગળી સુધીનું માપ (૨)
૩૬. બાંય વગરનું ગંજી (૩)
૩૭. એક વિશાળ વૃક્ષ (૩)

**ઊભી ચાવી**

૧. મુલાકાત (૨)
૨. સૌંદર્ય (૨)
૪. સ્ત્રીઓ કાનમાં પહેરે (૨)
૬. આનંદ કરું (૨)
૮. દોરડું (૩)
૯. ---માં દિવાસળીઓ હોય (૩)
૧૨. પાવો (૩)
૧૩. પાતળો અડધિયો ઝભ્ભો (૪)
૧૪. બળદ (૨)
૧૫. દુશ્મનનું વિમાન---માં દેખાય (૩)
૧૮. ટેવ, આદત (૨)
૧૯. સફેદ પદાર્થ પૂજામાં વપરાય (૩)
૨૨. સ્કૂલની બેગ (૪)
૨૩. સીડી, પગથિયાં (૪)
૨૪. પાણી સિંચાઇનું સાધન (૨)
૨૬. --- છો તમે (૨)
૨૭. સવલત, સોઇ (૪)
૨૯. ચાંદી (૩)
૩૦. કાતિલ, એક તેલીબિયું (૩)
૩૨. દીવાલમાં ખાનું (૩)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'નિત્ય ગોઠડી કરતા મિત્રો યાદ આવે છે' પંક્તિમાં 'ગોઠડી' શબ્દનો અર્થ જણાવો.

અ) સોગઠી બ) વાતચીત ક) ઝઘડો ડ) આગ્રહ

### માતૃભાષાની મહેક

વતન એટલે પોતાનું મૂળ ગામ કે દેશ, અસલ અથવા મૂળ રહેઠાણ. જન્મભૂમિ, સ્વભૂમિ અથવા બાપદાદાની રહેવાની જગ્યા તરીકે પણ ઓળખાય છે. દેશ, પ્રાંત કે શહેરમાં જન્મ થયો હોય તે ઠેકાણું પણ વતન કહેવાય છે. વંશપરંપરા આજીવિકા ચાલવા માટે સેવાના બદલામાં રાજ્ય કે સરકાર તરફથી અપાયેલી જમીન, ખેતર અથવા જાગીર ગામ કે ગરાસ.

### સુડોકુ-૯૧૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૯ | ૧ | | | | ૨ | |
| ૬ | | ૧ | ૭ | | ૨ | | | |
| | ૪ | ૩ | | | ૫ | | | ૭ |
| ૩ | | ૨ | | | | | ૪ | ૯ |
| | | | ૩ | ૬ | ૧ | | | |
| ૮ | ૬ | | | | | ૭ | | ૩ |
| ૯ | | | ૫ | | | ૨ | ૬ | |
| | | | ૨ | | ૮ | ૩ | | ૧ |
| | ૨ | | | | ૬ | ૫ | ૭ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૧ | ૪ | ૯ |
| ૫ | ૬ | ૯ | ૪ | ૧ | ૩ | ૨ | ૭ | ૮ |
| ૧ | ૪ | ૨ | ૭ | ૮ | ૯ | ૬ | ૩ | ૫ |
| ૪ | ૨ | ૮ | ૧ | ૯ | ૬ | ૩ | ૫ | ૭ |
| ૯ | ૩ | ૧ | ૫ | ૨ | ૭ | ૪ | ૮ | ૬ |
| ૬ | ૭ | ૫ | ૮ | ૩ | ૪ | ૯ | ૧ | ૨ |
| ૨ | ૫ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૧ |
| ૮ | ૯ | ૬ | ૩ | ૭ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૭ | ૧ | ૪ | ૨ | ૬ | ૫ | ૮ | ૯ | ૩ |

### ગુજરાત મોરી મોરી રે

થાળી વેચીને વાટકા લીધા એવા ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

બુદ્ધિ લીધી વેચીને થોડી ઘોડી ઘર કબુધિયાને

### ઈર્શાદ

પાણીમાં ઓગાળી તડકો પી જાવાનું સહેલ નથી,
સુગંધનો દીવો જ કહે છે મારી પાસે તેલ નથી.

- મુકેશ જોશી

### માઈન્ડ ગેમ

નાના હોય કે મોટા, મોટાભાગના ફળની અંદર બીયા હોય છે. કયા ફળમાં બીની મુદ્દલ હાજરી નથી હોતી એ કહી શકશો?

અ) સીતાફળ બ) પપૈયું ક) સંતરું ડ) કેળા

### ગયા બુધવારના જવાબ

ભાષાવૈભવ

| A | B |
|---|---|
| CHAP | શખ્સ |
| CHIP | કાતરી |
| CHEAP | સસ્તું |
| CHUM | દોસ્ત |
| CHORE | ઘરકામ |

ઓળખાણ પડી? Pelican

માઈન્ડ ગેમ: એલ્ડરબેરી

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: આનાકાની

ગુજરાત મોરી મોરી રે: તમાશાને તેડું નહીં ને બાવળિયાને ખેડુ નહીં

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નીતીન જયંતિલાલ બજરિયા (૨) ભરત કજરિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મુલરાજ કપૂર (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કમલ માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) હર્ષા મહેતા (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ડોય પ્રકાશ કટકિયા (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ગિરીશ મિસ્ત્રી (૪૯) નયના મિસ્ત્રી

## બીજા દિવસે પણ મુંબઈનાં મુખ્ય રેલવે સ્ટેશનોએ સઘન તપાસઃ ડૉગ સ્ક્વૉડની મદદ લેવાઈ

# મુંબઈ કેટલું સજ્જ?

## અધિકારીઓએ સુરક્ષા સમીક્ષા કરી









**શહેરની સુરક્ષા કાજે:** દિલ્હીમાં આતંકવાદી હુમલા બાદ મુંબઈની સુરક્ષાની સમીક્ષા થઈ રહી છે ત્યારે મંગળવારે શહેરમાં ઠેર ઠેર સુરક્ષા બંદોબસ્ત જોવા મળ્યો હતો. ૨૦૦૮માં આતંકવાદી હુમલાનો ભોગ બનેલી તાજમહાલ હોટેલ પાસેના વોચ ટાવર પરથી ચોપાસ નજર નખાઈ રહી છે, રેલવે સ્ટેશનો પર સ્નિફર ડોગ સાથે જવાનો અલર્ટ પર છે, લાખો ભાવિકોના આસ્થા સ્થાન સિદ્ધિવિનાયક મંદિર બહાર બંદોબસ્ત વધારવામાં આવ્યો છે અને પોલીસ દ્વારા વાહનોની ચકાસણી થઈ રહી છે. (અમય ખરાડે - એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક કારમાં થયેલા બ્લાસ્ટ બાદ મુંબઈમાં હાઈ ઍલર્ટ જાહેર કરવામાં આવતાં પોલીસે સુરક્ષાવ્યવસ્થા માટે જાણે કવાયત શરૂ કરી હતી. મુંબઈમાં ફરી આતંકવાદી હુમલો થાય તો સુરક્ષા એજન્સીઓ કેટલી સજ્જ છે એ જાણવા વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ મંગળવારે 'સુરક્ષા સમીક્ષા' હાથ ધરી હતી. બીજી તરફ, પ્રવાસીઓની ભીડવાળાં મુખ્ય રેલવે સ્ટેશનો પર ડૉગ સ્ક્વોડની મદદથી રેલવે પોલીસે પણ સઘન તપાસ ચાલુ રાખી હતી.

દિલ્હીના શક્તિશાળી વિસ્ફોટને પગલે આખા રાજ્યમાં પોલીસને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી હતી. મુંબઈ આતંકવાદીઓનું હંમેશાં ટાર્ગેટ રહ્યું હોવાથી તેની સુરક્ષા માટે વિશેષ ધ્યાન આપવામાં આવે છે. બ્લાસ્ટની માહિતી મળતાં જ મુંબઈની સુરક્ષાવ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. આ જ અંગે મંગળવારે વરિષ્ઠ પોલીસ અધિકારીઓની ખાસ મીટિંગ થઈ હતી, જેમાં લૉ ઍન્ડ ઑર્ડર, ક્રાઈમ અને ઈન્ટેલિજન્સના અધિકારીઓ હાજર હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ મુંબઈમાં આતંકી હુમલો થાય તો સુરક્ષાવ્યવસ્થા કેવી છે તેની જાણકારી મેળવવા માટે વરિષ્ઠ અધિકારીઓ દ્વારા 'સુરક્ષા સમીક્ષા' કરાઈ હતી. એ સિવાય બધી એજન્સીઓ વચ્ચેના સંકલનની પણ ચર્ચા થઈ હતી. આ બધા મુદ્દાનો અભ્યાસ કરીને પોલીસ કમિશનરને સોંપવામાં આવશે.

દરમિયાન સોમવારની સાંજથી જ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) દ્વારા રેલવે સ્ટેશનો પણ પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું હતું, જે મંગળવારે પણ ચાલુ રાખવામાં આવ્યું હતું. ડૉગ સ્ક્વોડ અને બૉમ્બ ડિટેક્શન ઍન્ડ

(જુઓ પાનું ૪) ▶▶

## ૧૯૯૨ જે જે હોસ્પિટલ શૂટઆઉટ કેસઃ આરોપીના જામીન નામંજૂર

મુંબઈઃ મુંબઈની એક વિશેષ અદાલતે ૧૯૯૨ના જેજે હોસ્પિટલ શૂટઆઉટ કેસમાં એક આરોપીને જામીન આપવાનો ઇનકાર કર્યો છે. ગુનો અત્યંત ગંભીર હોવાથી અને આરોપીની ગુનામાં સામેલગીરી ધ્યાનમાં રાખી જામીનને મંજૂરી નથી આપવામાં આવી. એ શૂટઆઉટમાં ત્રણ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. આરોપી ફારૂક મન્સૂરે લાંબા સમય સુધી કેદમાં હોવાનું કારણ રજૂ કરી જામીન માગ્યા હતા. મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (મકોકા)ના વિશેષ ન્યાયાધીશ મહેશ જાધવે જણાવ્યું હતું કે કોવિડ -૧૯ રોગચાળાને કારણે સુનાવણી વિલંબિત થઈ હતી અને આરોપીઓ દ્વારા અનેક પ્રસંગોએ મુલતવી રાખવાની માગ કરવામાં આવી હતી.આરોપીએ પણ સુનાવણી કરવામાં વિલંબ કર્યો હોવાનું જણાય છે એમ આદેશમાં કહેવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે પસાર કરાયેલા આદેશની નકલ મંગળવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પોતે નિર્દોષ હોવાનો દાવો મન્સૂરે અરજીમાં દાવો કર્યો હતો. તે એપ્રિલ ૨૦૧૮થી જેલમાં છે. ન્યાયમૂર્તિએ વધુમાં જણાવ્યું હતું કે આરોપીનું વર્તન, ગુનાની ગંભીરતા, ગુનાનો પ્રકાર તેમજ આરોપીની ભૂમિકાને ધ્યાનમાં રાખીને તેને જામીન પર મુક્ત કરી શકાય એમ નથી.૧૨ સપ્ટેમ્બર ૧૯૯૨ના દિવસે થયેલા ગોળીબારમાં ત્રણ જણના મૃત્યુ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આતંક ફેલાવવાના ઇરાદાથી એકે-૪૭, પિસ્તોલ, રિવોલ્વર અને હેન્ડ ગ્રેનેડ જેવા ઘાતક હથિયારોથી સજ્જ હુમલાખોરો જે જે હોસ્પિટલમાં પ્રવેશ્યા હતા અને ઘટનાસ્થળેથી ભાગી જતા પહેલા અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. (પીટીઆઈ)

**મુંબઈ મહાનગરપાલિકા-૨૦૨૫ની ચૂંટણી માટે અનામતની લોટરી સંપન્ન**

## ભૂતપૂર્વ મેયર, વિરોધી પક્ષનેતા સહિત અનેક ભૂતપૂર્વ નગરસેવકોને લોટરીનો ફટકો

### અનુસૂચિત જાતિ માટે ૧૫ અને અનુસૂચિત જનજાતિ માટે બે વોર્ડ અનામત, ઓબીસી માટે ૬૧ વોર્ડ અનામત, ઓપન કેટેગરીમાં મહિલા માટે ૭૪ અને પુરુષ માટે ૭૫ વોર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર મુંબઈ મહાનગરપાલિકાની જાન્યુઆરી ૨૦૨૬માં ચૂંટણી થવાની છે. તે માટે ૨૨૭ વોર્ડના અનામત માટે મંગળવાર, ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીની હાજરીમાં લોટરી કાઢવામાં આવી હતી. લોટરીમાં ભૂતપૂર્વ મેયરથી લઈને વિરોધપક્ષના નેતાઓ સહિત અનેક જૂના નગરસેવકોની બેઠક અનામત શ્રેણીમાં જતા તેઓએ પોતાની બેઠક ગુમાવી દીધી છે.

બાન્દ્રામાં બાલગંધર્વ રંગમંદિરમાં મંગળવારે લોટરી સિસ્ટમનું આયોજન કરવામાં આવ્યું હતું, કુલ ૨૨૭માંથી ૨૭ ટકા એટલે કે ૬૧ બેઠકો ઓબીસી માટે અનામત રાખવામાં આવી છે. ૧૫

(જુઓ પાનું ૪) ▶▶

### આ નગરસેવકોને ફટકો

ભૂતપૂર્વ મેયર અને નગરસેવિકા અને સ્નેહલ આંબેકરનો વોર્ડ ઓબીસીમાં અનામત થઈ જતા તેમને ફટકો પડયો છે. ભૂતપૂર્વ વિરોધપક્ષ નેતા અને ગયા વર્ષે ઓક્ટોબરમાં કૉંગ્રેસમાંથી શિંદેનાં નેતૃત્વની શિવસેનામાં જોડાયેલા રવિ રાજા (૧૭૬-સાયન), સળંગ ચાર વર્ષ સ્થાયી સમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ રહેલા અને ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાંથી શિંદની સેનામાં ગયેલા યશવંત જાધવનો વોર્ડ મહિલા માટે રિઝર્વ થઈ ગયો છે. ભૂતપૂર્વ મેયર અને ભૂતપૂર્વ સભાગૃહ

(જુઓ પાનું ૪) ▶▶

### ભૂતપૂર્વ નગરસેવકોમાં ઈનકમિંગ-આઉટ ગોઈંગ વધશે

પાલિકાની ચૂંટણી માટે મંગળવારે લોટરી જાહેર થયા બાદ અનેક લોકોએ રિઝર્વેશનને પગલે પોતાની બેઠક ગુમાવી દીધી છે. તેથી હવે જુદા

(જુઓ પાનું ૪) ▶▶

### આ બેઠકો અનામત થઈ ગઈ

**અનુસૂચિત જાતિ (મહિલા)**- ૧૧૮, ૧૩૩, ૧૪૭, ૧૫૧, ૧૫૫, ૧૮૩, ૧૮૬, ૧૮૯

**અનુસૂચિત જાતિ** - ૨૬, ૯૩, ૧૪૦, ૧૪૧, ૧૪૬, ૧૫૨, ૨૧૫

**અનુસૂચિત જનજાતિ**-૫૩

**અનુસૂચિત જનજાતિ (મહિલા)** - ૧૨૧

**ઓબીસી સીટ** -૪, ૧૦, ૪૧, ૪૫, ૫૦, ૬૩, ૬૯, ૭૦, ૭૬, ૮૫, ૮૭, ૯૧, ૯૫, ૧૦૬, ૧૧૧, ૧૧૩, ૧૩૦, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૭૧, ૧૮૨, ૧૮૭, ૧૯૩, ૧૯૫, ૨૦૮, ૨૧૯, ૨૨૨, ૨૨૩, ૨૨૬

**ઓબીસી (મહિલા)**

૧, ૬, ૧૧, ૧૨, ૧૩,૧૮, ૧૯, ૨૭, ૩૨, ૩૩, ૪૬, ૪૯, ૫૨, ૭૨, ૮૦, ૮૨, ૧૦૦, ૧૦૫, ૧૦૮, ૧૧૭, ૧૨૮, ૧૨૯, ૧૫૦, ૧૫૩, ૧૫૮, ૧૬૭, ૧૭૦, ૧૭૬, ૧૯૧, ૧૯૮, ૨૧૬

**ઓપન કેટેગરીમાં (મહિલા)**

૨, ૮, ૧૪,૧૫, ૧૬, ૧૭, ૨૧, ૨૪, ૨૮, ૩૧, ૩૭, ૩૮, ૩૯, ૪૨, ૪૪, ૫૧, ૫૬, ૬૦, ૬૧, ૬૪, ૬૬, ૭૧, ૭૩, ૭૪, ૭૭, ૭૮, ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૮૮, ૯૪, ૯૭, ૧૦૧, ૧૦૩, ૧૧૦,૧૧૨, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૨૪, ૧૨૬, ૧૨૭, ૧૩૧, ૧૩૨, ૧૩૪, ૧૩૯, ૧૪૨, ૧૪૩, ૧૫૬, ૧૫૭, ૧૬૩, ૧૭૨, ૧૭૩,૧૭૪, ૧૭૫, ૧૭૭,૧૭૯, ૧૮૦, ૧૮૪, ૧૯૬, ૧૯૭, ૧૯૯, ૨૦૧, ૨૦૩, ૨૦૫, ૨૦૯, ૨૧૨, ૨૧૩, ૨૧૮, ૨૨૦, ૨૨૪, ૨૨૭

**ઓપન કેટેગરી (સામાન્ય)**

૩, ૫, ૭, ૯, ૨૦, ૨૨, ૨૩, ૨૫, ૨૯, ૩૦, ૩૪, ૩૫, ૩૬, ૪૦, ૪૩, ૪૭, ૪૮, ૫૪, ૫૫, ૫૭, ૫૮, ૫૯, ૬૨, ૬૫, ૬૭, ૬૮, ૭૫, ૮૬, ૮૯, ૯૦, ૯૨, ૯૮, ૯૯, ૧૦૨, ૧૦૪,૧૦૬,૧૦૭, ૧૦૯, ૧૧૯, ૧૨૦, ૧૨૨, ૧૨૩, ૧૨૫, ૧૪૪, ૧૪૫, ૧૪૮, ૧૪૯, ૧૫૪, ૧૫૯,૧૬૦,૧૬૧, ૧૬૨, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૮, ૧૬૯, ૧૭૮, ૧૮૧, ૧૮૫, ૧૮૮, ૧૯૦,૧૯૨,૧૯૪, ૨૦૦, ૨૦૨,૨૦૪, ૨૦૬, ૨૦૭, ૨૧૦, ૨૧૧, ૨૧૪, ૨૧૭, ૨૨૧, ૨૨૫ ■

## ઘાટકોપરની રિતિકા ચવાણ સુસાઈડમાં ટ્વિસ્ટઃ લવ જિહાદ કારણ હોઈ શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં રહેતી રિતિકા ચવાણે ભૂતપૂર્વ બૉયફ્રેન્ડના ત્રાસથી કંટાળીને કરેલા સુસાઈડ મામલામાં જબરો ટ્વિસ્ટ આવી રહ્યો છે. રિતિકા આરોપી બૉયફ્રેન્ડ અલી શેખે ચલાવેલી લવ જિહાદનો ભોગ બની હોવાનું કહેવાય છે. રિતિકા સહિત ઘણી હિન્દુ યુવતીના સંપર્કમાં હતો શેખ, એવું તપાસમાં જણાયું હતું.

ઘાટકોપરના ગોલીબાર રોડ પરની સોસાયટીમાં રહેતી રિતિકા (૨૨)એ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ કેસમાં ઘાટકોપર પોલીસે આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધી શેખની રવિવારે ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આત્મહત્યા કરનારી યુવતી અંધેરીની ફાર્મા કંપનીમાં કામ કરતી હતી ત્યારે તેની ઓળખ ત્યાં જ નોકરી કરતા શેખ સાથે થઈ હતી. શેખ સાથે મિત્રતા પછી યુવતીને તેની સાથે અફૅર થઈ ગયું હતું, પરંતુ શેખ બીજી યુવતીઓના પણ સંપર્કમાં હોવાનું જાણવા મળતાં ઘાટકોપરની યુવતીએ તેની સાથેના સંબંધ તોડી નાખ્યા

(જુઓ પાનું ૪) ▶▶

## ઘાટકોપર-કુર્લામાં ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના પાણીપુરવઠા વિભાગ દ્વારા જુદી જુદી પાઈપલાઈનમાં વાલ્વ બેસાડવાનું કામ કરવામાં આવવાનું છે.

આ કામ ૨૨ કલાક સુધી ચાલે એવી શક્યતા છે. સમારકામ દરમ્યાન પૂર્વ ઉપનગરના ઘાટકોપર, ચેમ્બુર, કુર્લા અને દાદર । વિસ્તારમાં શુક્રવારથી શનિવાર સુધી ૨૪ કલાક માટે પાણી પુરવઠો બંધ રહેશે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ ૧,૨૦૦ મિલીમીટર વ્યાસની જૂની તાનસા અને ૧,૨૦૦ મિલીમીટર વ્યાસની નવી તાનસા અને ૮૦૦ મિલીમીટર

(જુઓ પાનું ૪) ▶▶

## માહિમની ખાડીમાં કૂદેલા વ્યંડળને બચાવવા તેના 'મિત્ર'એ પણ ઝંપલાવ્યુંઃ બન્ને ડૂબ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માહિમમાં બનેલી આંચકાજનક ઘટનામાં મોબાઈલ ફોન અને તસવીરોને લઈ થયેલા વિવાદ પછી વ્યંડળે ખાડીમાં કૂદકો માર્યો હતો.

વ્યંડળને બચાવવા તેના 'મિત્ર'એ પણ ખાડીમાં ઝંપલાવ્યા પછી બન્ને ડૂબી ગયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. બન્નેની ભાળ મેળવવા ખાડીમાં એનડીઆરએફે સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની બપોરે ૧૨.૨૦ વાગ્યાની આસપાસ બની હતી. માહિમની ખાડીમાં કૂદકો મારનારા બન્નેની ઓળખ ઈર્શાદ આસિફ શેખ (૨૨)

(જુઓ પાનું ૪) ▶▶



વિકાસની દિશાઃ પુણે – બેંગલોર હાઈવે પરના કોયના નદી પર કાગલ-સતારા રોડને છ લેનનો કરવાના મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટના ભાગરૂપે બે નવા બ્રિજનું ચાલી રહેલું બાંધકામ. (એજન્સી)

## રાતભર 'ડિજિટલ અરેસ્ટ' હેઠળ રાખી બિઝનેસમૅન પાસેથી ૫૩ લાખ પડાવ્યા

મુંબઈઃ દક્ષિણ મુંબઈના બિઝનેસમૅનને તપાસ એજન્સીના અધિકારીઓના સ્વાંગમાં સાયબર ઠગોએ રાતભર 'ડિજિટલ અરેસ્ટ' હેઠળ રાખી તેની પાસેથી ૫૩ લાખ રૂપિયા પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

મની લોન્ડરિંગના કેસમાં સંડોવણીનો આરોપ કરી ઠગ ટોળકીએ બિઝનેસમૅનને આખી રાત વીડિયો કૉલ સામે રહેવાની ફરજ પાડી હતી.

બીજે દિવસે ઑનલાઈન જામીનની સુનાવણી હોવાનું આરોપીઓએ કહ્યું હતું. એ સિવાય ફરિયાદીને સુપ્રીમ કોર્ટની બનાવટી નોટિસ પણ મોકલવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આગ્રીપાડા વિસ્તારમાં રહેતા ફરિયાદી બિઝનેસમૅનને બીજી નવેમ્બરે અજાણ્યા નંબર પરથી કૉલ આવ્યો હતો. કૉલ કરનારા શખસે પોતાની ઓળખ ટેલિકૉમ રેગ્યુલેટરી ઑથોરિટી ઑફ ઈન્ડિયા (ટ્રાઈ)ના અધિકારી રાજીવ સિંહા તરીકે આપી હતી. ફરિયાદીનું સિમ કાર્ડ છેતરપિંડી માટે ઉપયોગમાં લેવાયું હોવાનું કહીને બે કલાકમાં દિલ્હી પોલીસ સમક્ષ હાજર થવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું.

ફરિયાદીએ દિલ્હી પહોંચવાની અક્ષમતા દેખાડતાં તેમને વિજય ખન્ના નામના શખસે વીડિયો કૉલ કર્યો હતો અને પોતાની ઓળખ દિલ્હી પોલીસ તરીકે આપી હતી. ફરિયાદીના આધાર કાર્ડનો ઉપયોગ કરીને દરિયાગંજમાં રાષ્ટ્રીયકૃત બૅન્કમાં ખાતું ખોલાવવામાં આવ્યું છે અને મની લોન્ડરિંગમાં તેનો ઉપયોગ થયો છે, એવો આક્ષેપ ઠગે કર્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીઓએ એન્ટિ-કરપ્શન બ્રાન્ચ, ઈન્સ્પેક્શન ડિપાર્ટમેન્ટ અને ડિરેક્ટરેટ ઑફ એન્ફોર્સમેન્ટની નોટિસો પણ દાખવી હતી. પછી ફરિયાદીને તેમની ધરપકડ કરવામાં આવી હોઈ જામીન ન થાય ત્યાં સુધી રૂમની બહાર જવાની મનાઈ કરવામાં આવી હતી.

બીજી સવારે કોર્ટે જામીન આપવાનો ઇનકાર કરી સુપ્રીમ કોર્ટની બનાવટી નોટિસ મોકલવામાં આવી હતી. કાર્યવાહીનો ડર બતાવી ફરિયાદીને ૫૩ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી.

આરોપીઓએ વધુ નાણાંની માગણી કરતાં ફરિયાદીને પોતે છેતરાયા હોવાની જાણ થઈ હતી. તેમણે પોલીસ હેલ્પલાઈન નંબર પર કૉલ કરી ફરિયાદ કરી હતી. આ બાબતે સેન્ટ્રલ રિજન સાયબર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

## સાડા ત્રણ વર્ષમાં મેટ્રોના કોચમાં લાગ્યો કાટઃ કરોડો રૂપિયા વેડફાય જવાનો ભય

મુંબઈ - ડી. એન. નગરથી દહિસર પૂર્વ 'મેટ્રો ટુએ' અને અંધેરી પૂર્વથી દહિસર પૂર્વ 'મેટ્રો ૭' લાઇન પર કરોડો રૂપિયાના ખર્ચે ખરીદાયેલા મેટ્રોના કોચમાં ઉદ્દઘાટનના સાડા ત્રણ વર્ષ કરતાં પણ ઓછા સમયમાં કાટ લાગી ગયા હોવાનું બહાર આવ્યું છે. કોચના ઉપરના ભાગમાં કાટ લાગવા લાગ્યો છે. તેથી આ કોચની જાળવણી કરવામાં આવી રહી છે કે નહીં એ અંગે પ્રશ્ન ઊભા થયા છે. જો આ પરિસ્થિતિ રહેશે તો ભવિષ્યમાં મેટ્રો કોચ ઝડપથી બગડશે અને તેના પર ખર્ચવામાં આવેલા પૈસા વેડફાય તેવી ભીતિ છે.


મેટ્રો ટુએ અને મેટ્રો ૭ લાઇનનો પ્રથમ તબક્કો એપ્રિલ ૨૦૨૨ માં શરૂ કરવામાં આવ્યો હતો. હાલમાં, આ મેટ્રો લાઇન પર ૨૪ ટ્રેનો કાર્યરત છે. પર્યાવરણ કાર્યકર્તા ઝોરુ બાથેનાએ સોશ્યલ મીડિયા પર કાટ લાગેલા કોચના ફોટા શેર કર્યા હતા.

# એક વિસ્ફોટ ને અનેક સપનાં ચકનાચૂર









લખનઊ/નવી દિલ્હી : દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા શક્તિશાળી વિસ્ફોટથી માત્ર દિલ્હીની શાંતિ જ નહીં, પણ સેંકડો કિલોમીટર દૂર આવેલા ઘરો પણ તૂટી ગયા, જ્યાં પરિવારો હવે તેમના પ્રિયજનોના અચાનક થયેલા મોતના દુઃખમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા છે. શ્રાવસ્તી અને દેવરિયાની શાંત ગલીઓથી લઈને મેરઠ, અમરોહા અને શામલીની ધમધમતી શેરીઓ સુધી, ઘાતક કાર વિસ્ફોટનો ભોગ બનેલા લોકો સામાન્ય લોકો હતા. ટેક્સી અને ઈ-રિક્ષાના ડ્રાઈવરો, કોસ્મેટિક સ્ટોર માલિકો, ડીટીસી બસ કંડક્ટર અને બધા જ પોતાના પરિવારોને સારા જીવન માટે, પોતાના સપનાઓ પુરા કરવા માટે કામ કરતા હતા.

પીડિતોમાં શ્રાવસ્તી જિલ્લાના ગણેશપુર ગામના ૩૨ વર્ષીય દિનેશ મિશ્રા પણ સામેલ હતા જેઓ પોતાની પત્ની અને ત્રણ બાળકોનું ભરણપોષણ કરવા માટે દિલ્હીના ચાવરી બજારમાં એક પ્રિન્ટિંગ પ્રેસમાં કામ કરી રહ્યા હતા. તેમના પિતા ભૂરે મિશ્રાએ યાદ કરતા કહ્યું હતું કે દિનેશ દિવાળી પર ઘરે આવ્યો હતો. તે એક મહેનતુ માણસ હતો. તે પોતાના બાળકોને સારું શિક્ષણ આપવા માગતો હતો. અમને હજુ પણ વિશ્વાસ નથી થઈ રહ્યો કે તેનું મોત થઈ ગયું છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ અશ્વિની પાંડેએ જણાવ્યું કે દિનેશનો મૃતદેહ શ્રાવસ્તી લાવવામાં આવી રહ્યો છે. અમે પરિવાર સાથે વાત કરી છે અને તેમને શક્ય તેટલી બધી મદદની ખાતરી આપી છે.'' મેરઠમાં બીજો એક પરિવાર માત્ર શોકથી જ નહીં પરંતુ તેમના પુત્રને ક્યાં દફનાવવો તે અંગેના પીડાદાયક વિવાદથી પણ વિખેરાઈ ગયો હતો. ૩૨ વર્ષીય મોહસીન બે વર્ષ પહેલાં ઈ-રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવવા માટે દિલ્હી ગયો હતો. તે લાલ કિલ્લા પાસે મુસાફરોને લઈ જતી વખતે થયેલા વિસ્ફોટમાં મૃત્યુ પામ્યો હતો. જ્યારે તેનો મૃતદેહ લોહિયા નગરમાં તેના વતન પહોંચ્યો ત્યારે તેની પત્ની સુલતાના અને તેના માતાપિતા વચ્ચે ભાવનાત્મક મતભેદ થયો. સુલતાના ઇચ્છતી હતી કે તેને દિલ્હીમાં દફનાવવામાં આવે જ્યાં તેઓ સ્થાયી થયા હતા અને તેમના બાળકો અભ્યાસ કરતા હતા ત્યારે તેના માતાપિતાએ તેને મેરઠમાં દફનાવવાનો આગ્રહ કર્યો હતો. પડોશીઓ અને સંબંધીઓએ મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો કારણ કે બંને પક્ષો રડી પડ્યા હતા. એક પાડોશીએ કહ્યું હતું કે વિસ્ફોટે મોહસિનને છીનવી લીધો પરંતુ હવે પરિવારમાં ભાગલા પડી ગયા હતા. ઘણા કલાકોના તણાવ અને પોલીસ હસ્તક્ષેપ પછી સુલતાનાએ આખરે મૃતદેહને દફનાવ્યો હતો.

શામલીના અઢાર વર્ષીય નૌમાન અંસારી તેની દુકાન માટે કોસ્મેટિક્સ ખરીદવા દિલ્હી ગયો હતો ત્યારે વિસ્ફોટમાં તેનું મોત નીપજ્યું. તેના કાકા ફુરકાને કહ્યું હતું કે નૌમાનનું ઘટનાસ્થળે જ મોત થયું જ્યારે તેના પિતરાઈ ભાઈ અમનને ઈજા થઈ અને તે દિલ્હીની લોકનાયક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

નવી દિલ્હી રેલવે સ્ટેશન પાસે કામ કરતા એક સંબંધી સોનુએ કહ્યું હતું કે, આજે વહેલી સવારે મને મારા કાકાનો ફોન આવ્યો કે નૌમાન હવે નથી અને તેમણે મને એલએનજેપી હોસ્પિટલ પહોંચવા કહ્યું હતું. અન્ય પીડિતોમાં અમરોહા જિલ્લાના ૩૪ વર્ષીય ડીટીસી કંડક્ટર અશોક કુમાર પણ હતા, જે દિલ્હીમાં પોતાની નોકરી દ્વારા પોતાના વૃદ્ધ માતાપિતા અને બે નાના બાળકોને ભરણપોષણ કરતા હતા.

દેવરિયામાં ભલૌની શહેરમાં એક નાની રેડીમેડ કપડાની દુકાન ચલાવતો બાવીસ વર્ષીય શિવા જયસ્વાલ પણ વિસ્ફોટમાં ઘાયલ થયો હતો. તે તહેવારોની સીઝન માટે નવો સામાન ખરીદવા દિલ્હી ગયો હતો ત્યારે લાલ કિલ્લા પાસે વિસ્ફોટ થયો હતો. તેની બહેન પૂર્ણિમા જયસ્વાલે પીટીઆઈને જણાવ્યું હતું કે શિવાએ તે દિવસે વહેલી સવારે ફોન કરીને કહ્યું હતું કે તેણે ખરીદી પૂરી કરી છે અને ઘરે પાછા ફરતા પહેલા તેમની કાકીને મળવા જશે. પછી અમે ટીવી પર વિસ્ફોટ વિશે સાંભળ્યું અને તેનો ફોન પર સંપર્ક થયો નહીં. પાછળથી અમને ખબર પડી કે તેને એલએનજેપી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. શિવાની માતા માયા જયસ્વાલે કહ્યું હતું કે તેમને રાહત થઈ છે કે તેમનો પુત્ર જીવિત છે પરંતુ વિસ્ફોટના કારણે તેઓ હચમચી ગયા હતા. બીજા મૃતક પંકજ સાહની મૂળ બિહારનો રહેવાસી છે. તે પોતાના પરિવારના ભરણપોષણ માટે રાજધાનીમાં ટેક્સી ચલાવતો હતો. તેના સંબંધી રામદેવ સાહનીએ જણાવ્યું હતું કે દિલ્હીના કોતવાલી પોલીસ સ્ટેશનમાંથી તેમના ભત્રીજાના મૃત્યુ અંગે ફોન આવ્યો હતો.તે ત્રણ વર્ષથી ટેક્સી ચલાવતો હતો. અમને કહેવામાં આવ્યું હતું કે તેના માથાનો પાછળનો ભાગ ઉડી ગયો હતો. તેની કારને નુકસાન થયું છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, લાલ કિલ્લા પાસે સોમવારે સાંજે થયેલા વિસ્ફોટ બાદ મૃત્યુઆંક વધીને ૧૨ થઈ ગયો છે, જેમાં મંગળવારે વધુ ત્રણ લોકોના મોત થયા છે. આ ઘટનામાં ૨૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા, જેની તપાસ હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી કરી આવી રહી છે.

લોકો આશાભરી આંખે અસરગ્રસ્ત પરિવારજન અંગે જાણકારી મેળવવા ઊમટી પડ્યાં હતાં.

કાર બૉમ્બ વિસ્ફોટમાં મત્યુ પામેલા પરિવારજનના મૃતદેહની ઓળખ કર્યા બાદ તેમની આંખો આંસુઓથી ઊભરાઈ ગઈ હતી. હૉસ્પિટલના શબગૃહના દરવાજા પાસે કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અધિકૃત પરવાનગી ધરાવતા અધિકારીઓને જ અંદર જવા દેવામાં આવતા હતા. ગુમ થયેલા પરિવારજન અંગે માહિતી મેળવવા પરિવારજનો હૉસ્પિટલના સ્ટાફને કરગરી રહ્યા હતાં. ■

## મૃતકોના શરીરના ટુકડેટુકડા થયા ને એ દૂર સુધી ઊડયા

નવી દિલ્હી : દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે સોમવારે સાંજે એક કાર બ્લાસ્ટ થયો હતો જેમાં અનેક લોકોના મોત થયા હતા. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે મૃતકોના શરીરના ટુકડા થઈ ગયા હતા અને શરીરના કેટલાક અંગો રસ્તા પર વિખેરાઈ ગયા હતા. શરીરના કેટલાક ટુકડા નજીકના દેરાસર સુધી પણ પહોંચ્યા હતા, જેના કારણે સ્થાનિકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. સોમવારે દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા શક્તિશાળી વિસ્ફોટમાં અનેક લોકો માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા,

નજીકના જૈન દેરાસરના કર્મચારી જેપી મિશ્રાએ જણાવ્યું હતું કે ઈમરજન્સી ટીમો આવે તે પહેલાં સ્થાનિકો ઘાયલોને મદદ કરવા દોડી ગયા હતા. જ્યારે હું ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે મેં દરેક જગ્યાએ વિખેરાયેલા મૃતદેહો જોયા. શરીરના કેટલાક ભાગો મારા પગ નીચે પણ આવી ગયા.

## ધડાકા પછી પાકિસ્તાન ગભરાયું, ફાઈટર જેટ તહેનાત કર્યાં

નવી દિલ્હીઃ દિલ્હી કાર બૉમ્બ વિસ્ફોટને પગલે પાકિસ્તાનના હવાઈ દળે રાજસ્થાનના સરહદી વિસ્તારમાં પહેરો વધારી દીધો અને નૉટિસ ટૂ ઍરમેન (નોટૅમ) જારી કરી હતી. સેનાની ત્રણે પાંખના વડાએ તાકીદે બેઠક યોજી હતી. વડા પ્રધાન શેહબાઝ શરીફે પણ મોડી રાત સુધી એનએસએ અને આઈએસઆઈ એકમના ડીજી સાથે બેઠક કરી હતી. નોટામ કે નૉટિસ ટૂ ઍરમેન એ સત્તાવાર નોટિસ છે જે મારફતે પાઈલટો અને ઉડ્ડયન ખાતાના અધિકારીઓને કામચલાઉ જોખમ સામે સાવધ કરે છે. વિમાનની સુરક્ષાની પ્રક્રિયા માટે આ નોટિસ જરૂરી છે. દરમિયાન ભારતીય સેનાએ બાડમેર અને જેસલમેરમાં ઑપરેશન ત્રિશૂળ હાથ ધરી રહી છે. કવાયતના ભાગરૂપ જૅગ્વાર પાકિસ્તાનની સરહદ નજીક હાઈવે પર ઊતર્યું હતું. ■

## દિલ્હી બ્લાસ્ટના ગુજરાત કનેકશનની તપાસ

નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરના રહેવાસી એક ડોક્ટરની સહારનપુરથી ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાતના એક ડોક્ટરને ત્રણ પિસ્તોલ અને જૈવિક હથિયાર 'રાયસિન' બનાવવાની સામગ્રી સાથે પકડવામાં આવ્યો હતો. હરિયાણાના ફરીદાબાદમાંથી ૩૫૦ કિલોગ્રામ એમોનિયમ નાઈટ્રેટ સહિત કુલ ૨૯૦૦ કિલોગ્રામ વિસ્ફોટક પદાર્થો મળી આવ્યા હતા. બે એસોલ્ટ રાઇફલો પણ જપ્ત કરવામાં આવી હતી. ત્રીજી વ્યક્તિની ધરપકડ પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહંમદની પ્રશંસાનાં પોસ્ટરો લગાવવાના આરોપમાં કરવામાં આવી હતી.

આ સમગ્ર ઘટનાક્રમ રવિવાર રાતથી લઈને સોમવાર સવાર સુધીમાં બન્યો હતો. ત્રણ ધરપકડ અને મોટી માત્રામાં વિસ્ફોટકોની જપ્તીથી સૌ કોઈ હચમચી ગયું, પરંતુ સોમવાર રાત્રે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે બ્લાસ્ટ થયો હતો.

ગુપ્તચર એજન્સીથી લઈને પોલીસ સુધી આ મામલે તપાસ કરી રહી છે. હજી કંઈ પણ કહેવું વહેલું ગણાશે. જોકે, આ ઘટનાક્રમોના તાર એકબીજા સાથે જોડાયેલા હોવાનું જણાઈ રહ્યું છે. આ કેસમાં ચાર ડોક્ટર્સની કડી મળી છે. ત્રણ પોલીસની પકડમાં છે અને ચોથો ડોક્ટર 'હ્યુમન બોમ્બ' બનીને કારમાં બ્લાસ્ટ થઈ ગયો હતો. તે ડોક્ટરનો એક ટોલ પ્લાઝા પરથી પસાર થતો સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યો છે. એનઆઇએ અને એનએસજીના ફોરેન્સિક વૈજ્ઞાનિકો અને આતંકવાદ વિરોધી નિષ્ણાતો સાથે દિલ્હી પોલીસની વિશેષ શાખા તપાસમાં લાગી છે.

ગુજરાત પોલીસના આતંકવાદ વિરોધી દળે રવિવારે રાજ્યની રાજધાની ગાંધીનગર નજીક આવેલા અડાલજ કસ્બામાંથી ડો. અહમદ મોહિયુદ્દીન સૈયદની ધરપકડ કરી હતી. સૈયદ પાસેથી ત્રણ પિસ્તોલો - બે ઑસ્ટ્રિયન બનાવટની ગ્લોક પિસ્તોલ અને એક ઇટાલિયન બનાવટની બેરેટા - તેમ જ આ હથિયારો માટે દારૂગોળો પણ મળી આવ્યો હતો.



**જડબેસલાકઃ** દિલ્હીમાં બૉમ્બ બ્લાસ્ટને પગલે ગઈ કાલે લખનઊમાં વાહનોની ચકાસણી કરી રહેલી પોલીસ. (એજન્સી)

પ્રારંભિક પૂછપરછ પરથી જાણવા મળે છે કે સૈયદ એક ઉચ્ચ શિક્ષિત પણ કટ્ટરપંથી વ્યક્તિ હતો. તેણે મોટા આતંકવાદી હુમલાઓ કરવાના ષડયંત્ર હેઠળ ભંડોળ એકઠું કરવા અને લોકોની ભરતી કરવાની યોજના બનાવી હતી. તેના સંબંધો ઇસ્લામિક સ્ટેટ-ખોરાસાન પ્રાંત સાથે પણ હતા, જે મોટા ઇસ્લામિક સ્ટેટ આતંકવાદી જૂથની એક પ્રાદેશિક શાખા છે. ખોરાસાન ખાસ કરીને ક્રૂર હુમલાઓ માટે જાણીતું છે. ઇસ્લામિક સ્ટેટ-ખોરાસાન દ્વારા ૨૦૧૬માં કાબુલમાં કરાયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટમાં ૯૭ લોકો માર્યા ગયા હતા અને ૨૦૧૮માં પાકિસ્તાનમાં થયેલા અન્ય બે બોમ્બ વિસ્ફોટોમાં ૧૩૧ લોકો માર્યા ગયા હતા. ■

## અમે મોતને સાવ નજીકથી જોયું: બચી ગયેલાઓની આપવીતી

નવી દિલ્હી : દિલ્હીના લાલ કિલ્લા પાસે સોમવારે થયેલા પ્રચંડ વિસ્ફોટથી વિસ્તારમાં ચારેકોર તબાહી જોવા મળી હતી. રસ્તા પર મૃતકોના શરીરના ટુકડા વિખેરાયેલા પડ્યા હતા. આ વિસ્ફોટમાં ૧૨ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. હોસ્પિટલના બેડ પર સૂતા સૂતા રામ પ્રતાપે વિસ્ફોટની ભયાનકતાને વર્ણવતા કહ્યું હતું કે લોકો રસ્તા પર પડ્યા હતા, કેટલાકનું લોહી વહી રહ્યું હતુ, કેટલાક બિલકુલ હલનચલન કરતા નહોતા. ચારે તરફ લોહી હતું. અમે મૃત્યુને એકદમ નજીકથી જોયું હતું,'' રામ પ્રતાપ લાલ કિલ્લા પાસે રસ્તાની બાજુમાં ભોજનાલય ચલાવે છે. તે વિસ્ફોટમાં બચી ગયેલા લોકોમાં સામેલ હતા. તેમણે કહ્યું હતું કે, ''અચાનક એક જોરદાર વિસ્ફોટ થયો ત્યારે થોડા ગ્રાહકો બેઠા હતા. અવાજ એટલો જોરદાર હતો કે મારા કાન એક ક્ષણ માટે સુન્ન થઈ ગયા હતા. કાચના ટુકડા અમારા પર પડ્યા અને બધે ધુમાડો ફેલાઈ ગયો. મારા હાથમાંથી લોહી નીકળતું હતું, પણ મને તે સમયે ખ્યાલ આવ્યો નહીં. અમે મૃત્યુને નજીકથી જોયું હતું. ઇમર્જન્સી વોર્ડની બહાર રામ પ્રતાપના એક સંબંધીએ ઘટનાને યાદ કરતા કહ્યું હતું કે વિસ્ફોટ થયો ત્યારે તે થોડા મીટર દૂર ઊભા હતા. એક વિસ્ફોટ બાદ આગ લાગી અને પછી કાળો ધુમાડો જોવા મળ્યો હતો. હું સ્તબ્ધ થઈ ગયો. હું મારા ભાઈને શોધી શક્યો નહીં. લોકો બૂમો પાડી રહ્યા હતા, રડી રહ્યા હતા, તેમના પરિવારોને શોધી રહ્યા હતા. થોડી મિનિટો માટે કોઈને ખબર નહોતી કે કોણ જીવિત છે.

## કાશ્મીરમાં મંદિરો ટાર્ગેટ?

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ દિલ્હીમાં કરવામાં આવેલા કાર બૉમ્બ વિસ્ફોટ બાદ સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં હાઈ અલર્ટ જારી કરવાની વિચારણા થઈ રહી હોવા વચ્ચે સમગ્ર પ્રદેશ-ખાસ કરીને વિખ્યાત ધાર્મિકસ્થળોની આસપાસ રહેતા લોકો અને કાશ્મીર ખીણ પ્રદેશમાં વસતા લોકો આઘાતમાં છે. ધાર્મિક સ્થળોની આસપાસ રહેતા લોકોને આતંકવાદી હુમલાના પુનરાવર્તનનો ભય છે અને કાર બૉમ્બ વિસ્ફોટના ભયે લોકોના ચહેરા પરનું નૂર ઉડાડી દીધું છે.

દિલ્હી કાર બૉમ્બ વિસ્ફોટ બાદ સતર્કતા વધારી દેવામાં આવી હોવા છતાં ગુપ્તચર વિભાગના અહેવાલને કારણે ભય ફેલાઈ રહ્યો છે અને લોકો અસુરક્ષિતતા અનુભવી રહ્યા છે. ગુપ્તચર ખાતાના અહેવાલ મુજબ આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરમાં ધાર્મિક સ્થળોને નિશાન બનાવી હુમલા કરી શકે છે. અગાઉ રઘુનાથ મંદિર પર બે વખત આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો. આતંકવાદીઓ અનેકવાર વૈષ્ણોદેવી ગુફા સુધી પહોંચી તો ગયા હતા, પરંતુ દરેક વખતે સુરક્ષા દળોને આતંકવાદી હુમલો નિષ્ફળ બનાવવામાં સફળતા મળી હતી. તાજા અહેવાલ મુજબ વૈષ્ણોદેવી તીર્થસ્થાન આતંકવાદીઓનાં હિટલિસ્ટમાં ટોચના સ્થાને છે. ■

## આતંકવાદનું બીજું નામ છે જૈશ-એ-મોહંમદ

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ આત્મઘાતી હુમલામાં માવન બૉમ્બને નવો વળાંક આપવા તેમ જ કાશ્મીર સહિત દેશભરમાં ફેલાયેલા આતંકવાદના ઈતિહાસમાં નવો વળાંક લાવનાર આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહંમદ દિલ્હી કાર બૉમ્બ વિસ્ફોટ બાદ ફરી સર્વત્ર ચર્ચાનો વિષય બની ગયું છે.

પઠાણકોટ ઍરબૅઝ પર હુમલો કરનાર અને તે અગાઉ સંસદભવન જેવી અતિસુરિક્ષત મનાતી ઈમારતની તમામ સુરક્ષાવ્યવસ્થાને નેસ્તનાબૂદ કરી સમગ્ર દેશને હચમચાવી દેનાર સંગઠનની ચર્ચા આજે માત્ર કાશ્મીરમાં જ નહીં, પરંતુ વિશ્વભરમાં થઈ રહી છે. જૈશ-એ-મોહંમદે અસ્તિત્વમાં આવ્યાનાં બે જ વર્ષમાં એટલા આતંકી હુમલાઓને અંજામ આપ્યો હતો કે લોકો તેની નોંધ લેવા મજબૂર થઈ ગયા હતા.

અલ કાઈદા પાસે પ્રશિક્ષણ પ્રાપ્ ત કરવા ઉપરાંત ઓસામા બિન લાદેને પઢાવેલા પાઠને માર્ગે ચાલનાર જૈશ-એ-મોહંમદના સંસ્થાપક આતંકવાદી મૌલાના મસૂદ અઝહર માટે એ ક્ષણ અણમોલ હતી, જ્યારે તેમને જમ્મુની જેલમાંથી એ માટે મુક્ત કરી દેવામાં આવ્યો હતો કેમ કે ભારત સરકાર પોતાના ૧૫૪ વિમાન પ્રવાસીઓનો સુરક્ષિત છુટકારો કરાવવા માગતી હતી. તે સમયે તેને મુક્ત કરી દેવાનાં લાંબાગાળાનાં પરિણામોનો વિચાર કરવામાં નહોતો આવ્યો.

પોતાની મુક્તિ અને સંગઠનના ગઠનના ત્રણ મહિના સુધી ચૂપ રહ્યા બાદ જૈશ-એ-મોહંમદે વર્ષ ૨૦૦૦ની ૧૯ એપ્રિલે કાશ્મીરમાં પ્રથમ માનવ બૉમ્બ હુમલો કરી બધાને ચોંકાવી દીધા હતા. ■


## લાલ કિલ્લા વિસ્તારમાં સ્મશાનવત શાંતિ

નવી દિલ્હી : સોમવારે થયેલા જીવલેણ વિસ્ફોટ બાદ સામાન્ય રીતે વિક્રેતાઓના કોલાહલ અને ખરીદદારોની ભીડથી ગુંજતી

લાલ કિલ્લાની આસપાસની સદીઓ જૂની ગલીઓમાં મંગળવારે સવારે સ્મશાનવત શાંતિ છવાઈ હતી.

આ વિસ્તારમાં વિનાશના નિશાન સાથે માનવ અવશેષો હજુ પણ શેરીઓમાં વિખરાયેલા છે.

સોમવારે સાંજે લાલ કિલ્લાના મેટ્રો સ્ટેશન નજીક ટ્રાફિક સિગ્નલ પર ધીમી ગતિએ ચાલતી કારને ઉડાડી નાખનારા શક્તિશાળી વિસ્ફોટમાં ૧૨ જણ માર્યા ગયા હતા અને ૨૦ અન્ય ઘાયલ થયા હતા.



**બંધઃ** દિલ્હીમાં લાલ કિલ્લા પાસે સોમવારે વિસ્ફોટ થયા પછી મંગળવારે આસપાસની તમામ બજારો બંધ રહી હતી. (એજન્સી)

આ વિસ્તાર, જે સામાન્ય રીતે ટ્રાફિક અને પ્રવાસીઓથી ભરેલો હોય છે, તે હવે ક્ષતિગ્રસ્ત ધાતુના ઘેરાબંધીવાળા ક્ષેત્રમાં ફેરવાઈ ગયો છે અને અજંપો ફેલાયો છે.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે વિસ્ફોટ પછી પણ તેઓને માનવ અવશેષો દેખાય રહ્યા છે.

જ્યારે હું શેરીમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે માંસનો ટુકડો મારા ચંપલમાં ચોંટી ગયો. હું એક ક્ષણ માટે થીજી ગયો. તે ભયાનક હતું. મેં આ પહેલાં ક્યારેય આવું કંઈ જોયું નથી, તેવું ચાંદની ચોકમાં રહેતા એક સ્થાનિક દુકાનદાર ઉમેશ રાયે જણાવ્યું હતું.

રાય યાદ કરે છે કે જ્યારે વિસ્ફોટ થયો ત્યારે તે તેની દુકાનમાં હતો.

તેમણે કહ્યું કે ભૂકંપ જેવું લાગ્યું. આખી ઇમારત હલબલી ગઈ. થોડીવારમાં જ લોકો ગભરાટમાં દોડવા લાગ્યા. મેં મારી દુકાનને તાળું મારી દીધું અને અમે ત્યાંથી નીકળી ગયા.

રહેવાસીઓએ જણાવ્યું હતું કે સ્થળની બાજુમાં આવેલા જૈન દેરાસરમાં શરીરના કેટલાક ભાગો ફેંકાયા હતાં, અને તેમને ડર છે કે તેમના ઘર અથવા દુકાનની ટેરેસ પર કેટલાક અવશેષ હોઈ શકે છે.

''છત પર હજુ પણ કેટલાક અવશેષો હોઈ શકે છે કારણ કે વિસ્ફોટની તીવ્રતા ખૂબ જ વધારે હતી,'' તેવું એક સ્થાનિક દુકાનદારે કહ્યું. પોલીસ અને ફોરેન્સિક ટીમોએ તેમનું નિરીક્ષણ ચાલુ રાખ્યું હોવાથી સવારે ગરુડ સહિતના મોટા પક્ષીઓ ઘેરાયેલા વિસ્તારમાં ઊડતા જોવા મળ્યા હતા. ■

# બાઉન્સ બેકઃ ટેલિકોમ અને સર્વિસ સ્ટોક્સની આગેવાનીએ લેવાલીનો ટેકો મળતાં શૅરબજાર ફરી સુધારાના પંથે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ટેલિકોમ અને સર્વિસ સ્ટોક્સની આગેવાનીએ લેવાલીનો ટેકો મળતાં શેરબજારમાં સુધારો નોંધાયો હતો.વોશિંગ્ટન સાથે સંભવિત વેપાર પ્રગતિ અને યુએસ સરકારના શટડાઉનના અંતથી સેન્ટિમેન્ટને તેજી મળતાં વિશ્વબજાર સાથે મંગળવારે સેન્સેક્સ અને નિફ્ટી પણ બાઉન્સબેક સાથે સુધારાના પંથે આગળ વધ્યા હતા. જોકે, બજાજ ફાઇનાન્સ દ્વારા તેની સંપત્તિ વૃદ્ધિની આગાહીમાં ઘટાડો જાહેર કર્યા પછી અને નિફ્ટીના સાપ્તાહિક ડેરિવેટિવ્ઝ સમાપ્તિ પહેલા અસ્થિરતામાં વધારો થવા સાથે નાણાકીય શેરોમાં નબળાઈને કારણે લાભ મર્યાદિત રહ્યો હતો.

પ્રારંભિક સત્રમાં ૪૧૧ પોઇન્ટ નીચી સપાટીએ અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૩૩૫.૯૭ પોઇન્ટ અથવા તો ૦.૪૦ ટકા વધીને ૮૩,૮૭૧.૩૨ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી પણ ૧૨૫ પોઇન્ટ નીચી સપાટીને અથડાઇને અંતે ૧૨૦.૬૦ પોઈન્ટ અથવા તો ૦.૪૭ ટકા વધીને ૨૫,૬૯૪.૯૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. વ્યાપક બજારમાં, મિડકેપ ઇન્ડેક્સ ૦.૫૦ ટકા વધ્યો હતો જ્યારે સ્મોલકેપ ૦.૨૦ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સમાં, ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અદાણી પોર્ટ્સ, એચસીએલ ટેક્નોલોજીસ, ઇટર્નલ અને ઇન્ફોસિસે એક ટકાથી અઢી ટકા સુધીની વૃદ્ધિ નોંધાવી હતી. આ ઉપરાંત ટોચના વધનારા શેરોમાં ભારતી એરટેલ, સન ફાર્માસ્યુટિકલ્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, હિંદુસ્તાન યુનિલીવર અને અલ્ટ્રાટ્રેક સિમેન્ટનો સમાવેશ હતો. જ્યારે બજાજ ફાઇનાન્સ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, કોટક મહિન્દ્રા બેન્ક, પાવરગ્રીડ અને ટાટા સ્ટીલ ટોપ લુઝર રહ્યાં હતાં. ટાટા મોટર્સ કમર્શિઅલ વ્હીકલ આજે ૧૨મી નવેમ્બરથી એક્સચેન્જ પર લિસ્ટિંગ મેળવશે.

વોડાફોન આઈડિયા બીજા ક્વાર્ટરમાં અપેક્ષા કરતાં ઓછા નુકસાનની જાણ કર્યા પછી ૭.૮૦ ટકા વધ્યો હતો, દરમિયાન, બજાજ ફાઇનાન્સમાં વધતી બેડ લોન અને ગ્રાહક ધિરાણમાં તીવ્ર સ્પર્ધા અને એસેટની નકારાત્મક વૃદ્ધિ આગાહીને કારણે ૭.૪૦ ટકાનો કડાકો નોંધાયો હતો. પ્રાઇમરી માર્કેટમાં કેપિલરી ટેક્નોલોજીનો રૂ. ૮૭૭.૫૦ કરોડનો આઇપીઓ ૧૪ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ નવેમ્બરના રોજ બંધ થશે. લોયલ્ટી પોઇન્ટસના મેકેનિઝમ માટે સોલ્યુશન પૂરા પાડતી આ કંપનીના શેરની ફાળવણી ૧૯ નવેમ્બરના રોજ અને બીએસઇ તથા એનએસઈ પર લિસ્ટિંગ ૨૧ નવેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૪૯થી રૂ. ૫૭૭ પ્રતિ શેર છે. અરજી માટે મીનીમમ લોટ સાઇઝ ૨૫ શેરની છે.

ડિઝાઇન, સિવિલ વર્ક્સ, પીઇબી સ્ટ્રક્ચર્સ, એમઈપી સિસ્ટમ્સ, સોલાર ઇન્સ્ટોલેશન અને ઇન્ટિરિયર ફિટઆઉટ્સમાં એન્ડ ટુ એન્ડ ટર્નકી એક્ઝિક્યુશન પૂરું પાડતી અગ્રણી ઈપીસી કંપની સથલોખર સિનર્જીર્સ ઈએન્ડસી ગ્લોબલ લિમિટેડે અર્ધવાર્ષિક પરિણામમાં ૭૫.૫૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૫૦.૨૧ કરોડની કુલ આવક, ૭૦.૧૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૮.૯૯ કરોડનો એબીટા અને ૭૦.૧૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૭.૯૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ફુજીયામા પાવર સિસ્ટમ્સનો રૂ. ૮૨૮ કરોડનો આઇપીઓ ૧૩ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૭ નવેમ્બરના રોજ બંધ થશે. ફિઝિક્સવાલા લિમિટેડનો રૂ. ૩,૪૮૦ કરોડનો આઈપીઓ અને એમવી ફોટોવોલ્ટેઇક લિમિટેડનો રૂ. ૨,૯૦૦ કરોડનો આઇપીઓ આજે મંગળવારે ખૂલ્યો છે. ટેનેકો ક્લિન એર ઇન્ડિયા લિમિટેડનો રૂ. ૩,૬૦૦ કરોડનો આઇપીઓ ૧૨ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૪ નવેમ્બરના રોજ બંધ થશે.

અગ્રણી વૈવિધ્યસભર સ્ટોક માર્કેટ સર્વિસ પ્રોવાઈડર્સમાંની એક રિખાવ સિક્યોરિટીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં કુલ આવક રૂ. ૩૮૬.૬૭ કરોડ, એબિટા રૂ. ૨૫.૯૬ કરોડ અને ચોખ્ખો નફો રૂ. ૧૭.૭૫ કરોડ નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૬.૭૧ ટકા અને ચોખ્ખા નફાનું



માર્જિન ૪.૫૯ ટકા રહ્યું છે. રિલાયન્સ પાવરે બીજા ક્વાર્ટરમાં રૂ. ૮૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, પાછલા વર્ષે સમાન સમયગાળામાં કંપનીએ રૂ. ૩૫૨ કરોડની ખોટ નોંધાવી હતી. વડાફોન આઇડિયાએ રૂ. ૫૫૨૪ કરોડની ખોટ નોંધાવી છે.લેન્સકાર્ટનો આઇપીઓ તેના ઇશ્યૂ ભાવ સામે સોમવારે ત્રણેક ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો. આ આગાઉ પાછલા સપ્તાહે હેલમેટ ઉત્પાદક સ્ટડ એસેસરીઝના શેર શુક્રવારે તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. એમટીઆર અને ઇસ્ટર્ન બ્રાન્ડની માલિક ઓર્કલા ઇન્ડિયા લિમિટેડના શેર તેના આગલા જ સત્રમાં ગુરુવારે તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. સ્ટેટ બેન્ક એસબીઆઇ ફંડ મેનેજમેન્ટમાંથી ૬.૩ ટકા હિસ્સો ડિવેસ્ટ કરવા માટે આઇપીઓ લાવવાની યોજના ધરાવે છે. આ માટે સેન્ટ્રલ બોર્ડની પરવાનગી મળી ગઇ છે અને આ આખી પ્રક્રિયા ૨૦૨૬માં પૂર્ણ થવાની અપેક્ષા છે.

ભારતની અગ્રણી કૃષિ અને ઓર્ગેનિક એફએમસીજી કંપનીઓમાંની એક સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૬.૦૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૬૩૭.૮૫ કરોડની કુલ આવક, ૮.૪૭% વૃદ્ધિ સાથે રૂ. ૩૫.૭૯ કરોડનો એબિટા, ૩૫.૭૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૨૫ કરોનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અદાણી જૂથ ગુજરાતમાં ખાવડા ખાતે ૧૧૨૬ મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો બેટરી એનર્જી સ્ટોરેજ પ્રોજેક્ટ સ્થાપવાની યોજના ધરાવે છે. ઓએનજીસીએ બીજા ક્વાર્ટરમાં રૂ. ૯૮૪૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે ગયા વર્ષના સમાનગાળાના રૂ. ૧૧,૯૮૪ કરોડ સામે ૧૮ ટકાનો ઘટાડો દર્શાવે છે.

ભારતમાં અગ્રણી ફાર્માસ્યુટિકલ્સ ફોર્મ્યુલેશન ઉત્પાદક કંપનીઓમાંની એક ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે તેના નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનામાં રૂ. ૨૬૫.૧૫ કરોડની કુલ આવક નોંધાવી છે જે, ૪૨.૪૩ ટકાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. એબિટા ૬૦.૯૮ ટકાવૃદ્ધિ સાથે રૂ. ૩૯.૩૩ કરોડ, ૯૬.૩૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૬.૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એક્વસ લિમિટેડમાં પ્રી-આઇપીઓ પ્લેસમેન્ટ ડીલ અંતર્ગત એસબીઆઇ ફંડ્સ, ડીએસપી ઇન્ડિયા ફંડ, થીંક ઇન્ડિયા ઓપ્ર્ચ્યુનિટી ફંડે રૂ. ૧૪૪ કરોડનું રોકાણ કર્યું છે. જાહેર ક્ષેત્રની કંપની નાલ્કોએ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં ૩૬.૭ ટકાના વધારા સાથે રૂ. ૧,૪૨૯.૯૪ કરોડનો નફો નોંધાવ્યો હતો. હિન્ડાલ્કોનો બીજા ક્વાર્ટરનો કોન્સોલિડેટેડ નફો વાર્ષિક ધોરણે ૨૧ ટકા વધીને રૂ. ૪,૭૪૧ કરોડ થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બીઈએલ ૨.૫૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૪૦ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૧૧ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૧.૮૯ ટકા, ઈટર્નલ ૧.૪૪ ટકા, ઈન્ફોસિસ ૧.૦૬ ટકા, ભારતી એરટેલ ૧.૦૬ ટકા, સન ફાર્મા ૧.૦૧ ટકા અને લાર્સન ૦.૮૮ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૭.૩૮ ટકા, બજાજ ફિનસર્વ ૬.૨૬ ટકા, ટાટા મોટર્સ ૦.૭૫ ટકા, કોટક બેન્ક ૦.૩૦ ટકા પાવર ગ્રીડ ૦.૨૨ ટકા અને ટાટા સ્ટીલ ૦.૨૨ ટકા ઘટ્યા હતા.

શેરબજાર નીચા સ્તરે ખુલ્યા બાદ સર્વિસીસ અને ટેલિકોમ્યુનિકેશન શેરોની આગેવાનીએ બાઉન્સ બેક થઇને પોઝિટીવ ઝોનમાં બંધ મેળવવામાં સફળ રહ્યું હતું. સત્ર દરમિયાન ખાસ કરીને હેલ્થકેર, ફાઈનાન્સિયલ સર્વિસીસ અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ધોવણ જોવા મળ્યું હતું. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૭૪,૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો. સેન્સેક્સની ૨૪ સ્ક્રિપ વધી હતી, જ્યારે છ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૦ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૯ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૪૯ ટકા ઘટ્યો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૩,૫૩૫.૩૫ના બંધથી ૩૩૫.૯૭ પોઈન્ટ્સ (૦.૪૦ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૩,૬૭૧.૫૨ ખૂલી નીચામાં ૮૩,૧૨૪.૦૩ સુધી અને ઊંચામાં ૮૩,૯૩૬.૪૭ સુધી જઈ ૮૩,૮૭૧.૩૨ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૮.૨૦ લાખ કરોડથી રૂ. ૦.૭૪ લાખ કરોડ વધીને રૂ. ૪૬૮.૯૪ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે બીએસઈ સર્વિસીસ ૧.૬૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૫૯ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૨૧ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૧૯ ટકા, ટેક ૧.૧૨ ટકા, આઈટી ૧.૦૭ ટકા, ઓટો ૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૭૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭૧ ટકા, મેટલ ૦.૬૫ ટકા અને એનર્જી ૦.૬ ટકા વધ્યા હતા, જ્યારે હેલ્થકેર ૦.૩૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૧ ટકા અને રિયલ્ટી ૦.૧૭ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૬૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૯૩૬ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૪૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૮૨ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૭૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૭ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૨ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારેવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૯૬.૭૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૪૨૩ સોદામાં ૧,૭૬૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૯,૪૪,૭૭૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૪૯,૨૩,૩૪૫.૧૨ કરોડનું રહ્યું હતું.

## ઈક્વિટી માર્કેટમાં રિબાઉન્ડ અને ટ્રેડ ડીલના આશાવાદે રૂપિયો ૨૩ પૈસા ઊંચકાયો

મુંબઈઃ અમેરિકા સાથે ટ્રેડ ડીલ અંગે પ્રગતિ થઈ રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે ઘટ્યા મથાળેથી રિબાઉન્ડ જોવા મળ્યું હોવાથી ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૨૩ પૈસા ઊંચકાઈને ૮૮.૫૦ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.


આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૭૩ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૮.૬૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૨ અને ઉપરમાં ૮૮.૫૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૩ પૈસાના સુધારા સાથે ૮૮.૫૦ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન પૂરું થવાના અહેવાલો સાથે ભારત સહિતનાં ઈક્વિટી બજારોમાં સુધારાતરફી વલણ રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વિશ્વ બજારમાં સુધારાતરફી વલણ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો આગળ ધપે તેવી શક્યતા નકારી ન શકાય. અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૮.૩૦થી ૮૮.૮૦ આસપાસની રહી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૩૫.૯૭ પૉઈન્ટનો અને ૧૨૦.૬૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૧૧૪.૮૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૪ ટકા વધીને બેરલદીઠ ૬૪.૨૮ ડૉલર અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા વધીને ૯૯.૬૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અમેરિકાના શટડાઉનના અંત સાથે સોના અને ચાંદીમાં તેજીનો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનનો અંત લાવવાનો ખરડો અમેરિકી સંસદે પસાર કર્યો હોવાના અહેવાલ સાથે અમેરિકાનાં આર્થિક ડેટાઓની જાહેરાતો શરૂ થશે અને તે ડેટાઓનાં આધારે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પ્રબળ બનતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં તેજી આગળ ધપી હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૦૧થી ૧૭૦૮નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૧૧૭નો ચમકારો આવ્યો હતો. જોકે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં મજબૂત વલણ રહ્યું હોવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૦૧ વધીને રૂ. ૧,૨૩,૬૫૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૭૦૮ વધીને રૂ. ૧,૨૪,૧૪૯ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી પાંખી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગ રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૧૧૭ વધીને રૂ. ૧,૫૪,૭૬૦ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકી શટડાઉનનો અંત આવ્યાના નિર્દેશો સાથે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી આશાવાદ પ્રબળ બનતા હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૧૪૨.૬૦ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ૪૧૪૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૦.૯ ટકાના ઉછાળા સાથે પુનઃ ૫૦ ડૉલરની સપાટી પાર કરીને ૫૦.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનનો અંત આવતા હવે પછી જાહેર થનારા સરકારી ડેટાઓને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકવાનો નિર્ણય લે તેવા આશાવાદને કારણે સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઓલે હાસને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો રેટ કટ કરે તેવી ૬૪ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અમેરિકી સરકાર પુનઃ શરૂ થતાં સરકારી ખર્ચમાં વધારો થશે અને દેવામાં પણ વધારો થવાથી રાજકોષીય ચિંતા સપાટી પર આવવાને કારણે પણ આગામી સમયગાળા દરમિયાન સોનામાં સુધારાને ટેકો મળતો રહે તેવી શક્યતા નકારી ન શકાય. નોંધનીય બાબત એ છે કે ફેડ ગવર્નર સ્ટીફન મિરાને ગઈકાલે આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવાની ભલાણ કરી હતી. સામાન્યપણે નીચા વ્યાજદરનાં સંજોગોમાં સોના જેવી કિમતી ધાતુઓમાં રોકાણકારોની સલામતી માટેની માગ રહેતી હોય છે.

## ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાના નિર્દેશો હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. આઠ અને રૂ. સાતનો સુધારો આવ્યો હતો, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો. વધુમાં આજે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ અને નિરસ માગે નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ અને ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ .આઠ વધીને રૂ. ૩૨૮૬ અને રૂ. સાત વધીને રૂ. ૧૦૩૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ લેવાલીને ટેકે કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૯૪૯ અને રૂ. ૯૩૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૪૭ના મથાળે ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૩૧૨ અને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

## મથકો પાછળ સરસવમાં ₹ ૫૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૯૦ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૨૭ રિંગિટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે આરબીડી પામાલિનમાં નિરસ માગે રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે દેશી તેલમાં મથકો પાછળ સિંગતેલમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને સરસવ તેલમાં રૂ. ૫૦ ઉછળી આવ્યા હતા. જોકે, આજે હાજરમાં કામકાજો પાંખાં હતા અને ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટાછવાયા વેપાર થયાના અહેવાલ હતા.

આજે સ્થાનિક ડાયરેક્ટ ડિલિવરી શતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૭, બુંગેના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫થી ૧૨૬૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ તથા સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

વધુમાં ગુજરાતમાં ગોંડલ મથકે આજે ૩૦,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૩૫,૦૦૦ ગૂણી મળી કુલ ૬૫,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૭૫માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૫૦,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૦૦માં થયા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૨૨૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૪૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૪૦ના મથાળે રહ્યા હતા.

## ખાંડમાં ગુણવત્તાનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહેતાં હાજરમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ટકેલા રહ્યા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૬થી ૩૯૮૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૭૦થી ૪૦૮૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૫થી ૩૮૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૧૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# દિલ્હી બ્લાસ્ટના પગલે સૌરાષ્ટ્રમાં હાઈએલર્ટ, સમુદ્રકાંઠાની સુરક્ષા પણ વધારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ સમગ્ર દેશમાં સુરક્ષા સઘન બનાવાઈ છે ત્યારે સૌરાષ્ટ્રમાં પણ તંત્ર સાબદું થયું છે. બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, ધાર્મિક સ્થળો અને જાહેર સ્થળો ઉપરાંત સૌરાષ્ટ્રના દરિયાકાંઠાની સુરક્ષા પણ સઘન બનાવાઈ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

દ્વારકા શહેર અને હાઇવે પર, સમુદ્ર કાંઠે, રેલવે અને બસ સ્ટેશન પર શંકાસ્પદ વાહનો અને શખસોની ઝડતી લેવામાં આવી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં તપાસ એજન્સીઓ સતર્ક બની છે. ગુજરાતના બે ખૂબ જ મોટા ધાર્મિક સ્થળો દ્વારકા અને સોમનાથની સુરક્ષાવ્યવસ્થા સજજડ કરી દેવામાં આવી હતી. અહીં આવતા શ્રદ્ધાળુઓનું પણ મંદિર પરિસરમાં પ્રવેશ પહેલા સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ સાથે હૉટેલો, રિસોર્ટ્સમાં પણ ચેકિંગ થયું છે, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન અને જેટી પર પણ કડક સુરક્ષાનો બંદોબસ્ત કરાયો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

આ સાથે જાહેર જનતાને પણ કોઈપણ જાતની અફવાથી દૂર રહેવા અને કંઈક શંકાશીલ લાગે તો પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

દિલ્હીમાં કારમાં થયેલા બ્લાસ્ટના અનુસંધાને ભાવનગર એસ.ઓ.જી., ક્વીક રિસ્પોન્સ ટીમ, ડોગ સ્કવોડની ટીમો તેમજ થાણા અધિકારીની જુદી જુદી ટીમો દ્વારા સંવેદનશીલ વિસ્તારો, રેલવે સ્ટેશન, એસ.ટી. બસ ડેપો, હિમાલીયા મોલ, ડિ માર્ટ તેમજ અન્ય સ્થળો ઉપર સ્નિફર ડોગ દ્વારા સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું. તેમજ રસ્તે જતા શંકાસ્પદ વાહન ચાલકોનું પણ સતત મોનિટરિંગ કરવામાં આવ્યું છે. થાણા અધિકારી તેમ જ પોલીસ અધિકારીઓને હેડ ક્વાર્ટર ન છોડવા ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જણાવાયું છે. ■





**તંત્ર સાબદું:** રાજધાની દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ સમગ્ર દેશ સહિત સૌરાષ્ટ્રમાં પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી હતી. તમામ સુરક્ષા એજન્સીઓ દરેક જાહેર સ્થળ, ધાર્મિક સ્થળો પર વધારે સતર્કતા સાથે ચેકિંગ કરી રહ્યા છે. (તસવીરો વિપુલ હિરાણી, પ્રવિણ સેદાની)

# કચ્છમાં ઠંડીનો ચમકારો થતા જ તિબેટિયનોએ લગાવી ગરમ કપડાની હાટડીઓ: ગરમ વસ્ત્રોના ભાવ પણ વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: જમ્મુ-કાશ્મીરમાં થઇ રહેલી બરફ વર્ષાને પગલે રણપ્રદેશ કચ્છ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં શિયાળાની ઋતુનું આગમન થઇ ગયું છે. તિબેટીયન નિરાશ્રિતોના ૧૩થી ૧૭ જેટલા પરિવારો કચ્છ આવી ગયા છે, જે દર્શાવે છે કે શિયાળાની અસલ ઠંડીના દિવસો હવે દૂર નથી રહ્યા.

સ્વેટર, ધાબળા, મફલર, કાન ટોપી, હાથ મોજાં, બાઈક રાઈડર્સ માટેના જેકેટ્સ જેવાં ગરમ વસ્ત્રો વેચવા દર વર્ષે અક્ટોબર-નવેમ્બર મહિનામા આ તિબેટીયનો કચ્છ પહોંચી આવે છે અને ભુજ,ગાંધીધામ, મુંદરા અને આદીપુર જેવા શહેરોમાં જ્યાં જગ્યા મળે ત્યાં તેમના હાટ ગોઠવે છે અને શિયાળા દરમ્યાન ગરમાવો આપતા અવનવા પોષાકો વેચવા માંડે છે.

એક વયોવૃદ્ધ તિબેટીયને જણાવ્યું હતું કે, ૧૪મા દલાઈ લામાના નેતૃત્વ હેઠળ વર્ષ ૧૯૫૯માં એક લાખ પચાસ હજાર જેટલા તિબેટીયનોએ ભારતમા નિરાશ્રિતો તરીકે પ્રવેશ મેળવ્યો હતો ત્યારથી આ પરિવારો હિમાલયની ગોદમાં આવેલા હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા ધરતી પરના સ્વર્ગ સમાન પહાડી રાજ્યોમાં રહે છે. વર્ષોથી આ તિબેટીયન નિર્વાશ્રીતો ઈન્ડો-તિબેટિયેન ફ્રેન્ડશિપ હેઠળ દેશનાં જુદાં-જુદાં શહેરોમાં શિયાળાના આગમન દરમિયાન પહોંચી જાય છે અને ગરમ વસ્ત્રોની આગવી બજાર ખડી કરી દે છે.

ભુજ ખાતે જ્યુબિલી ગ્રાઉન્ડ પાસેના એક ખાનગી પ્લોટ પર તિબેટીયન નિરાશ્રિતોની પ્રણાલિગત તિબેટીયન નિરાશ્રિત ઉન બજાર ઊભી થઇ ગઈ છે જયા લોકો પણ ખરીદી કરવા મોટા પ્રમાણમાં આવતા હોય છે.

ઉત્તરાખંડના લોબ સેનજંત અને મેડમ યેન્ગકીના જણાવ્યા પ્રમાણે ગરમ વસ્ત્રોના જરૂરી કાચા માલના ભાવોમાં તોતીંગ વધારો થયો છે. એક ગાસડીના રૂપિયા ૩૦,૦૦૦ દેવાનાં થતા જ્યારે આજે એક ગાસડીના રૂ. દોઢ લાખ દેવા પડે છે. ભારતીયોની ખરીદશક્તિ હવે વધી છે અને લોકો મોંઘી રકમ ખર્ચીને પણ સારી વસ્તુ ખરીદે છે. ડિઝાઈનિંગનો જમાનો પૂરો થયો છે અને હાઇપર ફેશન અને હાઇપર ડિઝાઈનિંગનો જમાનો આવ્યો છે. અમે ગરમ વસ્ત્રો એવા તૈયાર કરીએ છીએ કે લોકો ફેશન માટે તે ખરીદે છે તેમ તેમણે ઉમેર્યું હતું. ઓલ ઈન્ડિયા તિબેટીયન સ્વેટર સેલિંગ એશોસિયેશન દ્વારા તિબેટીયન નિરાશ્રિતોનાં કયાં જૂથને કઈ જગ્યાએ જવું તેની ફાળવણી કરવામાં આવે છે, આ ઉપરાંત ઓલ ઈન્ડિયા તિબેટીયન સ્વેટર સેલિંગ એસોશિએશન દ્વારા તૈયાર માલ ત્રણ મહિનાની ઉધારી પર અપાય છે. પરત પહોંચીને હિસાબ-કિતાબ કરવાના રહે છે.

ઉનાળા દરમ્યાન આ તિબેટીયન નિરાશ્રિત પરિવારો હરિદ્વાર, મનાલી, દાજીર્લિંગ, શિમલા,મસૂરી, ઉટી જેવા બારેમાસ ઠંડા રહેતા મથકોએ ફુટપાથ પર બેસીને આ ગરમ વસ્ત્રો મોટી સંખ્યામાં આવતા પર્યટકોને વેચે છે. ■



**કૉંગ્રેસની યાત્રા:** ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદને લીધે ખેડૂતોને થયેલા નુકસાનનું યોગ્ય વળતર આપવા સહિતની વિવિધ માગણીઓ સાથે કૉંગ્રેસે ૧૧ જિલ્લામાં ખેડૂત આક્રોશ યાત્રા કાઢી છે, જેના ભાગરૂપે મંગળવારે રાજકોટમાં ટ્રેક્ટર રેલી પણ યોજાઈ હતી. (પ્રવિણ સેદાની)

# ખેડૂત આક્રોશ યાત્રા: રાજકોટમાં ખેડૂત આક્રોશ યાત્રા: સરકાર વિરુદ્ધ નારેબાજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ દ્વારા યોજવામાં આવેલી ખેડૂત આક્રોશ રેલી મંગળવારે રાજકોટ પહોંચી હતી. રાજકોટ ખાતે આગમન થતા ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતુ. બેડી ચોકડી,માધાપર ચોકડી, કેકેવી હોલ ખાતે કૉંગ્રેસના આગેવાનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામા આવ્યું હતું. આ રેલીમાં ૧૦૦ કરતા વધારે ટ્રેક્ટર સહિતના વાહનો જોડાયા હોવાનું કૉંગ્રેસે જણાવ્યું હતું.

કૉંગ્રેસના અગ્રણીઓએ જણાવ્યું હતું કે સરકારે ખેડૂતો માટે જે સહાય પેકેજ જાહેર કર્યું છે તે મજાક સમાન છે. ખેડૂતોને મોલ વાવવા માટે એક વીઘે ૧૫,૦૦૦ થી વધુનો માત્ર ખર્ચ આવે છે ત્યારે સરકારે ૩,૫૦૦ રૂપિયાની સહાય આપીને ક્રૂર રીતે મજાક કરી છે. છેલ્લા એક અઠવાડિયામાં સૌરાષ્ટ્રમા ચાર ખેડૂતોએ આત્મહત્યા કરી છે ત્યારે સરકારના પેટમાં પાણી નથી હલતું તે દુ:ખદ છે, જ્યાં સુધી સરકાર ખેડૂતોનું સપૂર્ણ દેવુ માફ નહીં કરે ત્યાં સુધી કૉંગ્રેસ આંદોલનો ચાલુ રાખશે. આ સરકારને માત્ર ઉદ્યોગપતિઓ જ દેખાય છે એટલે જ એમના કરોડના દેવા માફ કરે છે અને ખેડૂતોની સામે પણ નથી જોતી તે શર્મજનક છે, તેમ તેમણે જણાવ્યું હતું. આ સાથે ફરી આઠ માગણીની સરકારને યાદ અપાવી હતી. કૉંગ્રેસે ૧૧ જિલ્લાને આવરી લેતી યાત્રા શરૂ કરી છે. ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદને લીધે ખેડૂતોને પારાવાર નુકસાન ગયું છે ત્યારે સરકારે જાહેર કરેલું રૂ. ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ અપૂરતું હોવાનો આક્ષેપ કૉંગ્રેસ કરી રહી છે. ■

# અંજારમાં માત્ર ૧૫ વર્ષની કિશોરીએ કરી આત્મહત્યા, કારણ અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના અંજાર તાલુકાના દબડા-રાઘવનગર વિસ્તારમાં રહેનારી શ્રુતિ દશરથગિરિ ગોસ્વામી (ઉ.વ.૧૫) નામની કિશોરીએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી,

અંજાર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના રાઘવનગરમાં રહેનાર શ્રુતિએ ગત રવિવારે સવારે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પંખામાં સાડી બાંધીને ગળે ટુંપો ખાઈ જીવન સમાપ્ત કરી નાખ્યું હતું. નાની વયમાં કિશોરીએ શા માટે અંતિમ પગલું ભર્યું તે જાણવા હાલ તપાસ શરૂ કરી દેવાઈ હોવાનું અંજાર પોલીસે ઉમેર્યું હતું.

બીજી તરફ, આદિપુર શહેરના ટી.ડી.એક્સ.વિસ્તારમાં અપમૃત્યુનો બનાવ બન્યો હતો જેમાં અહીં મકાન નંબર ૨૬૪માં રહેનાર તેજભારતી નામના વૃદ્ધ ગત સાંજે પોતાના ઘરે હતા, દરમ્યાન કોઈ કારણોસર અન્ડરગ્રાઉન્ડ પાણીના ટાંકામાં પડી જતાં ડૂબી જવાથી તેમણે પોતાનો જીવ ખોયો હતો. ■

# વિદ્યાર્થિની સાથે અડપલાં કરનારા ટ્યૂશન ટીચરને પાંચ વર્ષની સખત કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજના માધાપરમાં ધો. ૬માં અભ્યાસ કરતી ૧૧ વર્ષની વિદ્યાર્થિની સાથે ખાનગી ટ્યૂશન ક્લાસિસના સંચાલક અબ્બાસ ખબીર મંડલ (ઉ.વ.૬૫, રહે. મૂળ પશ્ચિમ બંગાળ હાલે માધાપર)એ શારીરિક અડપલાં સાથે જાતિય છેડછાડ કરી હોવાનો ગુનો ૧૧ મહિના પહેલા નોંધાયો હતો. આ ગુનામાં અબ્બાસ ખબીર મંડલને પાંચ વર્ષની સખત કેદ તથા રૂ. ૮૫ હજારનો દંડ ફટકારી ધાક બેસાડતો ચુકાદો અદાલતે આપ્યો છે.

છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી સગીરા માધાપરના રહેણાંક વિસ્તારમાં આવેલા એક ટ્યૂશન ક્લાસમાં જતી હતી. અહીં ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ તે ક્લાસમાં એકલી હોવાથી તેની એકલતાનો લાભ લઈ તેની શિક્ષક અને સંચાલક અબ્બાસ ખબીર મંડલે તેની સાથે અડપલાં કર્યા હતા અને કોઈને કહ્યું તો મારી નાખશે, તેવી ધમકી આપી હતી.

આ ચોંકાવનારી બાબતે સગીરાના વાલીએ માધાપર પોલીસ મથકે ફરિયાદ દાખલ કરતાં પોલીસે પોક્સો, છેડતી જેવી વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી તપાસના અંતે પી.આઇ. ડી. એમ. ઝાલાએ ચાર્જશીટ તૈયાર કરી અદાલતમાં મૂકી હતી. આ કેસ ભુજની અદાલતમાં સ્પેશિયલ જજ જે. એ. ઠક્કર સમક્ષ ચાલી જતાં સાત દસ્તાવેજી પુરાવા તથા આઠ સાક્ષી તપાસી જુદી જુદી કલમમાં આરોપી અબ્બાસ મંડલને તકસીરવાન ઠેરવી કુલ મળીને પાંચ વર્ષની સખત સખ્ત કેદ તથા રૂ. ૮૫ હજારનો દંડ ફટકાર્યો હતો.

આ ઉપરાંત ભોગ બનનારને એક લાખ રૂપિયાનું વળતર ચૂકવવા માટે ડી.એલ.એસ.એ.ને ભલામણ કરવા તેમજ આ સગીરાના જીવન તથા શિક્ષણ સારી રીતે પુન:સ્થાપિત થાય તેની કાળજી લઇ યોગ્ય માર્ગદર્શન આપવા સી.ડબલ્યુ.સી. તથા ડી.સી.પી.યુ.ને હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી તરફે મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ. બી. જાડેજા હાજર રહ્યા હતા. ■

# સૌરાષ્ટ્રમાં શિયાળો જામ્યો: અમરેલી બન્યું સૌથી ઠંડુંગાર શહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કમોસમી માવઠાના કહેર બાદ નવેમ્બર મહિનાથી ઠંડક પ્રસરી છે, પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી શિયાળો ધીમે ધીમે જામતો હોય તેમ લાગી રહ્યું છે. સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં સારી એવી ઠંડી અનુભવાઈ રહી છે. વહેલી સવાર અને મોડી રાત્રે ભારે ઠંડીનો અનુભવ થાય છે જ્યારે દિવસ દરમિયાન પણ પંખો કે એસી લાંબો સમય ચાલુ કરવાની જરૂર વર્તાતી નથી.

સૌરાષ્ટ્રનાં શહેરોની વાત કરીએ તો અમરેલી સૌથી વધારે ઠંડુગાર રહ્યું હતું. અહીં બે દિવસથી લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું. રાજકોટનું ૧૪.૮ ડિગ્રી, ભાવનગરમાં ૧૭ ડિગ્રી, પોરબંદર ૧૭ ડિગ્રી, વેરાવળ ૨૦, દીવ ૧૬ ડિગ્રી, સુરેન્દ્રનગર ૧૭ ડિગ્રી અને કેશોદ ૧૬ ડિગ્રીએ ઠર્યું હતું. કચ્છના નલિયામાં ૧૫, ભુજ અને કંડલામાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન ખાતાની આગાહી અનુસાર આવનારા દિવસોમાં પણ ઠંડીનું વાતાવરણ યથાવત્ રહેશે. ■

# અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે અડધો ખુલ્લો અડધો બંધ: વાહનચાલકોને પરેશાની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરથી અમદાવાદ જતા અને ધોલેરા-અમદાવાદ એક્સપ્રેસ વેનો ઉપયોગ કરતા મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે કારણ કે આ રૂટ સત્તાવાર રીતે જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો નથી. અમદાવાદ તરફ ઘણા કિલોમીટરની મુસાફરી કર્યા પછી, ઘણા વાહનચાલકોને પાછા ફરવાની ફરજ પડી છે કારણ કે પીપલી અને વેજલકા ઇન્ટરચેન્જ આંશિક રીતે કાર્યરત છે, તેમ વાહનચાલકો જણાવી રહ્યા છે.

અગાઉ લોકો પીપલી અને ફેદરા થઈને બગોદરા હાઇવે અને પછી અમદાવાદ પહોંચવા માટે જૂના રૂટનો ઉપયોગ કરતા હતા. નવા એક્સપ્રેસ વે સાથે મુસાફરો પીપલીથી વેજલકા ઇન્ટરચેન્જ તરફ મુસાફરી કરી શકે છે અને સીધા એસપી રિંગ રોડ સાથે જોડાઈ શકે છે. જો કે, એક્સપ્રેસ વે સત્તાવાર રીતે પૂર્ણ થયો ન હોવાથી, અધિકારીઓ દ્વારા કોઈપણ સત્તાવાર માહિતી વિના, ઇન્ટરચેન્જ ખોલવામાં અને બંધ કરવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો વાહનચાલકો કરી રહ્યા છે.

પ્રવાસીઓના જણાવ્યા અનુસાર પ્રશાસન ધોલેરા એક્સપ્રેસ-વે મનફાવે તે રીતે ખોલે છે અને બંધ કરે છે. ભારે ટ્રાફિક હોય છે, પરંતુ તેઓ રસ્તાની વચ્ચે ડિવાઇડર અને બેરકેડ્સ મૂકે છે. જો તેઓ રસ્તો બંધ રાખવા માંગતા હોય, તો તેમણે તેને સંપૂર્ણપણે બંધ કરવો જોઈએ અથવા તેને યોગ્ય રીતે ખોલવો જોઈએ. જનતાને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ધોલેરા-અમદાવાદ એક્સપ્રેસ-વેના પ્રોજેક્ટના સૂત્રોએ મીડિયા સાથે વાત કરતા સાઇનેજ, ડિવાઇડર પેઇન્ટિંગ અને અન્ય નાના કાર્યો જેવા ફિનિશિંગ કામો હજુ પણ ચાલુ છે અને ૧૫ નવેમ્બર સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. પીપલીથી આગળનો ભાગ હજુ સુધી સામાન્ય ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો નથી. જોકે બાંધકામ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વાહનો તેનો ઉપયોગ ચાલુ રાખે છે. જોકે મુંબઈ સમાચાર દ્વારા અધિકારીનો સીધો સંપર્ક થઈ શકયો નથી. ■

# પૈસા બમણા કરવાની લાલચ આપી ફ્રોડ કરતા ચાર જણ સામે ફરિયાદ, સૂત્રધારની શોધખોળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવગનર જિલ્લાના તળાજા અને પાલિતાણા, બોટાદ જિલ્લાના ગઢડા અને અમદાવાદના એક, એમ કુલ ચાર જણ સામે બોટાદ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ફરિયાદ નોંધવામાં આવી હતી. ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૧૭(૨),૩૧૭(૪),૫૪ મુજબ સબ.ઇન્સ્પેક્ટર વી.ઝેડ.જાદવ દ્વારા અલીરજા શબ્બીરઅલી માધવાણી (ગઢડા), સમીર સાદિકબાહી સૈયદ (પાલીતાણા) મહમદતકી માસુમઅલી રાજાણી (તળાજા) અને અબ્બાસ યાસીનભાઈ ખેતાણી (અમદાવાદ) વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

આ કેસની તપાસ સાયબર ક્રાઈમના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જી. ચૌધરી તપાસ ચલાવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે તમામ આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. જેમાં આજ સુધીમાં ૪૨ કરોડ રૂપિયાના આર્થિક ખોટા વ્યવહાર બહાર આવ્યા છે. જોકે તમણે જણાવ્યું હતું કે ગઢડાનો યુવાન માત્ર પ્યાદુ છે, ત્રણ આરોપીઓ તેમના ખાતામાં રૂપિયા નખાવતા હતા. ડી.બુલ નામની એપ્લિકેશન ના માધ્યમથી બમણા રૂપિયા ની લાલચ આપી લોકોને ફસાવતા હતા. ઇન્વેસ્ટમેન્ટ કરાવતા હતા. એપ્લિકેશનમા રૂપિયા વધી રહ્યા છે તેવું પણ રોકાણકારો ને દેખાડતા હતા. જયારે પૈસા ઉપાડવાનું થાય ત્યારે ત્યારે સર્વર ધીમું છે, ફી ભરવાની છે, તેમ અલગ અલગ બહાને રૂપિયા પડાવી ને છેતરપિંડી આચરતા હતા.પોલીસ માની રહી છે કે તળાજા, પાલીતાણા અને અમદાવાદના ઈસમો પણ પ્યાદા છે. મુખ્ય સૂત્રધાર કોણ છે તેના સુધી પહોંચવા માટે ઇન્ટરનેટ મોબાઈલના ડેટાના આધારે તપાસ ચાલી રહી છે. પોલીસે તમામના બૅન્ક એકાઉન્ટ, તેમની વિગતો સહિતના દસ્તાવેજી સાહિત્ય મેળવ્યું છે અને આ ફ્રોડમાં વિદેશ કનેક્શન છે કે નહીં તેની તપાસ પણ કરવામાં આવી રહી છે. તપાસનીશ અધિકારી જગદીશ ચૌધરીએ જણાવ્યું હતું કે સાયબર ફ્રોડ, હવાલા કાંડના વધતા જતા ગુના પર રોક લગાવવા માટે તંત્ર વધુ અલર્ટ બન્યું છે.

બૅન્ક એકાઉન્ટ દ્વારા કોના ખાતામાં કેટલા ક્યારે રૂપિયાનું ટ્રાન્જેક્શન થઈ રહ્યું છે તેવી બાબતો પર હવે નજર રાખવામાં આવી રહી છે. આ તમામ પ્રકરણમાં બહુ મોટું રેકેટ બહાર આવી શકે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી. ■

# શુક્રવારથી રાજકોટ-પોરબંદર વચ્ચે બે નવી ટ્રેન દોડશે, સૌરાષ્ટ્રના ચાર જિલ્લાને લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના બે શહેરો અને સૌરાષ્ટ્ર અને દક્ષિણ તેમ જ ઉત્તર ગુજરાતના શહેરોને જોડતી રેલવે સેવાની ઘણી માગ રહે છે. એક શહેરથી બીજા શહેર જવા માટે મોટાભાગે લોકો એસટી અથવા ખાનગી બસસેવા પર નિર્ભર છે ત્યારે સૌરાષ્ટ્રવાસીઓ માટે ઘણા સારા સમાચાર છે. આગામી ૧૪મી નવેમ્બર, ૨૦૨૫ એટલે કે શુક્રવારથી પોરબંદર અને રાજકોટ વચ્ચે બે નવી ટ્રેન દોડતી થશે. આ સેવાની જાહેરાત થોડા સમય પહેલા રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ દ્વારા કરવામાં આવી હતી. હવે શુક્રવારથી બન્ને સેવાઓનો લાભ પ્રવાસીઓ લઈ શકશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. આ સેવા શરૂ થતાં રાજકોટ, પોરબંદર સાથે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાને પણ લાભ થશે.

નવી પ્રારંભ થઇ રહેલી ટ્રેનને ૧૪ નવેમ્બરે લીલી ઝંડી આપવાની સાથે કેન્દ્રીય પ્રધાન ડો. મનસુખભાઈ માંડવિયા, રાજ્ય કેબિનેટ પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયા, સાંસદ સભ્ય પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સભ્ય રામભાઈ મોકરિયા સહિતના મહાનુભાવો રાજકોટથી પોરબંદરની ટ્રેનમાં મુસાફરી કરશે.

કેન્દ્રીય પ્રધાન ડો.માંડવિયા એ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં રેલ સેવામાં વધારો એટલે આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવાનો અને આ વિસ્તારમાં કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવાનો છે. આર્થિક ગતિ વિધિઓ સુધારવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેકિટવિટી ખૂબ જરૂરી છે. રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ઊભી થનાર આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનું જીવન આસાન થશે સાથે જ વ્યાપાર, વાણિજય અને પ્રવાસનને પણ ખૂબ મોટી ગતિ મળશે. ■